શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

શ્રી કચ્છી સમાજ
અમદાવાદ

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૦મું
નવેમ્બર : ૨૦૧૭ ● અંક : ૫
પાના નં. ૧ ● (કુલ પેજ : ૫૨)

૧૫ નવેમ્બર, ૨૦૧૭ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧૧-૨૦૧૭ કિંમત : રૂા. ૧૮/-







## સ્થાપના દિન પ્રસંગે
## ભુજ શહેરની એક ઝાંખી...

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૯૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી



SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR

PATIDAR PACKERS PVT. LTD.

Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.

Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
શ્રી લોહાણા મહાપરિષદ
અખિલ ગુજરાત લોહાણા સમાજ
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી દાબેલી સેન્ટર



આપશ સ્વાદ... હર પલ યાદ...

Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV
GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૨ ● અંક - ૫
૧૫ નવેમ્બર, ૨૦૧૭

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

**તંત્રી લેખ**
● કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની પરિસ્થિતિ ........ **અશોક મહેતા**....૪

**પ્રાસંગિક**
● કચ્છ જિલ્લાનું પાટનગર – ભુજ ........ **આલેખક : રામસિંહજી કા. રાઠોડ**....૭

**કચ્છ**
● હમીરસર – તારાં બે ચિત્રો ........ **મધુસુદન પ્રા. ભટ્ટ**....૯
● કચ્છજી કમાલ (કાવ્ય) ........ **કમલા અશ્વિન ચંદન 'કપિલા'**....૧૦
● બન્નીની મેઘલી ઋતુ અને લોકજીવનનું અપ્રગટ સૌંદર્ય ........ **કલાધર મુતવા**....૧૧

**સાંપ્રત**
● બુલેટ ટ્રેઈન – (૨)
જાપાન-ભારતના સહયોગના અંદર અને બહારના કારણો ........ **પ્રવીણચંદ્ર શાહ**....૧૩

**વિચાર મંથન**
● વસતીની સમતુલા ખરેખર ખોરવાઈ રહી છે? ........ **ડૉ. યાસીન દલાલ**....૧૫

**માન્યતા**
● બદલાતી સંસ્કૃતિઓ ........ **મુરજી ગડા**....૧૭

**પરિવહન**
● દહેજ-ઘોઘા રો-રો ફેરી સર્વિસની સફળતા પર આધારિત
આ નવીન પરિવહન પ્રણાલીનું ભવિષ્ય..... **વી.જે. ઠાકર,** નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક....૨૧

**અતીતમાં નજર**
● અતીતની અટારીએથી – ૭ ........ **ભાવાનુવાદ : ભરત ભટ્ટ**....૨૩

**દેશદાઝ**
● ...તો દેશના ભાગલા ન પડ્યા હોત ........ **યશવંત મહેતા**....૨૬

**છત્રછાયા**
● રખ લો આઈને હજાર તસલ્લી કે લિયે, પર સચ કે લિયે તો... ........ **ભોલાભાઈ ગોલીબાર**....૨૯

**સ્વાસ્થ્ય**
● મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ ........ **ડૉ. મણિલાલ ગડા,** મનોચિકિત્સક....૩૦
**ડૉ. દિપ્તી શાહ (ગડા)** મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક

**વાર્તા**
● વાતવાતમાં : મનુભાઈની સ્કૂટર ચાલે... ........ **બલવીરસિંહ જાડેજા**.....૩૨
● એ.. આવજો...! ........ **નવીન ત્રિપાઠી 'અલ્પ'**.....૩૪

**સ્ફૂર્તિ**
● શિયાળાની સવાર આનંદદાયક હોય છે.. ........ **ડૉ. મિહિર એમ. વોરા**.....૩૬

**વિવિધતા**
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૩૭
● શબ્દ શોધ : ક્રમાંક - ૬૬ ........ **...પ્રદીપ જોશી**....૪૦
● વિવિધ માહિતી ........ ૪૧

**મેઘ ધનુષ**
● ક્યારે પૂરું થવાનું? : **'આરસી' શાહ** ● કિનારે કિનારે : **મણિલાલ ડી. રૂઘાણી** ......૪૪
● અસંભવ : **હરેશ પ્રેમજી રાજગોર** ● દીવડા (ગઝલ) : **રમેશચંદ્ર વૈદ્ય** ..............૪૪

## વિભાગ-૨ :-

● પરિવાર સમાચાર ........ ૪૭
● સમાજ સમાચાર ● શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૪૯

તંત્રીલેખ

# કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની પરિસ્થિતિ



અશોક મહેતા

*સમગ્ર ગુજરાતની સરદાર સરોવર નર્મદા યોજનાની અત્યાર સુધીની પ્રગતિ વિશેની હકીકતો 'કચ્છશ્રુતિ'ના ઓક્ટોબર-૨૦૧૭ના અંકના તંત્રીલેખ દ્વારા રજૂ કરવામાં આવેલ હતી. આ યોજના અંતર્ગત આજે આપણે કચ્છ બ્રાંચ કેનાલની પ્રગતિ વિશે ચર્ચા કરીશું.*

*ગુજરાતમાં અલગ અલગ જિલ્લાઓમાં નર્મદા નદીના સિંચાઈના પાણી પહોંચાડવા એક મુખ્ય કેનાલ - નર્મદા કેનાલ બનાવવામાં આવેલ છે કે જેની લંબાઈ નવાગામ ડેમથી રાજસ્થાનની હદ સુધી ૪૮૫ કિ.મી. છે. મુખ્ય કેનાલમાંથી ૩૧ જેટલી બ્રાંચ કેનાલો નીકળે છે કે જેના દ્વારા ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આ પાણી પહોંચે છે. આ ૩૧ બ્રાંચ કેનાલોમાંથી કચ્છ બ્રાંચ કેનાલોના કામો સૌથી છેલ્લે ચાલુ કરી શકાયા કે જેની પાછળ ભૂતકાળમાં વિવિધ કારણો હતા. આ નર્મદા મુખ્ય કેનાલની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી.થી એટલે કે બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી ૨૨૦ ક્યુમેક્સની કેપેસિટીવાળી કચ્છ બ્રાંચ કેનાલ શરૂ થાય છે જેની લંબાઈ કચ્છના માંડવી તાલુકાના મોડકુવા ગામ સુધી ૩૫૭ કિ.મી.ની છે. આ કેનાલ તેની લંબાઈના પ્રથમ ૧૦૫ કિ.મી. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ વગેરે જિલ્લામાંથી પસાર થાય છે, જ્યારે તેના બાકીના ૨૫૨ કિ.મી. કચ્છમાંથી પસાર થાય છે. કચ્છમાં તે રાપર તાલુકાના ફતેહગઢ ગામ પાસેથી દાખલ થાય છે કે જ્યાં તેની કેપેસિટી ૧૭૮ ક્યુમેક્સની કરવામાં આવેલ છે. માંડવીના મોડકુવા પાસે તેની કેપેસિટી ૬૦ ક્યુમેક્સની રહેવા પામશે. તદુપરાંત તેમાંથી ૩ શાખા નહેરો આયોજનમાં લેવાયેલ છે : (૧) ગાગોદર સબ બ્રાંચ કેનાલની લંબાઈ ૫૮ કિ.મી., (૨) વાંઢિયા સબ બ્રાંચ કેનાલની લંબાઈ ૨૩ કિ.મી. અને (૩) દૂધઈ સબ બ્રાંચ કેનાલની લંબાઈ ૭૨ કિ.મી.ની રાખવામાં આવેલ છે.*

*ખૂબ જ લાંબા વિવાદ પછી કચ્છ બ્રાંચ કેનાલના પ્રથમના ૫૫ કિ.મી. લંબાઈના બનાસકાંઠા વિભાગના અને ૨૦ કિ.મી. લંબાઈના કચ્છ વિભાગના એમ કુલ્લે ૭૫ કિ.મી. લંબાઈના અને રૂા. ૨૫૦ કરોડની કિંમતના વિવિધ પ્રકારના પાંચ ટેન્ડર બહાર પાડી તેના કામ વર્ષ ૨૦૦૫માં શરૂ કરાવવામાં આવ્યા પરંતુ આ કામો ધારી ઝડપે આગળ વધી શક્યા નહીં. ત્યારબાદ વર્ષ ૨૦૦૯માં નર્મદા નિગમના ચેરમેન તરીકે શ્રી ડી. રાજગોપાલનની, મેનેજિંગ ડાયરેક્ટર તરીકે શ્રી એસ. જગદીશનની અને અન્ય અધિકારીશ્રીઓની નિમણૂંક કરવામાં આવી. વર્ષ ૨૦૧૦માં કચ્છમાંથી શ્રી મૂકેશભાઈ ઝવેરીની નર્મદા નિગમના ડાયરેક્ટરપદે વરણી કરવામાં આવી. આ બધા પગલાના ફળસ્વરૂપે કચ્છ બ્રાંચ કેનાલના કામોમાં તેજી આવવા લાગી. ત્યારબાદ એકધારી ઝડપે આ કામો આગળ વધતા રહ્યા છે અને તેના પરિણામો હવે પછીના તરતના વર્ષોમાં કચ્છની જનતાને દૃષ્ટિગોચર થઈ શકવાના.*

*એક તરફ કેનાલના વાગડ વિભાગના કાર્યો પર વાગડ વિભાગના ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતા પૂરતું લક્ષ આપી રહ્યા છે તો અન્ય તરફ શ્રી મૂકેશભાઈ ઝવેરી નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે પોતાની જવાબદારી પૂરેપૂરી નિભાવી સમગ્ર કેનાલની લંબાઈમાં આવતા જમીનના પ્રશ્નો વિશે તાતી નજર રાખી તેના નિરાકરણમાં સારી એવી જહેમત લઈ રહ્યા છે. નર્મદા નિગમમાં કામ કરતા સ્ટાફના કચ્છી સભ્યો અને કચ્છી એન્જિનિયરો તેમજ અન્યો પણ હકારાત્મક અભિગમ દાખવી આ યોજનાના કાર્યોને એકધારી ઝડપે આગળ વધારી રહ્યા છે. પરિણામ સ્વરૂપે કચ્છ બ્રાંચ કેનાલ અને તેની સબ બ્રાંચ કેનાલના કામો તો હાથ પર લેવાયેલ છે પરંતુ સાથે સાથે ડિસ્ટ્રીબ્યુટરી, માઈનોર અને સબ માઈનોરના આયોજનો ગોઠવીને તેના કામો પણ ચાલુ કરાવી દેવામાં આવેલ છે. જેના પરિપાક સ્વરૂપે કદાચ*

સમગ્ર ગુજરાત કરતાં અહીં સંપૂર્ણપણે વિપરીત પરિસ્થિતિનું નિર્માણ થવાની પૂરેપૂરી શક્યતા રહે છે. આ વિગતનો મતલબ એ થયો કે કેનાલ, સબ કેનાલ વગેરેના બાંધકામ સાથે ખેતરો સુધી આ પાણી પહોંચાડવાના આયોજનો કચ્છ વિભાગ દ્વારા હાથ પર લેવાઈ રહેલ છે. આ વિગતો સંપૂર્ણપણે હકારાત્મક અભિગમના દર્શન કરાવે છે. આ કાર્યમાં નર્મદા નિગમની ગાંધીનગર ઓફિસનો તથા ગુજરાત સરકારશ્રીનો પણ પૂરેપૂરો સહયોગ સાંપડી રહેલ છે.

ગત લેખમાં આપણે જોયું કે મુખ્ય બ્રાંચ કેનાલની સાથે સાથે સબ બ્રાંચ કેનાલ, ડિસ્ટ્રીબ્યુટરી, માઈનોર, સબ માઈનોર વગેરે પ્રકારની કેનાલોના કાર્યો ન થઈ શકવાના કારણે રૂા. ૪૬,૦૦૦ કરોડના ખર્ચ પછી અને આ યોજનાના ૩૫ વર્ષના સમયગાળા પછી પણ સમગ્ર ગુજરાતની ૪૫ લાખ એકર જમીનના બદલે માત્ર ૮ લાખ એકર જેટલી જમીનમાં જ પાણી પહોંચાડી શકાયા છે. તેનાથી બિલકુલ વિપરીત પરિસ્થિતિ કચ્છમાં નિર્માણ પામી રહી હોય તેવું દેખાય છે, જે સરાહનાને લાયક છે. આ યોજનાની કચ્છ બ્રાંચ મુખ્ય કેનાલની સાથે સાથે શાખા, પ્રશાખા, વિશાખા વગેરે કેનાલના કામ થકી મુખ્ય કેનાલનું કામ પૂર્ણ થતાની સાથે સાથે અને આયોજન મુજબ કચ્છની ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં પાણી પહોંચાડી શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થતું દેખાય છે. આ માન્યતા પાછળના સંગીન કારણો નીચેના મુદ્દાઓના વાંચનથી ખ્યાલ આવી જશે કે જે નર્મદા નિગમની કચ્છ શાખા દ્વારા બહાર પાડવામાં આવ્યા છે.

૧. કચ્છ બ્રાંચ કેનાલના ૦ થી ૮૨ કિ.મી. લંબાઈના કાર્યો આ અગાઉ લગભગ વર્ષ ૨૦૧૨-૧૩ સુધી પૂરા કરી દેવામાં આવ્યા છે અને તે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ વગેરે જિલ્લાના છે.

૨. ૮૨ કિ.મી. (મહુત્રા)થી ૨૧૪ કિ.મી. (ટપ્પર ડેમ) સુધી ૧૩૨ કિ.મી. લાંબી કેનાલના રૂા. ૧૦૩૧ કરોડની કિંમતના કામો પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

૩. ૨૧૪ કિ.મી. (ટપ્પર ડેમ)થી ૩૫૭ કિ.મી. (મોડકુવા) એટલે કે ૧૪૩ કિ.મી.ની લંબાઈના કેનાલના કામો રૂા. ૧૦૧૦ કરોડના ખર્ચે હાલે ચાલુ છે કે જેમાંથી રૂા. ૭૧૩ કરોડના કામો થઈ ગયેલ છે અને રૂા. ૨૯૭ કરોડના કામો બાકી છે કે જે માર્ચ-૨૦૧૮ સુધીમાં પૂરા કરવાની ધારણા છે. આ લંબાઈમાં ગાંધીધામ તાલુકાના શિણોય ગામની જમીનનો પ્રશ્ન ઉકેલવાનો બાકી રહે છે કે જેના કારણે આ કાર્ય પૂરું કરવાની મુદત થોડી લંબાઈ શકે.

૪. ટપ્પર ડેમથી નીચાણવાળા ભાગમાં ૧૮૦૦ મીટરની લંબાઈનું કેનાલ સાયફનનું કામ રૂા. ૧૩૪ કરોડના ખર્ચે પૂરું કરી દેવામાં આવેલ છે.

૫. ૫૮ કિ.મી. લંબાઈની ગાગોદર સબ બ્રાંચ કેનાલના કામો રૂા. ૨૧૭ કરોડના ખર્ચથી ફાળવી દેવામાં આવેલ છે કે જેમાંથી રૂા. ૧૧૦ કરોડની કિંમતના કામો પૂરા કરી દેવામાં આવેલ છે અને બાકીના કામો માર્ચ-૨૦૧૮ સુધીમાં પૂરા કરી દેવાની ધારણા રાખવામાં આવેલ છે.

૬. ૨૩ કિ.મી. લંબાઈની વાંઢિયા બ્રાંચ કેનાલના કામો રૂા. ૪૧ કરોડના ખર્ચથી ફાળવી દેવામાં આવેલ છે કે જેમાંથી રૂા. ૩૬ કરોડના કામો પૂરા કરી દેવામાં આવેલ છે અને બાકીના કામો માર્ચ-૨૦૧૮ સુધીમાં પૂરા કરી દેવાની ધારણા રાખવામાં આવેલ છે.

૭. ૭૨ કિ.મી. લંબાઈની દૂધઈ સબ બ્રાંચ કેનાલને બન્ની સુધી લંબાવી, તેની લંબાઈ ૧૦૦ કિ.મી.ની કરવાની ગણનાએ તેના પ્રથમ ૨૩ કિ.મી. લંબાઈના રૂા. ૨૪૦ કરોડની કિંમતના કામો કરવાની એજન્સી નક્કી કરી લેવામાં આવેલ છે અને તા. ૧૬-૧૦-૨૦૧૭થી એ કામો શરૂ કરી દેવામાં આવેલ છે. બાકી રહેતી ૭૭ કિ.મી. લંબાઈની કેનાલના ટેન્ડરો માર્ચ-૨૦૧૮ સુધી બહાર પડી જાય તેવી ગણના રાખવામાં આવેલ છે.

૮. રાપર - ભચાઉ તાલુકામાં ડિસ્ટ્રીબ્યુટરી, માઈનર અને સબ માઈનર કેનાલ માટે રૂા. ૪૦૮ કરોડના કામો મંજૂર થઈ ગયેલ છે. તેમાંથી રૂા. ૨૫ કરોડના કામો પૂર્ણ પણ થઈ ગયેલ છે. ઓક્ટોબર-૨૦૧૮ સુધીમાં બાકીના કાર્યો પૂરા કરવાની ગણના રાખવામાં આવેલ છે.

૯. ભચાઉ, અંજાર, ગાંધીધામ, મુંદ્રા અને માંડવી તાલુકાની ડિસ્ટ્રીબ્યુટરી, માઈનોર અને સબ માઈનોર કેનાલોના રૂા. ૩૬૪ કરોડની કિંમતના ટેન્ડરો બહાર પાડી દેવામાં આવેલ છે. આ કામો જાન્યુઆરી-૨૦૧૮ સુધીમાં શરૂ કરવા અને માર્ચ-૨૦૧૯ સુધીમાં પૂરા કરાવવાના આયોજનો વિચારાયેલ છે.

૧૦. ૦ થી ૮૨ કિ.મી.ની કેનાલની બંને બાજુના ડામરના રસ્તા અગાઉ બનાવી દેવામાં આવેલ છે, જ્યારે ૮૨ કિ.મી. (મદ્રુત્રા)થી ૧૯૦ કિ.મી. (ભચાઉ) સુધી બંને બાજુએ ડામરના રોડ બનાવવાના રૂા. ૬૪ કરોડની કિંમતના કામો અપાઈ ગયેલ છે અને ઓક્ટોબર-૨૦૧૮ સુધીમાં આ રસ્તાઓ પૂરા કરવાના આયોજનો નક્કી કરવામાં આવેલ છે.

૧૧. આ રીતે કચ્છ શાખા નહેર, તેની પેટા કેનાલો, ૩ પમ્પિંગ સ્ટેશનોની બાકી રહેતી કાર્યવાહી, એક મોટી સાઈઝનું સાયફન અને કેનાલની બંને બાજુના ડામર રોડ પૈકી સપ્ટેમ્બર-૨૦૧૭ સુધીમાં કુલ રૂા. ૪૫૧૩ કરોડના ચાલુ કામો પૈકી રૂા. ૨૬૬૯ કરોડના કામો પૂર્ણ થઈ ગયેલ છે અને બાકી રૂા. ૧૮૪૪ કરોડના કામો ચાલુ છે જે મોટાભાગે ઓક્ટોબર-૨૦૧૯ સુધીમાં પૂરા કરાવવાના આયોજનો છે.

૧૨. અન્ય તરફ નર્મદા નિગમના અધિકારીશ્રીઓએ જાતે પાણી મંડળી બનાવવાની પ્રક્રિયા હાથ પર લીધેલ છે અને તેની કાર્યવાહી આગળ ચલાવી રહેલ છે કે જેથી આ પાણી મંડળીઓ દ્વારા ખેતરે ખેતરે પાણી પહોંચતા કરી શકાય.

નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ ૦.૫ એમ.એ.એફ. પાણીના કાર્યો વિશેની ઉપરોક્ત વિગતો એ સૂચવે છે કે આવતા ૨-૩ વર્ષમાં આ પાણીથી આયોજન મુજબના ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ખેતી થઈ શકશે. કચ્છ વતી કામ કરતી સમગ્ર નેતાગીરી તથા કચ્છ બ્રાંચ કેનાલના અધિકારીશ્રીઓની સમગ્ર ટીમને આ બાબતે અભિનંદન આપવા ઘટે.

**આ તબક્કે કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીની કામગીરી બાબત પણ આપણે છણાવટ કરી લઈએ.**

આ કાર્ય માટે ગત બજેટમાં ગુજરાત સરકારશ્રી દ્વારા રૂા. ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે તેવી ધારણા રાખવામાં આવેલ હતી પરંતુ તેના બદલે બજેટમાં માત્ર રૂા. ૭૨ કરોડની ફાળવણી કરવામાં આવેલ હતી. આ સામે વર્ષ દરમ્યાન કચ્છના વિવિધ ધારાસભ્યશ્રીઓના દબાણના કારણે નીચે મુજબની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે.

૧. બન્ની વિસ્તારમાં નર્મદા નદીના વધારાના પાણી ભરી શકાય તે માટે રૂા. ૩૧૨ કરોડના ખર્ચે ૩ વિશાળ જળાશયો બનાવવાના આયોજનો વિચારાયેલ છે.

૨. કચ્છમાં વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી પહોંચાડવા આ લાઈન પર આવતા ત્રણેય પમ્પિંગ સ્ટેશનોમાં ૨૦-૨૦ ક્યુમેક્સના ૫-૫ પંપો બેસાડવા માટેના રૂા. ૬૮૧ કરોડના ખર્ચે મેઘા કંપનીને કામો અપાઈ ગયેલ છે તથા એ કામો ૧૮ મહિનામાં પૂરા કરાવવાનું આ કંપનીઓને જણાવી દેવામાં આવેલ છે.

૩. ટપ્પર ડેમમાંથી નીકળતી (૧) નોર્ધર્ન લીંક કેનાલ, (૨) સધર્ન લીંક કેનાલ અને (૩) હાઈ કન્ટુર સ્ટોરેજ લીંક કેનાલ માટે તા. ૧૫-૧૦-૨૦૧૭ના રોજ મળેલ કેબિનેટ મીટિંગમાં વહીવટી મંજૂરી આપી દેવામાં આવેલ છે. તે કામો માટેની નાણાંકીય જોગવાઈ માર્ચ-૨૦૧૮ના બજેટમાં કરી આ કામો ચાલુ કરાવી દેવાનું નક્કી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કાર્યવાહી કચ્છને ફાળવાયેલ વધારાના પાણી માટેની શુભ શરૂઆત કહી શકાય પરંતુ આ પ્રકારનો હકારાત્મક અભિગમ આવતા વર્ષોમાં ચાલુ રહે તો આ વધારાના પાણી થકી કચ્છની અંદાજિત બીજી ૧૦ લાખ એકર જમીનમાં ચોમાસા દરમ્યાન સુનિશ્ચિત ખેતી થઈ શકે.

આ પ્રશ્ને કાર્યરત ટીમને આપણે હકારાત્મક અભિગમ દાખવી, પ્રોત્સાહન પૂરું પાડીએ તો જરૂરથી આ કાર્યવાહી ઝડપી બની શકશે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

પ્રાસંગિક

# કચ્છ જિલ્લાનું પાટનગર – ભુજ

*કચ્છ જિલ્લાનું પાટનગર એટલે ભુજ, જે કચ્છનું મુખ્ય મથક છે અને ભૌગોલિક દૃષ્ટિએ કચ્છના મધ્ય ભાગમાં આવેલું છે. ભુજની સ્થાપના તા. ૬-૧૨-૧૫૪૯ને સંવત ૧૬૦૫ના માગશર સુદ છઠ્ઠના દિવસે થઈ હતી. તે સમયે કચ્છનો વિસ્તાર પૂર્વે વારાહી, દક્ષિણે મચ્છુ કાંઠો, ઉત્તરે નગરપારકર સુધી હતો. હાલમાં જિલ્લાની ઉત્તરે કચ્છનું મોટું રણ અને ત્યારબાદ પાકિસ્તાન છે. ડિસેમ્બર માસમાં ભુજ શહેરનો "હેપ્પી બર્થ ડે" આવે છે. તે અવસરે ભુજ શહેરની કેટલીક માહિતી સાથેનો લેખ અત્રે પ્રસ્તુત છે.*

*– તંત્રી મંડળ*

સર્વતંત્ર સ્વતંત્ર પ્રજાતંત્ર શાસનધારી હિંદનું કચ્છ એક મહાન સરહદી થાણું બન્યું. આપણા નૂતન રાષ્ટ્રની ઉપલી પશ્ચિમ સીમાનો પ્રાંત બનતાં મહાગુજરાતના કચ્છનું મહત્ત્વ ઘણું વધી ગયું. એ કચ્છનું ભુજ મુખ્ય શહેર છે.

ભુજનો પ્રાચીન ઇતિહાસ નાગવાર્તા સાથે સંકળાયેલો છે. ભેરીઆ ગારૂડી અને ભુજંગ નાગની એ દંતકથા કચ્છ, સૌરાષ્ટ્ર અને મારવાડમાં ઘેરઘેર પ્રચલિત છે. ભેરીઓ ભટ્ટ નાગ લોકોના દમનમાં મશગુલ હતો. કચ્છના ઉત્તર પ્રદેશમાં ત્યારે સંઘારીઓનું વર્ચસ્વ વધતું જતું હતું. જોકે હજુ આધિપત્ય બધે નાગ લોકોનું હતું. શેષપટ્ટણની સગઈ નામની સંઘારીએ કેટલાયે નાગ રાજાઓને મહાત કર્યા હતા, પણ ભુજંગ નાગ તેને વશ વર્ત્યો ન હતો. ભેરીઆ કુમારનાં પરાક્રમોથી મોહવશ બની સગઈ તેને જીવનસાથી તરીકે સ્વીકારવા તૈયાર થઈ અને ભુજંગ જેવા વિકરાળ વેરીને વશ કરવા તેની સહાયતા માંગી. પછી તો ભેરીઆ અને ભુજંગ વચ્ચે તુમુલ યુધ્ધ જામે છે. ભુજંગ નાસતો ફરે છે અને છેવટે એ સુરાષ્ટ્રથાન થી કચ્છના મધ્ય ભાગે આવી ડુંગરમાં ભરાય છે. અહીં એ સબળ બને છે, ભેરીઓ મ્હાત થાય છે ને સગઈ સતી બને છે.

અંતે એ ડુંગર ભુજંગિયા - ભુજિયા નામે ઓળખાઈ ભુજંગનું કાયમી વિશ્રામસ્થાન થઈ રહે છે. ત્યાં રહી ભુજંગ પોતાનો જાતિ સ્વભાવ બદલે છે ને લોકહિતના કંઈ કંઈ કાર્યો કરે છે. છેવટે લોકોમાં એ દેવ મનાઈ પૂજાય છે. ભેરીઆના વંશજો ગારૂડી બની રહે છે. પોતાના એ અસલી રાજવંશની નિશાની તરીકે આજે પણ નાગ નચાવતા ગારૂડિઓ માથે કલગી પહેરે છે.

આ ભુજંગદેવનું સ્થાનક ભુજિયામાં છે. દર વર્ષે શ્રાવણ સુદ-૫ ના રોજ લોકસમૂહ શ્રદ્ધાથી તેનું પૂજન કરે છે. ધાર્મિક ઉત્ક્રાંતિમાં 'નાગપૂજા'નો તબક્કો આજેય એ રીતે જેમનો તેમ ભુજિયામાં સચવાયેલો રહ્યો છે.

ચંદ્રવંશી રાઓ ખેંગારજી (પહેલા) પોતાની સત્તા કચ્છમાં પુનઃ સ્થાપિત કરતા ફરે છે ત્યારે ભુજિયાના પડોશની પ્રતાપી ભૂમિથી આકર્ષાઇ ત્યાં ગામ વસાવે છે. વિક્રમ સંવત ૧૬૦૫ના માગશર સુદ-૬ ના રોજ કચ્છની રાજધાની તરીકે ભુજને તોરણ બંધાયું. ભુજ વસ્યું ત્યારે તો ત્યાં માત્ર હમીરાઈ નામે એક તળાવડી, તેને કાંઠે હમીર રબારીની વાંઢ અને સાંઇ ઝિંદાનો કુબો હતો. એ હમીરાઇને સ્થળે વિકસેલા હમીરસરને કાંઠે આજનો ઝિંદાઆરો એ ઘટનાનું સ્મરણ સાચવે છે.

આમ, ભુજમાં જાડેજા કુળના રાજ્યની સ્થાપના થયા પછી બેવશ પડેલા કચ્છનું ઉત્તરોત્તર એકીકરણ થયું ને તેની એક અખંડ એકમ જેમ જમાવટ થતી ચાલી. એ રીતે એક થયેલા કચ્છમાં તેનું પોતાનું ચલણીનાણું પહેલવહેલું વ્યવહારમાં મૂકાયું ત્યારે સં. ૧૬૭૩માં ભુજની ટંકશાળમાં પહેલવહેલો કોરીનો સિક્કો છપાયો. સં. ૧૬૩૫ના ભયંકર દુકાળથી પાયમાલી થઈ, તે પછીના કેટલાયે કરવરા વરસોમાં અટવાતા અને સત્તાની બાંધછોડની અશાંતિમાં કરાંજતા કચ્છને તેની રાજધાની ભુજમાંથી જ સમયોચિત સહારો મળતો રહ્યો અને ભુજના જીવનનો એક સૈકો એ રીતે પૂરો થયો.

મુઘલ સમ્રાટ શહેનશાહ શાહજહાં કેદ થયો અને ઔરંગઝેબ દિલ્હીમાં તખ્તનશીન થયો ત્યારે ભયત્રસ્ત દારા આશ્રય શોધતો કચ્છમાં આવી ભરાયો. ભુજમાં એ જે સ્થળે રહેતો તે સ્થાન આજે પણ દારાવાડી નામે જાણીતું છે. આ અરસામાં ભુજમાં કવિ જબરનો ઉગમ થયો.

*કચ્છડેજી હાંઠી જેટી કમરજી દાંઠી,*
*ઈ જબરજી આખાણી તાતી તાંય માઠી.*

એ ઉક્તિમાં કચ્છની હાંઠીને કમલકાનન સાથે સરખાવી જબર પોતાની વાણીને પણ તેવી જોશીલી છતાંય મૃદુ

કહે છે. આવી આવેગભરી જનપદીય બોલીમાં ભુજના (રા રાયધણ પહેલા ૧૭૨૨થી ૫૪ના) દરબારમાં કચ્છની મૂર્છિત લોકશક્તિને કવિ ઢંઢોળે છે :

*ધરતી ધાંઈ કરે, ઉગેં તારા અભ,*
*કચ્છકાતી કામ કરે કડેં છડે ન પગ*
*અણિયારી ને વંકડી કાતી કટકાતી,*
*શૂરેંપૂરેંજે અંગતેં તંગ થૈ ચપકી*
*કુડં કમેં કપંધી લો અણી લપકી*
*ચે જબર ઈ મીંએ વિજ જીં વરકી.*

પોતાની આ વીર વાણીમાં કવિ જબર કચ્છની લોકશક્તિને 'કાતી'નું રૂપ આપી કહે છેઃ 'જ્યાં લગી આકાશમાં તારા ચમકે છે અને ધરતી અન્ન ઉત્પન્ન કરે છે ત્યાં લગી કચ્છની લોકશક્તિ એવી છે કે જે કદી હિંમત હારશે નહીં.' એમ ઉદ્‌બોધી જબર કહે છે કે, "કોઈ પાણીદાર 'કાતી' – લોખંડી શસ્ત્રોની વિનાશક શક્તિ જેવી તીવ્ર અને તેજસ્વી એવી આ અદમ્ય જનશક્તિ સર્વ કૂડાં કામોનો નાશ કરવા, ઘોર વાદળામાં જેમ વીજળી ચમકારા દે તેમ, શૂરાપૂરાઓનાં અંગમાં તરવરાટથી સદા જાગ્રત રહે છે."

આવી પ્રેરણા પી કચ્છનો જનસમાજ ગૌરવથી ઉન્નતમસ્તક થયો. કચ્છની સમુદ્રખેડુ તેની પૂર્ણ કક્ષાએ પહોંચી. 'સૂરજ-ચંદર'નો રક્તવર્ણો વાવટો ફરકાવતું કચ્ચનું વહાણવટું જોશમાં આવ્યું. પરદેશી વસાહતોમાં કચ્છની જમાવટ થઈ. ખાસ કરીને કચ્છી વેપારીઓ આફ્રિકાના હાથીદાંતને લવંગનો વેપાર કરતા થયા. ભુજમાં સમૃદ્ધિ ને સુખનો સંચાર થયો.

ભુજમાંથી વિસ્તરતી કચ્છની આ સત્તાનું જોર કચ્છ બહારની અમુક રાજસત્તાઓથી સાંખ્યું ગયું નહીં અને ભુજ સામે તેમના ડોળા ઘૂરકવા લાગ્યા. પરિણામે ભુજ ઉપર કેટલીક અસફળ ચડાઇઓ થઈ અને ભુજમાં અજંપાનું પગરણ થયું. રાજકર્તાઓમાં આપસમાં અસંતોષ ઉત્પન્ન થયો અને અરાજકતા આવી. આ સંજોગોનો લાભ લઈ રા રાયધણ (પહેલા)ના મૃત્યુ બાદ તેમના અગિયાર પુત્રોમાંથી ત્રીજા પુત્ર પ્રાગમલજીએ ભુજ પચાવી પાડ્યું. તેનાથી મોટા પુત્રના કુંવર કાંયાજીએ મોરબી કબજે કર્યું અને બીજાઓ જેને જે લાગ આવ્યું તે દબાવી બેઠા.

આ સમયે ભુજનું નૈતિક પતન થતું અટકાવ્યું દાદા મેકણે. હબામાં રહી તેમણે ભુજના નાગર ચકલામાં પણ તેમનો અખાડો સ્થાપ્યો અને ત્યાંથી ભુજની પ્રજામાં પ્રવર્તતા દાંભિક ધર્મનું ખંડન કરી, ઈશ્વરની સર્વવ્યાપકતાનો, સત્તા તથા ધનની ક્ષણભંગુરતાનો અને સર્વધર્મ સમભાવ તથા સેવાધર્મનો ઉચ્ચ તત્ત્વબોધ લોકભાષામાં ઉચ્ચારી તેમણે લોકોની નીતિમત્તાને ટકાવી રાખી. ઉપરાંત ભુજમાં તેમણે અછૂતોધ્ધારનું કાર્ય કર્યું.

રાવ પ્રાગમલજીના પૌત્ર દેશળજીના વારામાં કાંયાજીએ જૂનું વેર મનમાં રાખી અમદાવાદના સૂબા શેર બુલંદખાનને ભુજ પર ચડાઈ કરવા ઉશ્કેર્યો. સં. ૧૭૮૯માં ઇરાની શેરબુલંદ પચાસ હજારના સૈન્ય સાથે ભુજ પર ચડી આવ્યો અને ભુજિયા ઉપર હુમલો કરી તેના બે કોઠા પણ તેણે કબજે લીધા પણ છેવટે હારીને તે પાછો ફર્યો. આ યુદ્ધમાં ભુજનું રક્ષણ કરવામાં દીવાન દેવકરણે ઉત્તમ મુત્સદ્દીગીરીથી પૂરતી કુનેહ દેખાડી. યુદ્ધ પૂરું થતાં તેણે ભુજના આલમપનાહ ગઢ અને ભુજિયાગઢના અધૂરા કિલ્લાનું કામ પૂરું કરાવ્યું. ભુજમાં ફરી સુખશાતા ફરી વળ્યા. અને સં. ૧૮૦૫માં ભુજની સ્થાપનાનો બીજો સૈકો પૂરો થવા કાળે દેશળસરનું ભર્યું થયું તથા શિવરા મંડપ થયો. તેમાં દેશપરદેશનાં મહાજનો અને સંતોનું ભુજમાં દસ દિવસ લગી સ્નેહસંમેલન થયું.

પણ રા'દેશળના કુમાર લખપતજીનો ઉદાર સ્વભાવ ઉડાઉપણામાં પરિણમ્યો. તેમને નાણાંભીડ સતાવતી રહી. પોતાના જીવનની એ સ્વતંત્રતામાં આડખીલીરૂપ ધારીને તેમની ઉશ્કેરણીથી દીવાન દેવકરણનો ઘાત થયો. ભુજની સ્થિતિ ફરી ડામાડોળ બની રહી. આ સ્થિતિમાં પોતાના પિતા રા'દેશળને કેદ કરીને લખપતજીએ ભુજ સ્વાધીન લીધું.

શાસનધારીઓની પરસ્પરની આંતરિક ખટપટ સિવાય આ વખતે દેશમાં સર્વત્ર શાંતિ જળવાઈ રહી. ભુજના જનસમાજમાં કળા, સાહિત્ય અને સંસ્કારનો વિકાસ થઈ સંસ્કૃતિબળે સામાજિક ચેતના આવી. આ પ્રવૃત્તિને, કવિ અને રસિકહૃદયી રંગીલા રા'લખપતનું પ્રોત્સાહન મળ્યું. એ સમયે રામસંગ માલમ નામનો એક કળાધર હોલેન્ડ વગેરે પાશ્ચાત્ય દેશોથી કેટલાક હુન્નરઉદ્યોગો શીખી લાવ્યો. કળાપ્રેમી લખપતજીએ તેને પોતાના દરબારમાં રોકી લઈ હુલાવ્યો. ભુજમાં ચિત્રકામ, સોનાચાંદી પરનું 'કચ્છવર્ક'ના નામે પ્રખ્યાત થયેલું નકશીકામ, મીનાકારી કામ, ઘડિયાળો, બંદુકો અને તોપ તથા કાચ બનાવવાનું કારખાનું સ્થાપી હુન્નર ઉદ્યોગોની તેણે શરૂઆત કરી અને એક કળાશાળા પણ સ્થાપી. તેમાં કારીગરોને તાલીમ અપાઈ અને મુલ્કભરમાં તેનો પ્રચાર થાય તેવી પ્રેરણા મળી. ભુજમાંથી વડોદરા, મુંબઈ, કલકત્તા વગેરે સ્થળે જઈ વસેલા આ કારીગરોના વંશજોની મીનાકામ અને કચ્છવર્કની ઉત્તમ ચીજો આજે પણ ત્યાંના બજારોમાં આકર્ષણ બની રહે છે.

આ કાળે ચિત્રકળામાં કચ્છી કમાંગરીનો વિકાસ થયો. ભુજના આઈના મહેલમાં 'મા-દીકરી' જેવા ભાવભર્યા ચિત્રનું સર્જન થયું. આ કમાંગરીની ઉત્તરોત્તર ઉતરેલી કૃતિઓ અને ભુજના સમાજ જીવનને લગતાં આલેખનો તથા તસવીરોમાંની કેટલીક ભુજના મ્યુઝિયમ અને આઈના મહેલમાં સંગ્રહાયેલી છે.

***"કચ્છનું સંસ્કૃતિ દર્શન"***
***આલેખક : રામસિંહજી કે. રાઠોડ***

# હમીરસર – તારાં બે ચિત્રો

કચ્છ

• મધુસુદન પ્રા. ભટ્ટ •

કચ્છનાં કેટલાંય એવા પ્રકૃતિ ધામો છે જે કચ્છની પ્રજાના જીવનમાં, લોકોની રોજબરોજની જિંદગીમાં, કચ્છની ભાતીગળ જીવન-સંસ્કૃતિમાં વણાઇ ગયા છે. ભુજના પ્રત્યેક રહેવાસી માટે તો 'હમીરસર' તેના સ્વજન જેટલું વહાલસોયું છે.

પ્રથમ વરસાદના આગમને જ ભુજના આબાલવૃદ્ધ હમીરસરની ખબર-અંતર પૂછવા પહોંચી જાય છે.... કેટલું પાણી આવ્યું? પાવડીનાં કેટલાં પગથિયાં ડૂબ્યા? રઘુનાથજીના આરામાં હાથીના પગને પાણી અડક્યાં? એ પ્રશ્નો માત્ર ભુજના લોકો જ નહીં પણ ભુજ બહાર, કચ્છ બહાર, વર્ષોથી સ્થાયી થયેલા ભુજવાસીઓ પૂછે જ પૂછે છે... પોતાના સ્વજનની કુશળતાની પૃચ્છા કરતા હોય તેટલી જ લાગણીઓની તીવ્રતમ સંવેદનાથી...

આવું આપણું હમીરસર - આપણું આત્મીયજન

## એક ચિત્ર

દુષ્કાળ અને અછતના વર્ષોમાં હમીરસર સૂકું ભઠ... ક્યારેક કચ્છમાં રાત પર રાત પડવા લાગે છે. દર ત્રણ વર્ષે એક દુષ્કાળ અને એકાંતરે વર્ષે અછત પરિસ્થિતિ એ કચ્છ માટેનો નિયમ છે. પણ કુદરત હવે સવિશેષ પ્રતિકૂળ બની છે અને છેલ્લાં દસેક વર્ષોથી તો વારંવાર દુષ્કાળ જ દુષ્કાળ છે... આ દુષ્કાળોએ હમીરસરનું યૌવન હણી લીધું છે... તેની નિરાધારતા, તેની અસહાયતા - લાચારીનું હૂબહૂ ચિત્ર દોર્યું છે ગુજરાતના ખ્યાતનામ શાયર શ્રી મહેન્દ્ર 'સમીરે'....

*કાંઠાનો લઈ હાંફ, ટેકવી*
*હાથ ગઢની રાંગ તણા ટેકાએ પોરો ખાતું*
*ઘોડા શા ઘૂઘવતા પૂરો યાદ કરીને*
*ગયા જનમની વાત સમાં કૉ...*
*ભૂતકાળના ભણકારા વાગોળી લેતું...*
*અવાવરુ કૂવાને કાંઠે આવી બેસે*
*અંધારા ઉલેચી ઊતરે વાવ પગથિયા*
*જોબનના દિવસોની લાવી યાદ*
*કપાળની કરચલીઓ રૂપી મોજાંઓ*

*વૃદ્ધ ઉંમરે જાણે કોઈ, ચાલ્યું એકલવાયું –*
*કરી નેજવું નીરખી રહેતું આભ –*
*થરથર થરથર - હમીરસર.*

### • પ્રકૃતિ તત્ત્વો :

શ્રી મહેન્દ્ર 'સમીર' ગુજરાતના સુપ્રસિદ્ધ શાયર... કચ્છ તો તેમને બરાબર ઓળખે. તેમણે અંતિમ શ્વાસ પણ ભુજમાં જ લીધા. અનેક શાયર મિત્રો, જેઓ કચ્છમાં થોડો પણ વસવાટ કરી ચૂક્યા છે તેમને કચ્છનાં આવાં પ્રકૃતિ તત્ત્વોએ સાદ કર્યો છે – સાદ કરીને બોલાવ્યા છે... કચ્છના સુરખાબ, કચ્છનો ભુજિયો ડુંગર કે કચ્છનું પાણી એ આવા કવિ મિત્રોના કાવ્યોના વિષયો રહ્યા છે... બીજા શબ્દોમાં કહીએ તો, આવા સહૃદયી કવિઓએ કચ્છનાં આવાં પ્રકૃતિ તત્ત્વોને જીવંત બનાવ્યાં છે... કચ્છના લોકોની રોજ-બ-રોજની જિંદગી સાથે વણાઈ ચૂકેલાં આવાં ધામોનો ધબકાર કવિ હૃદયોએ ઊર્મિશીલ બનીને ઝીલ્યો છે.

### • હણાઈ ગયેલું હમીરસર :

શ્રી ''સમીર''ના ઊર્મિતંત્ર પર એક ઘા પડે છે... હમીરસરની આજની દારુણ દશા જોઇને કવિ હૃદયમાં સંતાઇ બેઠેલા રૂપક, ઉપમા, ઉત્પ્રેક્ષા અને સજીવારોપણ જેવા અલંકારો પ્રકટ થાય છે, પણ તે કેવા સ્વરૂપે? દુષ્કાળના ઘા ઝીલી ઝીલી આજનું હમીરસર હણાઈ ગયું છે, થાકીને ક્ષીણ થઈ ગયું છે. જે ગઢની રાંગ સાથે આ હમીરસરે ભરયુવાનીમાં મહોબ્બત કરી છે - સદાય ગઢની રાંગનું આલિંગન સેવ્યું છે તે જ હમીરસર આજ 'ટેકવી હાથ, ગઢની રાંગ તણા ટેકાએ પોરો ખાવા ઊભું છે!...' યાદ કરે છે એ ૧૯૫૯ના 'ઘોડાશા ઘૂઘવતાં પૂરોને...' સાચી વાત શ્રી ''સમીર''ની... હમીરસર માટે તો એ ભૂતકાળના ભણકારા જ બની ગયા ને?

### • હસી લે છે, રડી લે છે

આ એજ હમીરસર છે. પરોઢિયે ચાર વાગ્યાથી શરૂ કરી છેક સંધ્યા સમય સુધી ભુજનાં - તેના લાડકવાયાં હમીરસરનું સાનિધ્ય છોડતાં જ નથી... રાત્રિમાં પણ આ હમીરસરને ક્યાં કોઈ ઊંઘવા દે છે? મોડી રાત્રિ સુધી તેની પાળ પર ગપસપ - ગોષ્ઠી ચાલતી જ રહે છે... હમીરસર એ ગોષ્ઠીનો આનંદ માણી હસી લે છે, ક્યારેક રડી લે છે - ક્યારેક શૂન્યમનસ્ક ભાવે સાંભળી લે છે.. એવું એ હમીરસર...

દુષ્કાળના કારમા પંજાએ તેના ચહેરા પર કરચલીઓ પાડી

નાખી છે. પરોઢિયે ચાર વાગ્યાથી કપડાં ધોવા તથા નહાવા જનાર ભુજનાં તેના આત્મીયજનો આજે તો તેને છોડી ગયાં... તે પણ તેની વૃદ્ધ ઉંમરે...?

શ્રી સમીરની આ પંક્તિઓ –

"વૃદ્ધ ઉંમરે જાણે કોઇ, છોડી ચાલ્યું – એકલવાયું..." કેટલી સચોટ અને હૃદયવેધક છે... આ દુષ્કાળની આપત્તિઓ સહન કરી કરી, ક્ષીણ બની ગયેલું "હમીરસર..."

'કરી નેજવું નીરખી રહેતું આભ... થર... થર... થર... હમીરસર' વાહ...! હમીરસરને વાચા હોત તો કદાચ તે પણ બોલી ઊઠત, દુબારા.. દુબારા...

આપણા હમીરસરનું આ એક કાવ્ય ચિત્ર કહો કે "ચિત્રાત્મક કાવ્ય" શ્રી સમીરે રજૂ કર્યું છે.

## બીજું ચિત્ર

તો તેનાથી બિલકુલ વિરોધાભાસી ચિત્ર રજૂ કર્યું છે આપણા ખ્યાતનામ તસ્વીરકાર અને કલાકાર શ્રી એલ. એમ. પોમલે... બંને મિત્રો છે – શ્રી "સમીર" અને શ્રી "પોમલ..." બંને પાસે કલાકાર - કવિહૃદય છે... એક કલાકારે હમીરસરનું મદમસ્ત યૌવનસભર જીવંત ધબકતું ચિત્ર રજૂ કર્યું છે તેમની રોચક ફોટોગ્રાફીમાં... આપે શ્રી એલ. એમ. પોમલની "હમીરસર"ની તસ્વીર નિહાળી છે? શ્રી પોમલે આ હમીરસરની તસ્વીરમાં ગઢની રાંગ દર્શાવી છે. તેને આલિંગન આપી, મસ્તીમાં ઝૂલતું હમીરસર દર્શાવ્યું છે.... આ હમીરસરના છલોછલ પાણી તેનાં મોજાંઓના ગઢની રાંગ તથા તળાવની પાળ સાથેના નિનાદ એ તસ્વીરમાં ઝીલ્યા છે. કચ્છીઓનાં હૃદયની વિશાળતાના ભાવોનું પ્રતિબિંબ પાડતું હોય તેવી હમીરસરની વિશાળતા શ્રી પોમલે આબાદ રીતે આ તસ્વીરમાં રજૂ કરી છે. શ્રી પોમલે "હમીરસર"ની યુવાનીને, તેની મસ્તીને, તેના મદભર્યા સૌંદર્યને બિરદાવી જાણ્યું છે. તો તેમના મિત્ર શ્રી "સમીરે" આ જ હમીરસરનું અને દુષ્કાળની દુર્દશાનું ચિત્રણ પણ એટલી જ કુશળતાથી અને એટલી જ તીવ્ર લાગણીઓની અભિવ્યક્તિથી કરી જાણ્યું છે..."

એક કલાકારે હમીરસરનો મદભર્યો, ગૌરવભર્યો ભૂતકાળ 'તસ્વીર'માં ઝડપ્યો છે તો કવિએ હમીરસરનો વર્તમાન હૂબહૂ વ્યક્ત કર્યો છે. એટલું જ નહીં પણ તેને જીવંત બનાવ્યો છે. શ્રી પોમલની તસ્વીરનું વિરોધાભાસી દૃશ્ય શ્રી સમીરે દોરી જાણ્યું છે તેમના કાવ્યમાં. "હમીરસર"ના બે દેહ - એક તસ્વીરમાં, બીજો કાવ્યમાં. આત્મા એક અને અવિભાજ્ય.

હમીરસર એક છે... સ્વરૂપ જુદાં જુદાં - બે ચિત્રો છે - એક ઊર્મિશીલ ફોટોગ્રાફરના હૃદય સ્પંદનોમાંથી જન્મ્યું - બીજું લાગણી પ્રધાન કવિ હૃદયમાંથી... બંનેની 'હમીરસર' પ્રત્યેની લાગણીઓ અને આત્મીયતા તો તેટલી જ ઉત્કટ - તેવી જ પ્રગાઢ... હમીરસર... તારાં બે ચિત્રો. ■

---

## કચ્છ જી કમાલ

*કડેંક 'નીરો' દુકાર, કડેંક સૂકો દુકાર*
*તોય મનમેં ઊમંગ ને તનમેં તાકાત*
*એળી, મુંજે ત કચ્છડે જી કેળીકમાલ!*
*હકડે મુલ્લેજી બાંગ, હકડી ખેડૂ જી ડાંગ,*
*હકડે ઘૂવડજી ઘૂઘ, હકડે હોલેજી હુક,*
*કતેક 'મોર' જી ટહુંક, કતેક કોયલ જી કૂક!*
*હકડે 'સુરખાબ'જી પખ, હકડી સમરી જી અખ!*
*કડાંક ઢોલ જી ઢબૂક, કડાંક તબલે જી તાલ*
*એળે મુંજે ત કચ્છડે જી કેળી કમાલ!*
*પગલે પગલે જડા 'પાળીયા' પૂજાજેં*
*'મઢવાળી મા' ભક્તે કે ડેસીને હરખાજે*
*ભદ્રેસર જે 'દેરાસર' જી કારીગરી વખણાજે*
*'નારાયણ કોટેશ્વર' જેડાં જાત્રા જા ધામ*
*મેણીજા કૂલદેવી ને કૂલદેવતા કરીયેં રખવાડ - એળી મુંજે*
*ગઢ મેં દીવડે જી આરતી ઉતરાય,*
*હુ કારો ડુંગર ને હમીરસર તરા,*
*બોંતેર જખ જડાં ખૂબ સોહાય,*
*રામદેવપીર, હાજીપીર ને જેસલ-તોરલ કે સો સો સલામ*
*દરિયા દેવજી 'દેગ' સાધુ સંતેજી 'ભેખ'*
*સારા બંદર ને વહાણવટેજી ભેટ*
*ગઢ કાંગરા! મહેલ હવેલી ને વાય*
*જડા પુરાતન તત્ત્વ ઐં અપરંપાર*
*હનજા 'દાઢ' મેં રૈ વને 'યેડા પકવાન... એળે મુંજે*
*હુ બન્નીજા ભૂંગા ને બાંધણી જા ધાગા*
*જવાર બાજરીજા ડુંડા ને સુપ બેયા સુંઢા*
*હુડાજા 'રાયણ' લીયાર ને કંગણી બેયા ઘોઘા*
*હુડાજા નિર્મળ નીર ને નિર્ભેળ 'હવા',*
*તોય પરયા ભજેંતા ઘણે કચ્છ સે કોલા?*
*સતત સતાય તો મુંકે ઈ જ સવાલ*
*એળે મુંજે કચ્છડે જી કેળી કમાલ!!*

**– કમલા અશ્વિન ચંદન 'કપિલા'**

# બન્નીની મેઘલી ઋતુ અને લોકજીવનનું અપ્રગટ સૌંદર્ય

• કલાધર મુતવા •

*કચ્છજી રણ કંધી તે નીલી બન્ની ન્યાર,*
*નીલા નેસ નવાણ, ઘા નીલા ગુલઝાર*
*ગોયું મૈયું મતારીયું ઘે ને ખીર અપાર,*
*પિરો ફૂટે પિર્ભાત મેં, છાય કરેતી છમકાર.*

સોળ આની વર્ષ હોય અને બન્નીનું પ્રકૃતિક સૌંદર્ય ફાટફાટ થતું ખીલ્યું હોય અને કારાણી જેવા કલમના કસબીની નજર એ લીલુડી ધરતીની લલક અને લીલોતરી પર ઠરી હોય અને ઉપરોક્ત પંક્તિઓ મનમાં આપમેળે ગોઠવાઈ કલમના સથવારે કાગળ પર ચિતરાઈ જાય, જે પંક્તિઓ માવડી એવી મીઠડી બન્નીની લીલુડી ચાદરથી સુશોભિત ધવલ ધરતીના અહ્લાદક દર્શન વાચકને કરાવી જાય. આવા દર્શન ધરતી અને કવિ બન્નેનાં કૌવતને આભારી છે. જ્યારે જ્યારે સમયસર એટલે કે અષાઢી માસનાં અમિયલ વાદળા બન્નીની ખાખત ભરેલી ધરતી પર અનરાધાર વરસી ઓવારણા લે છે ત્યારે ત્યારે બન્ની પોતાના અસલ એવા અલગ અનોખા પોતમાં નજર આવે છે. બન્નીનું સૌંદર્ય સોળે શણગાર સાથે મહેકી ઉઠે છે. બન્નીમાં આવા વર્ષને "સોરો આના વરે, ભલ્લ્સરો કે ભલો વરે" તરીકે ઓળખવામાં આવે છે. બન્નીમાં કાશ્મીર કે ગોવા જેવી લીલોતરીથી લદાયેલી ટેકરીઓ કે કંદરાઓ તો નથી પણ મેઘલી ઋતુમાં બન્નીની સપાટ ભૂમિનું સૌંદર્ય કાશ્મીર કે ગોવાથી જરાય ઓછું નથી હોતું. કાશ્મીર કે ગોવાનું સૌંદર્ય પૈસાદાર લોકોને આકર્ષે છે, જે એક પ્રકારે બાહ્ય સૌંદર્ય છે. જ્યારે બન્નીનું આ સૌંદર્ય એક ગરીબ માલધારી કે જેની પાસે ભલે એક ભેંસ કેમ ન હોય તેને ગોવા કે કાશ્મીર કરતાં સવાયું ભાસે છે. આતો થઈ બાહ્ય સૌંદર્યની વાત. બાહ્ય સૌંદર્યની સાથે લોક જીવનરૂપે બન્નીને એક આંતરિક સૌંદર્ય પણ છે. જેને બન્નીનું વાસ્તવિક સૌંદર્ય કહી શકાય.

માલધારી મુલક બન્નીનાં માડુ માટે વરસાદ જ સર્વસ્વ છે. જેમ થર માટે કહેવાય છે કે "વસે ત થર ન ત બર" વાગડ માટે "વર્ષે તો વાગડ ભલો" તેમ "વર્ષે તો બન્ની મુલક ગની"

ઉનાળાનાં કપરાં દિવસો, ઢોરોના ચારાની ચિંતામાં થકાવી દેનારા માંડ માંડ પૂરા થાય અને જેઠ માસ આવતા "જેઠ મી હેઠ" ઉક્તિ અનુસાર વરસાદની આશા બંધાય અને અષાઢ શ્રાવણમાં સચરાચર વરસાદ થાય. વરસાદ થતાની સાથે બીજા ત્રીજા દિવસે બન્નીની ધરતી પર એક પ્રકારના કૂમળા ઘાસના અંકુર ફૂટી આવે છે. એ કૂમળા ઘાસને સ્થાનિક ભાષામાં "ધામોર" કહેવામાં આવે છે. "ધામોર" એટલે પ્રકૃતિ દ્વારા બન્નીની ધરતીને સૌંદર્યતાનો ઓપ આપવાની શરૂઆત અને ઉનાળાના ચાર ચાર માસથી લીલા ચારા માટે તલસતા ઢોર માટે આ ઘાસમાં મોઢું મારી પેટને લીલું કરવાની શરૂઆત. વિશિષ્ટ વાત એ છે કે આ ઘાસ ખારી અને મીઠી બંને પ્રકારની જમીનમાં થાય છે. તેથી વેકરીયાનાં રણ જેવી ખારી જમીન હોય કે અબડા ઝિલ જેવી મીઠી જમીન, બંનેમાં સમાન પ્રકારે થાય છે. જ્યારે અન્ય ઘાસ જમીનની તાસીર પ્રમાણે ધીરે ધીરે ઊગે છે અને વધવા માટે અઠવાડિયાથી પંદર દિવસનો સમય લે છે.

જેમ આજકાલ મોટી હોટેલોમાં જમતા પહેલાં ભૂખને વધાવા લોકો સ્ટાર્ટર તરીકે વિવિધ સૂપ લે છે તેમ ધામોર ઘાસ ઢોર માટે એક પ્રકારે ભૂખને શમાવવાનાં સ્ટાર્ટર જેવું કામ અને ભૂમિકા ભજવે છે. તદુપરાંત આ ઘાસ આયુર્વેદિક ફાકી જેવું પણ કામ કરે છે. આ ઘાસ ખાવાથી ઢોરને પાતળું મળ આવે છે. જે એક પ્રકારે ઢોર માટે જુલાબનું કામ કરે છે. જેના કારણે ભૂખના લીધે ઉનાળામાં ગમે તે પ્રકારના ખાધેલા ઘાસ કચરાનાં કારણે ઢોરની હોજરીમાં જમા થયેલી અશુદ્ધિઓ સાફ થઈ પેટ શુદ્ધ થઈ જાય છે અને ઢોરનું પેટ નવું એવું પૌષ્ટિક ઘાસ આરોગવા માટે સજ્જ થઈ જાય છે. પછી જે ઘાસ ઢોર ખાય છે એ એના માટે લોહી વર્ધક હોય છે. બન્નીની ચરિયાણ ભૂમિની આ એક અલગ પ્રકારની વિશેષતા છે. જે શાયદ વિશ્વમાં ઓછા પ્રમાણમાં હશે.

આ ચરિયાણ ભૂમિ માલધારીનાં માલ માટે તો ધમોર જેવા ઘાસની સોગાદ આપે છે. ખુદ માલધારી માટે પણ ખાદ્ય ચીજો ઉત્પન્ન કરે છે. કોઈક જમાનો હતો જ્યારે આજના જમાનામાં જેવી સુખ સગવડો નહોતી ત્યારે બન્ની, પચ્છમ કે ખડીર ટાપુની સમાન હતાં. જેની ચારેબાજુ અફાટ રણ ફેલાયેલું હતું જે આજે પણ છે. અને આ વિસ્તાર મહાલ તરીકે ઓળખાતા. રોડ રસ્તા હતાં નહિ પરિણામે આ વિસ્તારો બારેમાસ અન્ય પ્રદેશોથી વિખૂટા રહેતા. જ્યાં પીવાના પાણીના પણ સાંસા હોય ત્યાં અનાજ શાકભાજી તો ક્યાંથી હોય? લોકોનું ગુજરાન માત્ર દૂધ દહીં, છાશ માખણ પર જ રહેતું. જેનો પુરાવો કેપ્ટન બર્નેસ દ્વારા લગભગ ૨૦૦ વર્ષ પહેલા કરેલી એક નોંધમાંથી મળે છે. જેનો ઉલ્લેખ "કાળા ડુંગર કચ્છજા" પુસ્તકમાં રસબ્રુક વિલિયમ્સે કર્યો છે.

વરસાદ વરસ્યાના ત્રીજા ચોથા દિવસે ખુમ્ભી, જેને સુધરેલી ભાષામાં આજકાલ "મશરૂમ" કહેવામાં આવે છે જેને "નાડાઈ" કહેવાય છે, તે ઉગી આવે છે. માલધારી લોકો એનો ઉપયોગ શાક બનાવવામાં કરે છે. એ જમાનામાં માલધારી લોકો માટે એક પ્રકારે લીલું શાક ખાવાની શરૂઆત આ ખુમ્ભીથી થતી. નહીંતર લોકો છાશ દૂધ પર જ ગુજારો કરી લેતાં. ખુમ્ભીમાંથી કોરું, રસ્સાવાળું શાક તેમજ કઢી પણ બને છે. અઠવાડિયા પછી "મરીડો" નામની લીલી ભાજી ઉગી આવે છે. જેનું પણ કોરું શાક ખૂબ સરસ થાય છે. અને ઘાટી છાશમાં બનાવેલ મરીડાની કઢીનું તો પૂછવું જ શું! લોકો કઢી પીને પણ ગુજારો કરી લેતા. બાકી અનાજ તો ક્યારે ક્યારેક લોકોને નસીબ થતાં. મરીડા ખુમ્ભીઓ અને દહીં દૂધ માખણ ખાઈ લોકો મસ્ત રહેતા.

શાહ અબ્દુલ લતીફ ભીટાઈનાં કાવ્ય સંગ્રહ "રિસાલા" માં સુરમારવીમાં આવા ખાદ્ય પદાર્થો માટે "ડુથ" શબ્દ વાપરવામાં આવ્યો છે. જેમાં આ પ્રકારના જંગલી ખાદ્ય પદાર્થોનો સમાવેશ થાય છે. જે મારવીનાં મલક "થર" નાં સંદર્ભે છે, થર અને બન્નીનું લોકજીવન ખૂબ સામ્યતા ધરાવે છે.

***આણીન કે ચાડીન ડુથ ડીહાણી સૂમરા.***
***સથા કયો સૈયદ ચએ સાઉં સુકાઈન,***
***મંજા લંબ લતીફ ચએ ચાંવર કયો ચાડીન***
***પુલાવ ન પાડીન ઉમર આરાડીય સે.***

ઉપરોક્ત બૈતમાં એવાજ ડુથનું વર્ણન છે. જેમાં ડુથનાં જણને પુલાવ કરતાં પણ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

રણની ખારી જમીનમાં "લાણા" નામની મીઠાયુક્ત વનસ્પતિ થાય છે જે ઊંટનો પ્રિય ખોરાક છે. શિયાળાની ઋતુમાં ગાયો ભેંસો પણ આ વનસ્પતિ ખાય છે. પહેલા વરસાદ પછી એ લાણાને નવી કૂંપળો ફૂટે છે. એ કૂંપળોનું પણ કોરું શાક ખૂબ જ સ્વાદિષ્ટ બને છે. એ રીતે બન્નીના ચરિયાણ પ્રદેશમાં "મેહા", કોટિમ્બા, ગોલકા, લુલર જેવી અન્ય વનસ્પતિઓ પણ થાય છે જેમાંથી શાક બનાવી શકાય છે. આમ સારા વરસાદ વરસે તો બન્નીની ધરતી તેનાં માલધારી માહુને વગર મહેનત અને પૈસાએ પૌષ્ટિક એવી ખાદ્ય ચીજો આપે છે. એ પણ આ ધીંગી ધરાનું અતિ મૂલ્યવાન એવું આંતરિક સૌંદર્ય છે. જેની વિગત જગત સુધી પહોંચી નથી. પાછલા લગભગ ચારેક દાયકાથી જ્યારથી બન્ની કચ્છનાં અન્ય ભાગો કે વિશ્વ સાથે જોડાઈ છે અને જીવન સંલગ્ન સગવડો વધી છે. ખાસ કરીને બન્નીની ત્રીજી પેઢી આ મૂલ્યવાન એવા કુદરતી વારસાથી દૂર થઈ રહી છે અને "ગુટકા" જેવી ઘાતક વસ્તુઓની નજીક જઈ રહી છે. જે બન્નીની સાંસ્કૃતિક તેમજ સ્વાસ્થ્ય બંને દૃષ્ટિએ નુકસાનકારક છે.

સારો વરસાદ વર્ષે અને બન્નીમાં આવેલી છરી ઢંઢ, ખીર જુક, મોકર ઝિલ કે અબડા ઝિલ જેવા ઝિલ (સરોવરો) અને તળાવો તેમજ જંગલમાં આવેલી તલાવડીઓ છલકાયેલી હોય ચારેબાજુ લીલુડા ઘાસ લહેરાતા હોય, સુરખાબ, હંજ કુંજ જોવા જાત જાતના પક્ષીઓનું પડાવ અને કલરવ હોય જે એક સુંદર એવું દૃશ્ય આંખો સામે ઉભું કરે છે. જે નરી આંખે જોઈ દિલથી માણી શકાય છે. બન્નીની રાતને પણ પોતાનું એક સૌંદર્ય છે.

બન્નીમાં ઢોર ખાસ કરીને ગાયો અને ભેંસો રાતનાં સમયે ચરિયાણ કરે છે જે બન્નીના ચરિયાણ અને બન્નીના ઢોરોની એક અલગ પ્રકારની પોતીકી એવી ખાસિયત છે. બન્નીનો માલધારી પોતાના માલ પ્રત્યે તેની ઓલાદ જેવો હેત અને વર્તન રાખે છે. સારો વરસાદ થતાં માલધારીને તેનાં માલ પ્રત્યેનાં આ હેતમાં વધારો થાય છે. માલધારી પોતાના માલના ગળામાં વિવિધ રંગોની દોરી તેમજ મણકાઓમાંથી બનાવેલી માળાઓ બાંધે છે. તદુપરાંત ઘૂઘરા અને નાની મોટી ઘંટડીઓ બાંધે છે. ગાયોમાં કોઠે તો શોખીનો ત્રણ ચાર કિલો વજન ધરાવતા મોટા ઘંટડા બાંધીને તેનાં રણકારને માણવા ગાયો સાથે આડી (ચરાવવા) જાય છે. આમ બન્નીની સીમની રાત્રીઓ ઢોરોની ઘંટડીઓનાં મધુર રણકારથી ગુંજી ઊઠે છે. પોતાના ઝુંડની કોઈ ઘંટડીનો રણકાર દરેક માલધારી અને ઢોર સારી રીતે ઓળખતો હોય છે. જેથી દરેક ઢોર એ રણકારની આસપાસ નિશ્ચિત બેઠો અથવા સૂતો હોય છે. આમ આ ઘંટડીઓનાં રણકાર માલ તેમજ માલધારી વચ્ચે સંપર્ક સેતુની ભૂમિકા ભજવે છે. ચરતાં ઢોરોના ગાળામાં એકી સાથે કોરસમાં વાગતી ઘંટડીઓ અંધારી કે અજવાળી રાતોમાં એક પ્રકારના સંગીતની પણ ભૂમિકા ભજવે છે. તેની સાથે તમરા અને દેડકાંનાં અવાજો પણ સૂર પૂરાવે છે.

ઢોલીર નામનું એક પક્ષી બન્નીના ચરિયાણોમાં વિચરે છે. એ પક્ષીની ખાસિયત એ છે કે દિવસ હોય કે રાત મોજમાં આવી જાય ત્યારે આકાશમાં ઉંચે વશિષ્ટ પ્રકારે બોલતા બોલતા વિહરે છે અને વિવિધ સ્વર અને આલાપમાં બોલે છે. ઢોલીર અને માલની ઘંટડીઓનાં આ કર્ણપ્રિય સ્વરો તેમજ સૂતા સૂતા માલધારીના મુખમાંથી "જે...ય...અમ્માં...અમ્માં..." જેવા બોલ રાત્રીના સમયે બન્નીનાં ચરિયાણોને જીવંતતા બક્ષે છે. વહેલી પ્રભાતે ચાર કે પાંચ વાગ્યાના સુમારે જ્યારે માલ પોતાની રીતે કે માલધારીની સંગાથે ગામ તરફ પાછા વળે છે ત્યારે દરેક ગામડાની આસપાસના સીમાડા વધુ જોરથી ગાજી અને ગૂંજી ઊઠે છે. આ માલધારીની માવડી બન્નીનું રાત્રિની સુંદરતાનું સૌંદર્ય છે. જે જાણવા અને માણવા લાયક છે. હા, આ સૌંદર્યની પ્રતીતિ કરવા માટે એક શરત છે કે માલધારી બનવું પડે, તો જ આ ક્ષણોને પકડી શકાય નહીંતર રઝળપાટ સિવાય કશું નથી. ■

સાંપ્રત

# બુલેટ ટ્રેઇન (૨)
# જાપાન-ભારતના સહયોગના અંદર અને બહારના કારણો



પ્રવીણચંદ્ર શાહ

__સુજ્ઞ વાચકોને એક નમ્ર ચેતવણી__ : *આ લેખમાં આંતરરાષ્ટ્રીય ચડસાચડસી, દેશ-દેશ વચ્ચેના વેરઝેર અને સતત પલટાતી રહેતી સ્થિતિ - પરિસ્થિતિની પારદર્શક ચાણક્ય દૃષ્ટિનું વિહંગાવલોકન છે. કેટલાકને તે ભારેખમ લાગી શકે. એવા સુજ્ઞ વાચકોએ આ લેખ વાંચવાની તસ્દી લેવાનું ટાળવું.*

*– લેખક*

જાપાન-ભારતનો ઈતિહાસ એકસરખો નથી. બંને દેશોની રાજકીય, સામાજિક, આર્થિક કે સાંસ્કારિક પરંપરાઓ સમાન નથી. આ બંને દેશોની સાંપ્રત સ્થિતિ - પરિસ્થિતિ વચ્ચે ઘણો મોટો ફરક છે. આ બંને દેશ નિકટના આડોસી-પાડોશી પણ નથી. બંનેના જીવન ધોરણમાં પણ ખૂબ જ મોટું અંતર છે. જાપાન અત્યાધુનિક છે. ભારતના ગ્રામ્ય વિસ્તારના કરોડો સ્ત્રી - પુરુષોને બંધ બારણાના શૌચાલયોની પણ સગવડ નથી. જાપાન બૌધ્ધ ધર્મી છે, પણ દેશના ઉત્થાન, પ્રગતિમાં ધર્મને વચ્ચે આવવા દેતું નથી. ભારતની આમપ્રજા વિવિધ-ધર્મી છે અને ગાય નામના પશુને જીવતા માનવની 'માતા' ગણી, તેને કારણ બનાવી હત્યાઓ કરે છે. ભારતના નેતાઓ, પ્રધાનો અને પ્રાઈમ મિનિસ્ટર જ્યોતિષ, મુહુરત, શુકન - અપશુકનમાં માને છે અને સાધુ-સંતો, અયોધ્યા અને રામ મંદિરો ખડા કરવા માટે કરોડોના ફંડ એકઠા કરવામાં અને ઐતિહાસિક મસ્જિદોને જમીનદોસ્ત કરવામાં બાવન ઈંચની છાતી ફુલાવીને ગર્વ લે છે. જાપાન વિજ્ઞાનને પ્રાથમિકતા આપે છે.

આમ છતાં, જાપાન - ભારતનો પારસ્પારિક સહયોગ છેલ્લા ૯ વર્ષોથી વધુને વધુ કેમ વિસ્તરતો જાય છે? અહીં ૯ વર્ષનો નિર્દેશ કર્યો છે, તે સકારણ છે. **બુલેટ ટ્રેઇનથી ભારત-જાપાનનો સહયોગ વધુ પ્રકાશમાં આવ્યો છે. પરંતુ 'કોંગ્રેસ-મુક્ત-ભારત'ની અહર્નિશ માળા જપતા હમણાના રાજકર્તાઓ એ હકીકતને જાહેર કરવામાં નાનપ સમજે છે કે બુલેટ ટ્રેઈનની શક્યતા તપાસવાની મૂળ શરૂઆત સરદાર મનમોહનસિંઘની કોંગ્રેસ સરકારના આયોજન પંચ (પ્લાનિંગ કમિશન) દ્વારા હમણાંથી નવ વર્ષે પહેલાં, ૨૦૦૮માં કરવામાં આવી હતી.** કોઈ પણ જંગી રોકાણવાળા પ્રોજેક્ટ માટે સૌથી પહેલાં 'ફિઝીબિલિટી રિપોર્ટ' (શક્યતા - અશક્યતાનો રિપોર્ટ) તૈયાર કરવો જ પડે છે. કોંગ્રેસ સરકારના પ્લાનિંગ કમિશને ભારત ખાતેની 'જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી' જેને ટૂંકમાં JICA - ઈન્ડિયા નામથી સંબોધાય છે, તેની સાથે મળીને ફિઝીબિલિટી રિપોર્ટ તૈયાર કરેલો. સાથે સાથે તેના અમલીકરણ માટે અત્યંત ભારે મોટી રકમનું ઈન્વેસ્ટમેન્ટ કરવું પડે તેની સરખામણીમાં દેશની બીજી પ્રાથમિકતા માંગતી જરૂરિયાતોના ભોગે આમ કરવું પડે, એટલે તેના અંગેની ચર્ચા-વિચારણા લાંબા સમય સુધી ચાલતી રહેલી.

દેશમાં એ પણ ઓછું જાણીતું છે કે જાપાનની ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી, ટૂંકા નામે જીકા (JICA)ની હમણા સુધીની ઑફિસ દિલ્હીના કોનોટ પ્લેસના એક જૂના મકાન ગોપાલદાસ ભવનમાં હતી. હવે ત્યાંથી બદલાઈને દિલ્હીના કસ્તુરબા ગાંધી રોડ પર હિંદુસ્તાન ટાઈમ્સવાળા એચટી (HT) હાઉસ ખાતે ખસેડાઈ છે અને ભભકાદાર છે. **ઇ.સ. ૨૦૦૭-૦૮થી (જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસ સરકાર હતી ત્યારથી) એ સરકારે જાપાન સાથે વિવિધ ક્ષેત્રના ડેવલપમેન્ટ, વિકાસ માટે સહયોગ સાધ્યા કર્યો છે જેને કારણે છેલ્લા એક દાયકા દરમ્યાન દિલ્હી મેટ્રો રેલ્વે, દેશના ઉત્તર પૂર્વના પ્રદેશો (ત્રિપુરા, સિક્કીમ, અરુણાચલ, નાગાલેન્ડ વગેરેમાં) વિશાળ ફ્રેઇટ કોરીડોર માટે અને હવે બુલેટ ટ્રેઇનના અમલીકરણનું બહુ મહત્ત્વનું પ્રદાન જાપાન કરી રહ્યું છે.** અત્યાર સુધીમાં (બુલેટ પ્રોજેક્ટ સિવાયના) જાપાને ૧ લાખ ૫૦ હજાર કરોડની સાવ નજીવા વ્યાજવાળી લાંબી મુદતની ભારતને લોન આપી છે. આ બધી ગતિવિધિઓ ૨૦૦૭-૦૮થી ચાલી રહી છે. જેના અનુસંધાનમાં ૭,૧૧૦ જાપાનીઝ નિષ્ણાતો ભારતમાં આવેલા છે અને ૭,૩૬૯ ભારતીય ટેકનિશિયનો વધુ

તાલીમ માટે જાપાન ગયા છે. ૨૦૧૪ સુધીની કોંગ્રેસ સરકાર હતી ત્યારે ભારત - જાપાન વચ્ચે ૨૦૧૨-૧૩ના વર્ષમાં ૧૮ અબજ ડોલરનો વ્યાપાર હતો. તે મોદી સરકારના ત્રણ વર્ષો દરમ્યાન સતત ઘટતો જ ગયો છે અને ૨૦૧૬-૧૭માં માત્ર ૧૩ અબજનો થઈ ગયો છે. ટૂંકમાં જાપાન સાથેની આર્થિક લેવડદેવડ વધારવાની ગરજ, અનિવાર્યતા અને લાચારી હાલની મોદી સરકારની છે.

એશિયા ખંડમાં ચીન, ભારત, જાપાન, નોર્થ અને સાઉથ કોરિયા, તાઈવાન અને બીજા દેશોનો સમાવેશ થાય છે. આ દેશોમાંના ચીનને જાપાન સાથે પરાપૂર્વથી વેર છે. કોરિયા (નોર્થ)ને પણ છેક બીજાં વિશ્વયુદ્ધ પહેલાથી દુશ્મનાવટ છે. તાઈવાનને ચીન સાથે અણબનાવ છે. જ્યાં સુધી ચીન પગભર થયું નહોતું ત્યાં સુધી જ્યાં - જ્યાંથી જે પ્રકારની મદદ મળે તે લેતું રહ્યું હતું. તેવા દેશો રશિયા, અમેરિકા, જાપાન વગેરે હતા. પરંતુ છેલ્લા બે દાયકા દરમ્યાન ચીન વધુને વધુ પગભર જ નહીં પણ ભારે તાકાતવાન બન્યું. તાકાતવાન બન્યા પછી ચીનની વિસ્તાર વૃદ્ધિની તૃષ્ણા અને અબળખા સતત વધતા ગયા છે. ૨૦૦૮ સુધી ચીન સખણું રહેલું. પછી જાપાનના બે ટાપુ સેનકાકુ અને દીયાયુ (જેમ આપણા આંદામાન-નિકોબાર છે) તેના માલિકીપણાના દાવા ચીને કરવા માંડ્યા. આ ટાપુઓની આસપાસ ફિશિંગ બોટોની મનવાર અને દરિયાઈ લશ્કરી દળો ખડકી દીધાં છે અને એવા ફતવા બહાર પાડ્યા છે કે આ ટાપુઓ તેની માલિકીના હોવાના કારણે તેના ઉપરથી પસાર થતાં વિમાનોએ અગાઉથી ચીનની પરવાનગી લેવાની રહેશે. જેવું તાજેતરમાં ચીને ભારતના ડોકલામ ખાતે પોતાના દાવા કર્યા હતા અને પછીથી પારોઠના પગલાં ભરવા પડ્યા હતા. સેનકાકુ અને દીયાયુના દરિયાઈ ટાપુઓ જાપાનના છે, એટલે જાપાન ચીનના આવા નવતર દાવાઓ સ્વીકારતું નથી. પરિણામે બંને દેશો એકબીજા સામે ફૂંફાડા મારે છે. ઉત્તર કોરિયા અને ચીન એકબીજાના ટેકેદારો છે. ઉત્તર કોરિયાએ તાજેતરમાં જ હાઈડ્રોજન બોંબ ફોડી બતાવી પોતાની રાક્ષસી તાકાત દુનિયાને બતાવી છે. ઉત્તર કોરિયા અને જાપાન એકબીજાની નિકટના પડોશી દેશો છે પણ પરંપરાગત દુશ્મનાવટને કારણે જાપાનનું નામોનિશાન મિટાવી દેવાની ઉત્તર કોરિયા ધમકીઓ આપ્યા કરે છે. અમેરિકા જાપાનનું રક્ષણાત્મક મિત્ર છે એમ વારંવાર કહ્યા કરે છે પણ ચીન સાથે ઘર્ષણમાં ઉતરવા માગતું નથી. આ અને આવા બીજા કેટલાક સંયોગો વચ્ચેની અવળી, વિપરીત સ્થિતિ વચ્ચે અટવાયેલું શાંતિપ્રિય જાપાન એશિયા ખંડના બે મોટા દેશ – ભારત અને ચીન વચ્ચે ભારત સાથેના પોતાના સંબંધો વધુ સુદ્રઢ કરવા માંગે છે. ભારત અને ચીન વચ્ચેના અણબનાવની જાણ પૂરી દુનિયાને છે, જાપાનને પણ છે. ભારતની સરકારો – કોંગ્રેસી અને બીજેપીની – આંતરિક રીતે બરાબર જાણે છે કે ચીન સાથે ગંભીર ઘર્ષણમાં ઉતરવાનું તેને પાલવે તેમ નથી. ભારત અને રશિયાના પરસ્પરના સંબંધો માત્ર વિવેક પૂરતા રહ્યા છે, તેવું જ અમેરિકા સાથેના ઔપચારિક સંબંધોનું છે. ભારતે હજુ ઘણો વિકાસ કરવાનો બાકી છે, પણ તે માટે અબજો ડોલરની મૂડીની અને આધુનિક ટેકનિકલ સહાયની તેની ખાસ જરૂરિયાતો છે. એટલે જાપાન જેવા દેશ પાસેથી આ બંને – મૂડી અને ટેકનિક - મળતા હોય તો તે ગુમાવવાનું ભારતને પાલવે તેમ નથી.

જાપાન અને ભારત વચ્ચેના વિરાટ સહયોગમાં બેને દેશોનાં અંદરના અને બહારના આવા અનેકાનેક કારણો છે.

*૭, ડફોડીલ બિલ્ડિંગ,*
*ગોદરેજ સ્કાય ગાર્ડન,*
*તક્કા - સ્ટેશન રોડ,*
*તક્કા, પનવેલ-૪૧૦ ૨૦૬.*
*મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫, ૯૯૩૦૬ ૬૦૨૪૨*

## વસતીની સમતુલા ખરેખર ખોરવાઇ રહી છે?

**(અનુ. : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

પાકિસ્તાનમાં પણ હવે કુટુંબ નિયોજન મોટેપાયે અપનાવવામાં આવે છે. એક દલીલ એવી થાય છે કે મુસ્લિમોમાં ચાર પત્નીઓની છૂટ હોય તો કુટુંબ નિયોજન કેવી રીતે આવે? પણ આ દલીલ સદંતર ખોટી છે. એક પત્ની એટલે બાળક પેદા કરવાનું એક એકમ. આમ આ દલીલ તાર્કિક નથી. ઉપરાંત મુસ્લિમોમાં ગરીબી એટલી છે કે એક પત્ની પણ કોઈને પોષાતી નથી તો ચાર ક્યાંથી પોષાય? આ ઉપરાંત હિંદુઓમાં પણ આદિવાસીઓ અને પછાત વર્ગોમાં બહુપત્નીત્વ હજી પ્રવર્તે છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શ્રી અમરસિંહ ચૌધરીએ બીજા લગ્ન કર્યા ત્યારે એમની પત્નીએ કરેલા કેસમાંથી તેઓ છૂટી ગયા હતા અને દલીલ કરી હતી કે હું આદિવાસી હોવાથી મને હિંદુ કાયદો લાગુ ન પડે. પણ આખા પ્રશ્નનો સાર એ છે કે જુદા જુદા વર્ગો અને કોમો વચ્ચે શંકાકુશંકાનું વાતાવરણ દૂર કરવું હોય તો બધી કોમો માટે સમાન કાયદો લાગુ કરવો જોઈએ અને મુસ્લિમોમાં શિક્ષણ અને આધુનિકતા વધે એવા પ્રયાસો સરકારે તાત્કાલિક શરૂ કરવા જોઈએ. તો જ આપણા દેશમાં સ્વતંત્રતા સાચી રીતે સાર્થક થઈ ગણાશે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭, ૨૫૭૪૩૨૪*

વિચાર મંથન

# વસતીની સમતુલા ખરેખર ખોરવાઇ રહી છે?



ડૉ. યાસીન દલાલ

દેશની કુલ વસતી ૧૨૫ કરોડે પહોંચી છે એ આંકડો થોડા વરસ પહેલા જ જાહેર થઈ ગયો હતો. હવે રાજ્ય દીઠ, કોમ દીઠ અને જ્ઞાતિ દીઠ વસતીના આંકડા જાહેર થયા છે. ગુજરાતની વસતી છ કરોડ ચાર લાખ છે. એમાં હિંદુઓની વસતી ૫.૩૫ કરોડ અને મુસ્લિમોની ૫૮.૪૬ લાખ છે. ૨૦૦૧માં ગુજરાતની વસતી ૫.૧૦ કરોડ હતી. ૧૦ વરસમાં ૧૮.૫૯%નો વધારો થયો. ૨૦૧૧માં ૫.૩૫ કરોડ થઈ. આ આંકડો હિંદુ વસતીનો છે. મુસ્લિમોની વસતી વધારાનો દર ૨૭% છે. મુસ્લિમોની વસતી ૨૦૦૧માં ૪૫,૯૬,૮૫૪ હતી. ૨૦૧૧માં એ વધીને ૫૮,૪૬,૭૬૧ થઈ. હવે ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ ગુજરાતની કુલ વસતી છ કરોડ ચાર લાખ થાય છે. મુસ્લિમોની સૌથી વધુ વસતી અમદાવાદ જિલ્લામાં ૮,૮૨,૨૩૮ છે. જ્યારે સુરત જિલ્લાની વસતી ૬,૬૦,૭૭૨ છે. કચ્છ જિલ્લો ત્રીજા ક્રમે આવે જેમાં મુસ્લિમોની વસતી ૪,૪૨,૩૫૫ થાય છે. વડોદરા જિલ્લામાં મુસ્લિમ વસતી ચોથા ક્રમે આવે છે. આંકડો ૩,૮૪,૫૦૦નો છે. પાંચમા ક્રમે રાજકોટ જિલ્લો છે જેમાં મુસ્લિમ વસતી ૩,૬૧,૩૮૮ છે. સૌથી ઓછી વસતી ડાંગમાં ૩,૫૯૩ છે. રાજ્યમાં કુલ હિંદુ વસતી ૫ કરોડ ૩૫ લાખ છે. જે કુલ વસતીના ૮૮% છે જ્યારે મુસ્લિમ વસતી બીજા ક્રમે છે. ત્રીજા નંબરે અન્ય વસતી છે. ખ્રિસ્તી વસતી ત્રણ લાખ સોળ હજારની સાથે ચોથા નંબરે છે. શીખ સમુદાય પાંચમા નંબરે છે. એમની વસતી ૫૮,૦૦૦ છે. બૌદ્ધ વસતી ૩૦ હજારના આંકડા સાથે છઠ્ઠા ક્રમે છે. પારસીઓની વસતી ૧૬ હજારના આંકડા સાથે સાતમા ક્રમે છે.

કુલ વસતીમાં હિંદુઓનું પ્રમાણ ૮૦%થી ઘટીને ૭૯.૮% થયું અને મુસ્લિમોનું પ્રમાણ ૨૦૦૧માં ૧૩.૪% હતું જે ૨૦૧૧માં ૧૪.૨% થયું છે. હિંદુ સાંપ્રદાયિકોએ તરત વિરોધ નોંધાવ્યો અને ચિંતા વ્યક્ત કરી. વિહિપ જેવા લોકો આમાં મોખરે હતા. પણ તટસ્થ રીતે વિચારીએ તો હિંદુઓ અને મુસ્લિમોનો બંનેનો વસતી વધારાનો દર ઘટ્યો છે. આઝાદી પછી આવું પહેલીવાર બન્યું છે. શિવસેનાએ જાહેર કર્યું કે મુસ્લિમોના વસતીવધારા માટે ધર્મનું રાજકારણ જવાબદાર છે. કેટલાક તત્ત્વો દેશમાં ઇસ્લામીકરણ પાછું લાવવા પ્રયત્ન કરી રહ્યા છે. પણ તટસ્થ રીતે જોતાં આ વાત સાચી લાગતી નથી. વિશ્વ હિંદુ પરિષદે જાહેર કર્યું કે મુસ્લિમોના લવ જેહાદને કારણે આ થઈ રહ્યું છે. એણે કહ્યું કે ૧૯૫૧થી ૨૦૧૧ દરમ્યાન વસતીમાં કુલ હિંદુ પ્રમાણ ૮૪%માંથી ૮૦% થઈ ગયું. જ્યારે મુસ્લિમ પ્રમાણ ૧૦%માંથી વધીને ૧૪% થઈ ગયું. વહેલાસર જાગશું નહીં તો અસમતુલા સર્જાશે.

પણ ઊંડું વિચારીએ તો આ વાતમાં તથ્ય નથી. સૌથી પહેલી વાત એ છે કે વસતી વધારાની ગતિ ધીમી પડી ગઈ છે. આપણે ત્યાં છેલ્લે છેલ્લે જે વસતી વિસ્ફોટ થયો છે એ જોતાં આ આનંદદાયક સમાચાર કહેવાય. હિંદુઓ અને મુસ્લિમો બંનેમાં વસતી વધારાનો દર ઘટી રહ્યો છે. ૧૯૮૧ સુધી હિંદુ વસતી વધી રહી હતી અને વસતી વધારાનો દર ૨૪% હતો. ત્યાર પછી એ સતત ઘટતો રહ્યો છે. ૨૦૧૧માં એ ૧૬.૭૬ ટકા થયો છે. ત્રણ દાયકામાં એમાં ૭.૨૫ ટકાનો ઘટાડો થયો છે. મતલબ કે આમાં ખતરાની કોઈ વાત જ નથી. સામે પક્ષે મુસ્લિમોનો વસતી વધારાનો દર પણ ઘટ્યો છે. ૧૯૯૧માં એ ૩૨.૮૮ ટકા હતો, ૨૦૧૧માં એ ઘટીને ૨૪.૬૦ ટકા થયો છે. મતલબ કે મુસ્લિમ વસતી વધારાનો દર હિંદુ કરતાં વધુ ઝડપથી ઘટી રહ્યો છે. હિંદુઓના ૭.૨૫ ટકાની જગ્યાએ મુસ્લિમ દર ૮.૨૫ ટકા ઘટ્યો છે. ૧૯૯૧થી ૨૦૦૧ દરમ્યાન દેશની વસતીમાં મુસ્લિમોના પ્રમાણમાં ૧.૭૩ ટકાનો વધારો થયો જ્યારે ૨૦૦૧થી ૨૦૧૧ દરમ્યાન દેશની વસતીમાં મુસ્લિમોનું પ્રમાણ અગાઉના દાયકા કરતાં અડધું જ વધ્યું છે. મુસ્લિમોની વાત આવે ત્યારે સચર કમિશનની વાત આવે છે. એણે નોંધ્યું છે કે મુસ્લિમોમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું હોવાથી કુટુંબ નિયોજન અપનાવવાનું પ્રમાણ પણ નીચું રહેવાનું. કેરળ અત્યારે દેશમાં ૯૫ ટકાના આંક સાથે સાક્ષરતાની બાબતમાં પ્રથમ ક્રમે આવે છે. આથી ત્યાં મુસ્લિમ વસતી ઠીક ઠીક છે. ત્યાં પણ ભણેલા મુસ્લિમો કુટુંબ નિયોજન અપનાવે છે. આજના આર્થિક સંકડામણના યુગમાં વધુ બાળકો કોઈને પોષાય જ નહીં.

વસતી ગણતરીના આંકડાને ધાર્મિક ઉશ્કેરણીનું નિમિત્ત બનાવી શકાય જ નહીં, એ માટે દેશની જુદી જુદી કોમો અને એમાં પછાતપણાના જુદા જુદા

સ્તરને ધ્યાનમાં લેવું જ પડે. હિંદુઓ અને મુસ્લિમ બંનેમાં સવર્ણ જ્ઞાતિઓ છે તેમ પછાત જ્ઞાતિઓ પણ છે. બંને કોમોમાં પછાત જ્ઞાતિઓમાં કુટુંબ નિયોજનની પ્રથા ઓછી જ રહેવાની અને કુટુંબ નિયોજનની પ્રથા જેટલી ઓછી, એટલો વસતી વધારાનો દર વધુ રહેવાનો. સલામતી અને અસલામતીની ભાવના સાપેક્ષ વસ્તુ છે. કોઈને કોઈથી અસલામતી નથી. વસતી વધે એટલે ઓછી વસતીવાળા અસલામતી અનુભવે એ ગણિત સાચું નથી. ગણિત સાચું હોય તો દેશ ઉપર ઉત્તર પ્રદેશનું શાસન હોત. ગુજરાતની વસતી ઓછી હોવા છતાં એ સમૃદ્ધ રાજ્ય છે. બિહારની વસતી વધુ હોવા છતાં એ ગરીબ રાજ્ય છે. લડાઈ વંચિતો અને બિનવંચિતો વચ્ચેની છે. આમાં રાજકારણ ખેલવા જેવું નથી. રાજકારણ આવે તો બીજા દૂષણો પણ આવે છે. અત્યારે આપણે દૂષણોના જ્વાળામુખી ઉપર બેઠા છીએ. ધિક્કાર અને દ્વેષનું રાજકારણ ચારેબાજુ ખેલાઈ રહ્યું છે. એમાંથી છૂટકારો મેળવવો હોય તો આ પ્રશ્ને ઠંડા દિમાગથી અને તટસ્થ રીતે વિચારવાની જરૂર છે.

આજે આપણે કોમવાદી, જ્ઞાતિવાદી અને પ્રદેશવાદી પક્ષોથી ઘેરાઇ ગયા છીએ. કોઈપણ પ્રશ્નને આપણે આમાંથી એક દૂષણના ચશ્માથી જોઈએ છીએ. નિરપેક્ષભાવે એ પ્રશ્નની ચર્ચા કરવાની શુદ્ધ હવા ક્યાંથી મળે? જે મળે એ ઝેરી કચરાથી અને ઝેરી પ્રચારથી પ્રદૂષિત જ હોય. આપણને જરૂર છે પ્રશ્નને નિરપેક્ષ ભાવે જોવાની.

ભવિષ્યવેતાઓ તિથિ જોતા નથી પણ રાજકારણી જુએ છે. ભવિષ્યવેતાને ઘરાકીની ચિંતા નથી પણ રાજકારણીને છે. ૧૯૯૫, ૧૯૯૮, ૨૦૦૪ અને ૨૦૦૯માં મુસ્લિમોએ કોને મત આપ્યા હતા એની ચિંતા બધા રાજકારણીઓને થઈ હતી. ચૂંટણી સ્થાનિક સ્વરાજ્યની હોય કે વિધાનસભાની કે લોકસભાની હોય, દરેક રાજકારણીને એની ચિંતા હોય જ છે. મુસ્લિમો એન માસ અથવા એન બ્લોક મતદાન કરવા ટેવાયેલા છે એવી એક માન્યતા છે. યુ.પી.માં છેલ્લી ચૂંટણીમાં સમાજવાદી પક્ષે આ માન્યતાનો ભરપૂર લાભ લીધો હતો. પરિણામે એણે ચારસો બેઠકોમાં ૭૫ મુસ્લિમોને ફાળવી અને એમાંથી ૬૫ લઈ ગયું. બીજી બાજુ ભાજપે માત્ર બે બેઠકો મુસ્લિમોને ફાળવી. ગુજરાતમાં છેલ્લી ત્રણ ચૂંટણીમાં ટિકિટની વહેંચણી નરેન્દ્ર મોદીએ કરેલી અને ૧૮૨ માંથી એક પણ ટિકિટ મુસ્લિમ ઉમેદવારને નહોતી આપી. પરિણામે એમના ઉપર મુસ્લિમ વિરોધીનું લેબલ લાગી ગયું. કેન્દ્રમાં વડાપ્રધાન બન્યા પછી આ લેબલ ભૂંસી નાખવા મોદી ભરપૂર પ્રયત્ન કરે છે. લઘુમતીનું ખાસ ખાતું ઊભું કર્યું અને નઝમા હેપતુલ્લાને એ ખાતું ફાળવ્યું. આ ઉપરાંત બીજા પ્રધાન નકવીને બનાવ્યા. પણ ૭૦માંથી માત્ર બે પ્રધાન ચાલે નહીં. આ પહેલાની યુ.પી.એ.ની સરકારમાં ૭૦માંથી સાત પ્રધાનો મુસ્લિમ હતા.

વિશ્વમાં વિવિધ ધર્મના અનુયાયીઓની વસતીના આંકડાના આધારે થોડા સમય પૂર્વે અમેરિકામાં એક સર્વે થયો હતો. આ સર્વેમાં બહાર આવ્યું હતું કે અન્ય વસતીની સરખામણીએ મુસ્લિમોમાં વસતી વધારાનો દર વધુ હશે ત્યારે ખ્રિસ્તીઓ અને હિંદુઓ પોતાની વસતી વધારાની ગતિ જાળવી રાખશે. ૨૦૧૧માં ઇન્ડોનેશિયામાં ૨૦ કરોડ મુસ્લિમો હતા જ્યારે ભારતમાં આ આંકડો ૧૭ કરોડનો હતો. ૨૦૫૦ સુધીમાં હિંદુઓની વસતીમાં ૩૪ ટકા વધારો થશે અને વિશ્વમાં કુલ ૧.૪ અબજ હિંદુઓ હશે. આમ વિશ્વની કુલ વસતીમાં હિંદુ પ્રમાણ ૧૪.૯ ટકા થશે. યુરોપમાં હિંદુ વસતી બમણી થશે એનું કારણ ઇમીગ્રેશન હશે. અમેરિકામાં પણ દર વરસે ભારતીયો અને એમાંય હિંદુઓ મોટી સંખ્યામાં સ્થળાંતર કરે છે છતાં આગામી ચાર દાયકામાં વિશ્વનો સૌથી મોટો જનસમૂહ ખ્રિસ્તીઓનો હશે. જ્યારે મુસ્લિમો બીજા નંબરે હશે. આ પ્રવાહ ચાલુ રહેશે તો કદાચ ૨૦૭૦ સુધીમાં ઇસ્લામ દુનિયાનો સૌથી વધુ પ્રચલિત ધર્મ હશે.

ભારતમાં આસામ અને બંગાળ તથા ત્રિપુરામાં બાંગ્લાદેશથી ઘૂસણખોરી ચાલુ છે. પરિણામે મુસ્લિમોની વસતી વધવાનો વાસ્તવિક કરતાં ખોટો ભ્રમ ફેલાય છે. સાંપ્રદાયિક હિંદુ વર્ગ આનો ગેરલાભ લે છે. મુસ્લિમોમાં શિક્ષણનું પ્રમાણ વધે તેમ કુટુંબ નિયોજનનું પ્રમાણ વધે. કેરળ આનો દાખલો છે. ભારતમાં સૌથી વધુ સાક્ષરતા કેરળમાં છે. પરિણામે ત્યાંના મુસ્લિમો પણ સાક્ષરતાની દૃષ્ટિએ આગળ છે. આવું જ બધા રાજ્યોમાં બનવાની શક્યતા છે. ગરીબીને કારણે પણ મુસ્લિમોમાં પરિવાર નિયોજનનું પ્રમાણ ઓછું છે. ગરીબી તથા અશિક્ષિતતા જેમ જેમ ઘટે તેમ તેમ પરિવાર નિયોજન વધે. આમ અત્યારની સ્થિતિ હંમેશ માટે ચાલુ રહી શકે એમ નથી. કેટલીક મુસ્લિમ સંસ્થાઓ મુસ્લિમોને કુટુંબ નિયોજન બિન ઇસ્લામી હોવાનો પ્રચાર કરીને એનાથી દૂર રહેવાની સલાહ આપે છે. પણ મુઝફ્ફર હુસેન જેવા વિદ્વાને એક પુસ્તક લખીને સ્પષ્ટતા કરી છે કે કુટુંબ નિયોજનનો ઇસ્લામમાં વિરોધ નથી બલ્કે એ અપનાવવાની સલાહ આપવામાં આવી છે. આ અંગે મુસ્લિમ સમાજમાં અત્યાર સુધી રૂઢીચુસ્તતા હતી પણ હવે આ બાબતમાં પરિવર્તન આવ્યું છે અને ધીમે ધીમે મૌલવીઓ પણ પરિવાર નિયોજનની હિમાયત કરતા થયા છે. કુરાન અને હદીસમાં ઘણી બાબતો જુદા જુદા અર્થઘટન ઉપર આધારિત છે. આથી ઉલેમાઓ દ્વારા જાતજાતનાં અર્થઘટન કરવામાં આવે છે પણ ઇન્ડોનેશિયા જેવા દેશોમાં અને

**(અનુ. : જુઓ પાના નં.-૧૪ ઉપર)**

માન્યતા

# બદલાતી સંસ્કૃતિઓ

• મુરજી ગડા •

આપણે જ્યારે પ્રાચીન ભારતીય સંસ્કૃતિની વાત કરીએ છીએ ત્યારે આપણા મનમાં એક આદર્શ સમાજ વ્યવસ્થાનો ખ્યાલ હોય છે. આપણે જે સાંભળતા અને વાંચતા આવ્યા છીએ, એને સ્વાભાવિકપણે સ્વીકારી લીધું છે. વાસ્તવમાં એ અર્ધસત્ય છે.

આપણી પ્રાચીન સંસ્કૃતિ ખરેખર કેવી હતી એ કહેવું લગભગ અશક્ય છે. ગણ્યાગાંઠ્યા મહાકાવ્યો કે ગ્રંથો પરથી એનો સાચો ખ્યાલ ન આવે. એમાં થોડી અતિશયોક્તિ અને ઘણી બધી કવિ કલ્પના, (વિશફુલ થિંકિંગ) પણ હોઇ શકે છે. સદીઓ પછી પણ એ અકબંધ જળવાઇ રહી છે એમ માનવું ભોળપણ છે.

**આપણને વર્તમાનમાં જે નજર સામે દેખાય છે તે આપણી સદીઓની સંસ્કૃતિનો નિચોડ છે, આપણો સાંસ્કૃતિક વારસો છે. એટલે એ જ આપણી સાચી સંસ્કૃતિ ગણાય.** આપણી કુટુંબભાવના, વડીલો પ્રત્યેના માનમર્યાદા, પડોશીઓ સાથેનો સંબંધ, સહિષ્ણુતા વગેરે આપણી સંસ્કૃતિનું જમા પાસું છે. સાથેસાથે દંભ, ભ્રષ્ટાચાર, દેખાદેખી, બહાનાંબાજી, અંધશ્રદ્ધા, જાતિભેદ, વર્ણભેદ, અસ્પૃશ્યતા, પરિવર્તનનો વિરોધ, જાહેર જગ્યાઓની ગંદકી વગેરે બધું જ આપણી સંસ્કૃતિનું ઉધાર પાસું છે. આમાથી ઘણું પહેલેથી ચાલ્યું આવે છે.

ભારતીય સંસ્કૃતિ ઘણી જૂની છે. પાંચ પ્રાચીન સંસ્કૃતિઓમાંની તે એક છે. આ બધી સંસ્કૃતિઓનો ત્યારે પણ એકબીજા સાથે સંપર્ક હતો અને પરસ્પર વિચારોની આપલે થતી હતી. જો એમાં ઊંડા ઉતરીએ તો પ્રાચીન સંસ્કૃતિઓ વચ્ચે ઘણી સમાનતા દેખાઇ આવે છે. સાથે સાથે બધી સંસ્કૃતિઓમાં પોતાની સ્થળ આધારિત વિશિષ્ટતા પણ હતી.

સંસ્કૃતિઓ આદિકાળથી અસ્તિત્વમાં છે, અને સમયાંતરે બદલાતી રહી છે. એમને બદલે છે ધર્મ, માનવીય સ્થળાંતર, રાજકારણ, ઇતિહાસ, ઔદ્યોગિકીકરણ, વૈશ્વિકીકરણ, શહેરીકરણ વગેરે.

ધર્મ અને સંસ્કૃતિ બે ભિન્ન બાબતો છે. ધર્મ એ મનુષ્ય જીવનનું ખૂબ અગત્યનું અંગ હોવા છતાં સંસ્કૃતિનો જ એક ભાગ છે. સંસ્કૃતિ તો આપણી દરેક પ્રવૃત્તિ, વિચારો, માન્યતાઓ વગેરે બધાનો સરવાળો છે. એને જીવન વ્યવસ્થા કે સમાજ-વ્યવસ્થા પણ કહી શકાય. એ આપણા વહેવાર, તહેવાર, રીતરિવાજ, રહેણીકરણી, સાહિત્ય, સંગીત, કળા, ફિલ્મ વગેરે દ્વારા છતી થાય છે.

સંસ્કૃતિ અને ધર્મ અલગ હોવા છતાં એકબીજાના પૂરક છે. આજના સ્વરૂપમાં જે જુદા જુદા ધર્મો અસ્તિત્વમાં છે તે પ્રાચીન સમયમાં મોજૂદ નહોતા. સ્થાનિક સંસ્કૃતિની તત્કાલીન જરૂરિયાત તેમજ તેમાં રહેલા કેટલાક અતિરેકના પર્યાયરૂપે જુદા જુદા ધર્મોનો ઉદય થયો અને તે પ્રમાણે ધર્મોના સિદ્ધાંત રચાયા. ધર્મના ફેલાવા સાથે એમાં રહેલ વિચારભેદને કારણે સંસ્કૃતિઓ વચ્ચેનું અંતર વધવા લાગ્યું. સંસ્કૃતિઓ એકબીજાની પૂરક બનવાને બદલે સ્પર્ધક બની ગઇ.

સમાજશાસ્ત્ર એ બધીજ શાળાઓમાં ભણાવવામાં આવતો વિષય છે. વ્યવસાયમાં એનું મહત્ત્વ ન હોતાં મોટા ભાગના વિદ્યાર્થીઓ દ્વારા એ અવગણાય છે. છતાંયે એ ફરજિયાત ભણાવાય છે કારણકે એ આપણા જીવન સાથે વણાયેલ છે.

સમાજશાસ્ત્રનો એક ભાગ છે ઇતિહાસ. ઇતિહાસ એ રાજાઓના નામો અને લડાઇની તારીખો ઉપરાંત ઘણું વધારે છે. ઐતિહાસિક ઘટનાઓ પાછળના કારણો અને તેમની અસર ઇતિહાસનું હાર્દ હોય છે. દરેક મહત્ત્વની ઘટના અને વહેણ (ટ્રેન્ડ) એની અસર અચૂક મૂકતા જાય છે.

સંસ્કૃતિ, ધર્મ અને ઐતિહાસિક ઘટનાઓ ગાઢપણે સંકળાઇને એકબીજાને ઘડે છે. ધાર્મિક ભેદભાવોએ યુદ્ધો સર્જ્યા છે. યુદ્ધોએ રાજકીય નક્શા બદલી સંસ્કૃતિને મઠારી છે. એમાંથી નવા ધર્મોનો ઉદય થયો છે અથવા તો પ્રસ્થાપિત અને પ્રચલિત ધર્મમાં ફાંટા પડ્યા છે. આ ચક્ર ચાલતું રહે છે.

સંસ્કૃતિઓને સ્પષ્ટપણે બદલાવતી છેલ્લી સદીની થોડીક ઘટનાઓ અને વહેણ છે : યુરોપિય સંસ્થાનવાદનો અંત, લોકશાહીનો તેમજ શિક્ષણનો ફેલાવો, સામ્યવાદનો ઉદય અને પીછેહઠ, બે વિશ્વયુદ્ધો, ઔદ્યોગિકીકરણ, વૈશ્વિકીકરણ, શહેરીકરણ વગેરે.

ભારતના સંદર્ભમાં જોઇએ તો ઇતિહાસમાં પ્રથમવાર ભારત એક દેશ તરીકે ઉદ્ભવ્યો છે. એ પહેલાં ભારત ઉપખંડ સેંકડો નાનાં રજવાડાંઓમાં

વહેંચાયેલ હતો. પડોશી રાજ્યો સાથેના ઘર્ષણ સામાન્ય ઘટના હતી. એની અસર આજે પણ આપણી સંસ્કૃતિ પર અને રાજકારણમાં દેખાય છે. **આપણી વફાદારી પોતાના સમાજ, જ્ઞાતિ, ધર્મ કે પ્રાંત પ્રત્યે વધુ છે અને રાષ્ટ્ર પ્રત્યે ઓછી છે.** મોગલ શાસન તેમજ અંગ્રેજી શાસનની અસર પણ આપણી સંસ્કૃતિમાં વણાઈ ગઈ છે. તે છતાંયે પરિવર્તનના સ્વીકારને બદલે વિરોધની વૃત્તિ અકબંધ છે.

આશરે ચારસો વર્ષ પૂર્વે યુરોપમાં વૈજ્ઞાનિક વિચારસરણી સાથે આવેલી ઔદ્યોગિક ક્રાંતિએ ત્યાંની સંસ્કૃતિ મહદ્‌અંશે બદલી નાંખી. આપણી સામાજિક તેમજ અન્ય સમસ્યાઓ માટે પશ્ચિમી સંસ્કૃતિને દોષ દેવાનું આપણને ફાવી ગયું છે. આપણે એમનાથી જુદા છીએ એમ કહેવા કરતાં એમની પાછળ છીએ એમ કહેવું વધુ ઉચિત છે. આપણે જેને પશ્ચિમી સંસ્કૃતિ કહીએ છીએ તે હવે પશ્ચિમના દેશો પૂરતી જ મર્યાદિત નથી રહી. જ્યાં પણ વૈજ્ઞાનિક વિચારસરણી અને ઔદ્યોગિકીકરણ પહોંચ્યા છે ત્યાંની મૂળ સંસ્કૃતિ પર એની અસર અચૂક થઇ છે. અહીં સારા-નરસાની સરખામણી નથી. દુનિયાની બધી જ સંસ્કૃતિઓનો પ્રવાહ કઇ બાજુએ વહી રહ્યો છે એની ચર્ચા છે.

સાંસ્કૃતિક રીતે ભારતના મોટા શહેરોમાંનો અમુક વર્ગ એકવીસમી સદીમાં જીવે છે, ગામડાના લોકો ઓગણીસમી સદીમાં જીવે છે અને આદિવાસીઓ કદાચ સત્તરમી સદીમાં જીવે છે. દુનિયાના બધાજ વિકાસશીલ દેશોમાં વત્તે ઓછે અંશે આવીજ વ્યવસ્થા દેખાય છે. માહિતી પ્રસારણમાં જે જબરદસ્ત ક્રાંતિ આવી છે એના લીધે કાળક્રમે આ ભેદ ઓછો થશે. પરંપરાગત માન્યતાઓની પકડ ઢીલી પડશે અને દુનિયાની બધી જ સંસ્કૃતિઓ ફરી પાછી એકબીજાની વધુ નજીક આવે એવી શક્યતા દેખાય છે.

ભારતીય, પશ્ચિમી કે બીજી કોઇ સંસ્કૃતિને બદલે, લોકો કઇ સદીમાં જીવે છે, એ શબ્દપ્રયોગ વધુ યોગ્ય લાગે છે. **દરેક દેશમાં બધી જ વિચારધારાઓ અનુસરતા લોકો હવે મળે છે. પશ્ચિમનો અમુક વર્ગ આપણી પાસેથી યોગ અને ધ્યાન શીખે છે તો આપણે પૂર્વ એશિયાના દેશો પાસેથી કરાટે શીખીએ છીએ. દુનિયા આખી પશ્ચિમ પાસેથી વૈજ્ઞાનિક વિચારસરણી શીખે છે.** દુનિયાના બધાજ મોટા શહેરોમાં બધા દેશોની ખાવાની વસ્તુઓ મળે છે. ફક્ત વ્યાપાર ક્ષેત્રે નહીં પણ સાંસ્કૃતિક સ્તરે પણ વૈશ્વિકીકરણ થઇ રહ્યું છે. એનો આંધળો વિરોધ કરવાને બદલે એમાંથી સારાં તત્ત્વોને અપનાવવું આપણા હિતમાં છે.

વર્તમાન સમાજ વ્યવસ્થા ચાલુ રહે એમાં એક ચોક્કસ વર્ગનું હિત સમાયેલું હોય છે. તેઓ પરિવર્તનનો વિરોધ કરે એ સ્વાભાવિક છે. એના માટે તેઓ ''મહાન સંસ્કૃતિ, શ્રેષ્ઠ પરંપરા'' વગેરે દલીલોનો ઉપયોગ કરે છે. આજ સુધી તેઓ સફળ થતા આવ્યા છે પણ હવે એમનો સમય પૂરો થયો છે. સમાજ અને દેશ ધીરે ધીરે જાગી રહ્યો છે. આંધળા વિરોધનો વિરોધ કરવો જરૂરી બન્યું છે. આવનારો સમય પોતે એનો ઉત્તર આપશે.

સમાજશાસ્ત્રનો બીજો ભાગ છે ભૂગોળ. ભૌગોલિક રીતે છૂટા પડેલા પ્રદેશો પર સંસ્કૃતિના ફેરફારની અસર મોડી પડતી હતી. હવે એ ભેદ પણ ભૂંસાઇ રહ્યો છે.

ભૂગોળે બીજો એક મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એમાં સમાયેલી બાબતો નક્કર હકીકત હોવાથી એણે ઘણી પરંપરાગત ગેરસમજો દૂર કરી છે. કમનસીબે કેટલીક રૂઢિગત ગેરસમજો હજી પણ આપણી વચ્ચે પ્રચલિત છે તેમજ તેમનો ફેલાવો કરવામાં આવે છે.

જે બાબતો નિઃશંક રીતે સાબિત કરી દુનિયાએ સ્વીકારેલ છે અને બધી જ શાળા કૉલેજમાં ભણાવવામાં આવે છે છતાં જેની વિરુદ્ધ પ્રચાર કરવામાં આવે છે એ ધાર્મિક જડતાની પરાકાષ્ઠા છે. આવા અપપ્રચારના કેટલાક નમુના છે : ''પૃથ્વી ગોળ નહીં પણ સપાટ છે, પાણી પર તરે છે, ગુરુત્વાકર્ષણનું અસ્તિત્વ નથી, ચંદ્ર પર માનવી ગયો નથી અને જઇ શકે નહીં, ભૂતકાળમાં લોકોનું આયુષ્ય લાખો-કરોડો વરસનું હતું'' વગેરે વગેરે.

બધાજ ધર્મોના મૂળભૂત સિદ્ધાંતોમાં સત્યનું આગવું સ્થાન છે. સત્યપાલન એટલે સાચું બોલવા અને આચરવા ઉપરાંત સત્યનો સ્વીકાર પણ છે. જે બાબતો નિઃશંકપણે પુરવાર થયેલી છે એની સાથે પરંપરાને નામે અવિરત લડવા કરતાં સ્વીકારી લેવામાં વધારે ધાર્મિકતા છે. **ભૂતકાળમાં કોઇએ કંઇ કહ્યું હોય એટલા માટે એને વળગી રહેવામાં અંધશ્રદ્ધા સિવાય બીજું કંઇ નથી.**

આવી બાબતો વિશે આપણે જે પણ માનીએ એનાથી આપણા રોજિંદા જીવનમાં કંઇ ફરક પડતો નથી. છતાંયે એ આપણી વિચારસરણીનો પડઘો જરૂર પાડે છે. ખોટી હઠ રાખવાથી બદલાતી દુનિયા સાથેનું તાદાત્મ્ય અઘરું બને છે સત્યપાલનથી દૂર રાખે છે. **એકવીસમી સદીમાં જીવવું હોય, પ્રગતિ કરવી હોય તો પંદરમી સદીની માન્યતાઓને છોડવી પડશે.**

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*

# કચ્છ મ્યુઝિયમ - ભુજની તસવીરી ઝલક


























**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**

---

## Gujarat's Leading Electronic Manufacture

(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com

---

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેની ંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

**બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન**

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

---



II SHRI HARI II

## SHREE SWAMINARAYAN TRAVELS

22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | : 9825804763 | Gandhidham | : 9825804703 |
| • Anjar | : 9099943074 | Mandvi | : 9099943070 |
| • Una | : 9825804253 | Rajula | : 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | : 9275051712 | Vidyanagar | : 9825525732 |
| • Raipur | : 9825804761 | | |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

---

મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લક્ઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

## શ્રી હરિ ટ્રાવેલ્સ

પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે, બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
કિષ્ના ટ્રાવેલ્સ

---





## SHREE SAHJANAND TRAVELS

Visit us: www.sst.bookong.com

**23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.**

M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078

**Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa**

---

**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031

---

BLUE EYE
YOUR SPY EYE



ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE

For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254

**CHINA • INDIA • KENYA**





079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

પરિવહન

# દહેજ-ઘોઘા રો-રો ફેરી સર્વિસની સફળતા પર આધારિત આ નવીન પરિવહન પ્રણાલીનું ભવિષ્ય



વી.જે. ઠાકર
નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક

આમ તો ભૌગોલિક અને ઓશિયાનો ગ્રાફિક સંદર્ભે ગુજરાતનો દરિયા કિનારો ઉત્તરમાં સરક્રીકથી માંડીને દક્ષિણમાં ઉંમરગામ સુધી ખાંચાખૂંચીવાળો છે અને કચ્છનો અખાત તથા ખંભાતનો અખાતમાં કચ્છ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં કેટલાક સ્થળો વચ્ચે ખૂબ જ ટૂંકું અંતર ધરાવે છે. એટલે જમીન માર્ગે આ સ્થળોએ પહોંચતા ૩૦૦-૩૫૦ કિ.મી.નો પંથ કાપવો પડે છે. જ્યારે ૨૫-૩૦ કિ.મી. દરિયાઇ રસ્તે આવા સ્થળોએ પહોંચી શકાય છે. જેમાં કચ્છના અખાતમાં (૧) માંડવી - ઓખા, (૨) મુંદ્રા - જામનગર, (૩) કંડલા - નવલખીનો સમાવેશ થાય છે. જ્યારે ખંભાતના અખાતમાં દહેજ - ઘોઘાનું અંતર ખૂબ જ ટૂંકું હોઈ ફક્ત ૩૦-૩૧ કિ.મી.નું અંતર કાપી છેક ૩૪૦ કિ.મી. દૂર જમીન રસ્તે ગુજરાતના દહેજ બંદરે પહોંચી શકાય છે. આ દરિયાઈ માર્ગો જ્યારે રોડ રેલવે સુવિધા નહોતી ત્યારે ખૂબ જ ઉપયોગી હતા. ભૂતકાળમાં નાના સઢવાળા હોડકાં દ્વારા સ્થાનિક લોકો ગુજરાતમાંથી સૌરાષ્ટ્રનાં આવા નજીકનાં સ્થળોએ રોજિંદો વેપાર તથા શાકભાજી વહેંચવા આવતા જતા. આવી અનુકૂળ દરિયાઈ કુદરતી સગવડતાને કારણે ગુજરાતનાં કિનારે લખપત, જખૌ, માંડવી, મુંદ્રા, તુણા, નવલખી, જોડિયા, બેડી, સિક્કા, સલાયા, વાડીનાર, ઓખા, પોરબંદર, માંગરોળ, વેરાવળ, નવા બંદર, જાફરાબાદ, મહુવા અને ભાવનગર ઘોલેરા, સૌરાષ્ટ્ર કચ્છના કિનારે વિકસેલ બંદરો હતા. દરિયાઇ વાહન વ્યવહાર તથા વિદેશ વેપાર આ બંદરોથી ધમધોકાર ચાલતો. સૌરાષ્ટ્ર - કચ્છની કાંઠાળ પ્રજાની સાહસિકતા તથા સંસ્કૃતિ અને આર્થિક વિકાસમાં દરિયાઇ પરિવહન સેવાનો મોટો ફાળો છે. દેશી વહાણોનાં જમાનામાં આપણા લોકો દૂર દૂરના દેશોમાં ધંધો રોજગાર માટે પહોંચતા. પશ્ચિમમાં અરબસ્તાન, આફ્રિકા અને છેક પોર્ટુગલ સુધી અને પૂર્વમાં જાવા - સુમાત્રા, ફિઝીના ટાપુઓ સુધી આપણાં સાહસિક લોકો યુગોથી ફેલાયેલ છે.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં મશીનથી ચાલતી સ્ટીમરોનો જમાનો શરૂ થયો અને સૌરાષ્ટ્ર - કચ્છના સાહસિકો સ્ટીમર દ્વારા મોટા પ્રમાણમાં વિદેશ જવા લાગ્યા. પરિણામે મુંબઈથી મસ્કત એડવન અને આફ્રિકાના બંદરો સુધી જતી સ્ટીમરો, સૌરાષ્ટ્રના પોરબંદર તથા બેડી બંદરે પેસેન્જરો લેવા તથા ઉતારવા હોલ્ટ કરતી. મુંબઈ - કરાંચી વચ્ચે નિયમિત પેસેન્જર કમ કાર્ગો સર્વિસ ચાલતી. તે વખતે વીજળી (વટર્ની), કરંજા, વિટા, સરસ્વતી, સાબરમતી નામની સ્ટીમરો વચ્ચે માંડવી પેસેન્જરો અને માલસામાન લેવા ઉતારવા હોલ્ટ કરતી અને અનુક્રમે કરાંચી - મુંબઈ તરફ જતી. આ ઉપરાંત સોનાવતી - નેત્રાવતી નામની પેસેન્જર કમ કાર્ગો સ્ટીમરો પોરબંદર, વેરાવળ, નવા બંદર, જાફરાબાદ, મહુવા થઈ મુંબઈનો સરક્યુલર રૂટ પૂરો કરતી. છેક ૧૯૬૫ સુધી સરસ્વતી - સાબરમતી નામની સ્ટીમરો મુંબઈ - કરાંચી વાયા માંડવી ચાલતી. ઇ.સ. ૧૯૬૭માં સૌરાષ્ટ્ર કચ્છને જોડતો સૂરજબારીનો પુલ બન્યો તે પહેલાં કંડલા નવલખી વચ્ચે ફેરી સર્વિસથી લોન્ચો નિયમિત દિવસના ત્રણ ટ્રીપ સામસામે કરતી અને હજારો પેસેન્જરોથી બંદરો ધમધમતા. માંડવી - ઓખા વચ્ચે ભગવતી તથા સાગરમેલ નામની મશીનવાળી લોન્ચો નિયમિત વરસો સુધી ફેરી સર્વિસમાં ચાલતી અને ફક્ત અઢી ત્રણ કલાકમાં સફર પૂરી કરતી. રોડ ટ્રાન્સપોર્ટ તથા બ્રોડગેજનો વિકાસ થતાં રોડ રસ્તે સુવિધાઓ વધતાં દરિયાઇ સેવાઓ કાળક્રમે ઓછી થતી ગઈ અને ધીમે ધીમે બંધ થવા લાગી. આ છે આપણા દરિયાઇ વાહન વ્યવહાર અને આંતરિક નાનાં બંદરો વચ્ચે ચાલતી ફેરી સર્વિસનો ઇતિહાસ.

છેલ્લાં ૧૫-૨૦ વર્ષ દરમ્યાન ફરીથી દરિયાઇ વાહન વ્યવહાર ફેરી સર્વિસ શરૂ કરવા પ્રયત્નો થયા. તેમાં (૧) ઘોઘા - મગદલા (સુરત) વચ્ચે હોવરક્રાફ્ટ સર્વિસ શરૂ કરવામાં આવી. પરંતુ ઓટ દરમ્યાન દરિયાનું તળીયું છીછરું પડતાં હોવરક્રાફ્ટને વારંવાર નુકસાન થતું તેથી અને પૂરતો ટ્રાફિક ન મળતાં શરૂ કરેલ આ સેવા બંધ કરવી પડી.

આ રીતે જાફરાબાદ - મુંબઈ વચ્ચે પેસેન્જર સેવા શરૂ કરેલ પણ લાંબુ ચાલી નહીં. છેવટે ઓખા - માંડવી વચ્ચે

તાજેતરમાં શરૂ કરેલ ટુરિઝમ આધારિત સેવા પણ આર્થિક પોષણક્ષમ ન બનતાં લાંબુ ચાલી શકી નહીં.

- **ઉપરોક્ત સેવાઓ ન ચાલવાના કારણો :**

૧. બંને અખાતનાં પૂર્વ છેડાનાં ભાગે ભરતી - ઓટનો તફાવત બહુ મોટો રહેતો અને ભરતી પછી તાત્કાલિક ઓટ શરૂ થઇ જતાં ઊંડા પાણીનો લાભ ઓછો મળતો. ઉપરાંત દરિયાઇ કરન્ટનું પ્રમાણ વધુ રહેતાં જહાજની સ્ટેબિલિટી ઉપર અસર થતાં રોલિંગ - પીચીંગ વધારે થવાથી જે બેઠેલા પેસેન્જરોને વધુ હાલક ડોલક થવાથી આરામદાયક ન રહે.

૨. પેસેન્જરો સતત મળવાની શક્યતા તથા માલસામાન ભરેલા વાહનો શરૂઆતમાં આ જાતની હેરાફેરીનો અનુભવ ન રહેતાં પૂરતી સંખ્યા મળવાની અચોક્કસતા.

૩. માલસામાન ભરેલા ટ્રકો ભાવનગર અને ભરૂચ આસપાસના વિસ્તારમાંથી મળવા શક્યતા વધુ રહે પણ કંડલા રાજકોટથી ઘોઘા પહોંચવું. અને ત્યાંથી ફરી દહેજથી ભરૂચ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પહોંચતા અને ફેરી સર્વિસના ટાઈમ ટેબલ મુજબ જ જહાજો આવન જાવન કરતાં હોઈ, સમયની જાળવણીનો પ્રશ્ન વગેરે બાબતો અસરકર્તા છે.

૪. અત્યારે મહુવા, ભાવનગર, રાજકોટ અને સૌરાષ્ટ્રના કોઈપણ સ્થળેથી રાત્રિના એક્સપ્રેસ સ્લીપીંગ કોચ ઉપલબ્ધ છે. જેથી આરામથી રાત્રે સૂતા સૂતા નીકળી વહેલી સવારે ઓછા ભાડામાં મુંબઈ પહોંચી શકાય છે અને રાત્રિ મુસાફરીથી સમયનો પણ બચાવ થાય છે. જ્યારે ફેરી સર્વિસમાં ઘોઘા પહોંચવાની હળાકુટ. ત્યાંથી દહેજ સુધી હાલાકીભરી દરિયાઈ મુસાફરી કરી દહેજથી ભરૂચ પહોંચવાની વ્યવસ્થા કરવી અને ફેરી સર્વિસનું ઊંચું ભાડું. સામાન્ય લોકોને ફેરી સર્વિસની મુસાફરી અનુકૂળ રહે નહીં. એટલે લોકો આરામદાયક અને એક વખત બેઠા પછી જ્યાં જવું હોય ત્યાં સીધી ઉતરવાની સગવડતા વધુ પસંદ કરે.

ઉપરોક્ત તમામ પરિબળોને ધ્યાને લઈ છેલ્લા બે દાયકામાં શરૂ થયેલ ફેરી સર્વિસ લાંબું ચાલી શકી નથી.

તેમ છતાં માનનિય વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં કરોડોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી મહા મૂલ્યવાન જહાજો ભાડે રાખી દહેજ - ઘોઘા વચ્ચે રો-રો ફેરી સર્વિસનું ઉદ્‌ઘાટન કરેલ છે. તે કેટલે અંશે લોકભોગ્ય તથા ઇકોનોમિકલ વાયેબલ બનશે, તે તો આવનાર સમય કહેશે. અને આ પ્રોજેક્ટની સફળતાથી જ આ નવીન દરિયાઇ પરિવહન પ્રણાલીનું ભવિષ્ય નક્કી થશે. ■

---

## વાર્તા : એ આવજો...

**(અનુ. : પાના નં.-૩૫ ઉપરથી ચાલુ)**

કાનમાં રાખીએ તો બરાબર સંભળાય... તે લીધું છે... જુઓ... જુઓ... એ આ રહ્યું! જોયું? મને તમે એરિંગ લઈ આપ્યા... એટલે એરિંગને બદલે આ મશીન પણ તમે જ લઇ આપ્યું છે એમ કહેવાય ને? ને હવે બીજા એરિંગમાંથી છોરા માટે નાનકડી સાઇકલ લઈ દઈશ... ને કહીશ કે આ સાઇકલ તારા દાદાએ લઈ આપી છે! તમે સાંભળો છો ને? હું કાંઈ ખોટું કરતી હોઉં તો મને કહી દેજો હોં! મારી ચિંતા જરાય ન કરતા... મને બરાબર સંભળાય છે. કહીને કુસુમ ભીંતને ટેકે કેટલીયેવાર બેસી રહી! ને છબીમાંથી જાણે સુમનરાય તેની બાજુમાં આવ્યા... ને અંત વગરની વાતો કહેતા, સાંભળતા બંને, હળવા થયા.

સમય સરતો ગયો...!

એક સવારે બાએ જોયું તો આઘે આઘેથી પુત્ર-વહુ અને નાનકડો આશ્રમ તરફ આવી રહ્યા છે. પૌત્ર નાનકડી સાઇકલ પર ઝડપથી પ્રવેશદ્વાર પાસે આવ્યો ને બાએ દોડીને તેડી લીધો... કાલીઘેલી વાતોમાં જાણે શું ને શું કહી કહી સાઇકલ બતાવવા લાગ્યો. ઘંટડી રણકારવા લાગ્યો.

પુત્ર તથા વહુએ તેમને તેડવા માટે આવ્યા છે તેમ જણાવ્યું.

તેમણે કહ્યું, બેસો, હું હમણા આવું છું.

બા પોતાની ઓરડીમાં આવી સુમનરાયની છબી પાસે ગયાં ને બોલ્યા, ‘હવે તમે જ કહો. હું શું કરું?’ જાણે છબીમાંથી બોલ્યા, ‘કુસુમ! તેં ઘણી ધીરજ રાખી, ઘણાં આઘાત-પ્રત્યાઘાત સહન કર્યા. વળી વધુ તો તારી કાનની બહેરાશને કારણે તું સાંભળી શકતી ન હતી... તેથી સહન કર્યે જ રાખ્યું. પણ હવે તો તું બરાબર સાંભળી શકે છે. એટલે... છતાં...

ત્યાં જ વૃદ્ધાશ્રમનાં પરિસરમાં આવેલ પ્રાર્થનાખંડમાં જવાનો સમય સૂચવતો ઘંટારવ થયો. ત્યાં જતી મહિલાઓમાંથી એક મહિલાનો અવાજ આવ્યો : એ... કુસુમબહેન... આવજો!!

*ડી/૫, અરિહંતનગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

અતીતમાં નજર

## અતીતની અટારીએથી-૭

# હિંદને ખુવાર કરતું શોષણ થવું જરૂરી (India Must Be Bled)

• ભરત ભટ્ટ •

## • ઐતિહાસિક સંદર્ભ :

બ્રિટીશ શાસનકાળ દરમ્યાન હિંદમાં દુષ્કાળની પરિસ્થિતિનું પુનરાવર્તન ૧૮મી સદીમાં ત્રણ વખતથી વધીને ૧૯મી સદીમાં ૩૩ વખત થયું! ૧૮૯૬-૯૭ અને ફરી પાછા ૧૮૯૯માં હિંદના મોટા વિસ્તારોમાં કારમો દુષ્કાળ પડ્યો. આ બે દુષ્કાળોમાં લગભગ ૬૦ લાખ લોકો મોતને ભેટ્યા. દાદાભાઈ નવરોજી, આ કડીમાં આવરી લીધેલા, એમના ભાષણમાં અંગ્રેજોને સમજાવે છે કે શા માટે હિંદમાં વારંવાર દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય છે. આ ચાલુ રહેતી દુઃખદ ઘટનાઓ માટે તેઓ બ્રિટીશ શાસનને દોષી ઠેરવે છે. તેઓએ આ વિષય પર ગહન અભ્યાસ કર્યો હતો અને એ નિર્ણય પર આવ્યા કે બ્રિટીશ શાસન દ્વારા વર્ષો સુધી હિંદમાંથી પદ્ધતિસર રીતે ઢસડીને લઈ જવાતી અઢળક દોલતને કારણે હિંદનું અન્યાયી શોષણ થતું રહ્યું. જેના વિઘાતક પરિણામ હિંદે ભોગવવા પડ્યા. **આ કડીમાં આવરી લીધેલું વક્તવ્ય હિંદના દુષ્કાળ માટે રાહત ફાળો ઊભો કરવા ઇંગ્લેન્ડના યુનાઇટેડ મેથોડિસ્ટ ફ્રી ચર્ચમાં યોજાયેલી સભામાં દાદાભાઈએ આપ્યું હતું.**

દાદાભાઈએ 'Poverty and the Un-British Rule in India' નામનું પુસ્તક લખ્યું હતું. તેમાં તેઓએ હવે જાણીતી 'Drain Theory'નું પ્રતિપાદન કર્યું હતું. આ કડીમાં આવરેલું વક્તવ્ય તે પુસ્તકમાં રજૂ કરેલી દલીલોનો સારાંશ છે.

દાદાભાઈ ૧૯મી સદીના એ રાષ્ટ્રીય નેતા હતા કે જેઓએ હિંદની દારુણ દશાના કારણનું હાર્દ સમજીને હિંદીઓને માટે અર્થકારણના મંચ પર રાજકારણ રમવાની તક ઊભી કરી હતી. એમણે અસંદિગ્ધ રીતે દર્શાવ્યું કે કોઈપણ પ્રદેશમાં રહેતા કે કોઈપણ જ્ઞાતિના વાડામાં વહેંચાયેલા સૌ હિંદીઓની બ્રિટીશ શાસન તળે એક જ સ્થિતિ હતી અને તે દમનકારી શોષણના શિકારની. આ રીતે સમગ્ર હિંદના વાસીઓએ એ સમજવું રહ્યું કે તેઓની કોમ એક જ છે અને તે દમનકારી વિદેશી શાસનના શોષિતોની. તે માટે તે સૌએ એકત્ર થઈ જરૂરી સંઘર્ષ કરવો રહ્યો.

આ પ્રકારે દાદાભાઈ નવરોજી (The Grand Old Man of India)એ હિંદવાસીઓ માટે આધુનિક રાષ્ટ્રીયતાના અગત્યના પરિમાણનો પાયો નાખ્યો.

## • વક્તાનો પરિચય :

દાદાભાઈ નવરોજીનો જન્મ મુંબઈ સ્થિત એક પારસી કુટુંબમાં ૪ સપ્ટેમ્બર, ૧૮૨૫ના રોજ થયો હતો. તેઓ એલ્ફિન્સ્ટન કૉલેજમાં શિક્ષણ પામ્યા. એક ધંધાદારી પેઢીના ભાગીદાર તરીકે ૧૮૫૫માં તેઓ ઇંગ્લેન્ડ ગયા અને ત્યાં પચાસ વર્ષ સુધી રહ્યા. વચ્ચે વચ્ચે તેઓ હિંદ આવતા-જતા રહ્યા. ૧૮૫૬થી શરૂ કરીને ઘણાં વર્ષો સુધી તેઓએ યુનિવર્સિટી કૉલેજ, લંડન ખાતે ગુજરાતી શીખવાડ્યું. ૧૮૬૨માં તેઓએ પોતાનો ધંધો શરૂ કર્યો. ૧૮૬૬માં ઇસ્ટ ઇન્ડિયા એસોસિએશન (East India Association)ની સ્થાપના કરી અને તેના મંત્રી બન્યા. ૧૮૭૫માં તેઓ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સભ્ય તરીકે ચૂંટાયા, પરંતુ ૧૮૭૬માં તેમાંથી રાજીનામું આપી લંડન રવાના થયા. ૧૮૮૫માં તેઓ બોમ્બે લેજિસ્લેટીવ કાઉન્સિલમાં જોડાયા અને ત્રણ વખત તેના પ્રમુખ થયા. ૧૮૮૩માં તેઓએ 'વોઇસ ઓફ ઇન્ડિયા' (હિંદનો અવાજ) નામે સમાચારપત્ર શરૂ કર્યું, જે પછીથી ઇન્ડિયન સ્પેક્ટેટરમાં ભળી ગયું. **દાદાભાઇ ઇંગ્લેન્ડમાં સંસદીય ચૂંટણી ચાર વખત લડ્યા પરંતુ સફળ માત્ર એક વખત થયા. ૧૮૯૩થી ૧૮૯૫ દરમ્યાન કિન્સબરી સંસદીય ક્ષેત્રમાંથી લીબરલ તરીકે ઇંગ્લેન્ડના સંસદસભ્ય રહ્યા.**

બ્રિટનમાં દાદાભાઈ અત્યંત સક્રિય રહ્યા. ઠેકઠેકાણે ભાષણો આપ્યા. વર્તમાનપત્રોમાં લખ્યું, વ્યક્તિગત સંપર્કો કેળવીને અંગ્રેજોને હિંદના પ્રશ્નો અને હિંદીઓની આશા-આકાંક્ષાઓ સમજાવવા ભરપૂર પ્રયત્ન કર્યા. હિંદની આર્થિક પરિસ્થિતિ વિશે તેઓને ઊંડું જ્ઞાન હતું. હિંદની રાષ્ટ્રીય આવક સૌપ્રથમ આકારનારા દાદાભાઈ હતા. આ વિષય પર તેઓએ લખેલું પુસ્તક 'પોવર્ટી એન્ડ અન-બ્રિટીશ રુલ' (Poverty and Un-British Rule) ઉત્કૃષ્ટ ગણાય છે. **તેઓએ કહેલું – 'હિંદની દોલત વડે લંડનના રસ્તાઓની લાદીઓ જડાઇ છે.' આ કથન તેઓ પછી આવેલા રાષ્ટ્રવાદીઓએ**

**વારંવાર વાપર્યું.** તેઓ સ્વદેશીના આગ્રહી હતા, પરંતુ ગોખલેજીની માફક તેઓ પણ પશ્ચિમી સત્તાઓના પડકારને પહોંચી વળવા માટે ઔદ્યોગિકીકરણના હિમાયતી હતા. ઇંગ્લેન્ડ અને હિંદમાં રહીને ૬૧ વર્ષ સુધી દાદાભાઇ હિંદના રાજકીય, સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રો પર છવાયેલા રહ્યા. દિવસ અને રાત એક કરીને દાદાભાઈએ અદમ્ય જુસ્સા અને નિઃસ્વાર્થ ભક્તિથી માતૃભૂમિની સેવા કરી. તેથી જ તેઓ નિઃશંકપણે, બિલકુલ સાચા અર્થમાં 'ગ્રાન્ડ ઑલ્ડ મેન ઑફ ઇન્ડિયા' (Grand Old Man of India) કહેવાયા. ૧૯૧૭માં તેઓનું નિધન થયું.

- **વક્તવ્ય**

(ઇંગ્લેન્ડ, ૬ જુલાઈ, ૧૯૯૦)

મને ઘણી ખુશી છે કે અંગ્રેજ સજ્જનો અને સન્નારીઓની આટલી મોટી સભાને હું સંબોધી રહ્યો છું. હિંદીઓએ શું કહેવું છે એ સાંભળવા અંગ્રેજો ઇચ્છુક છે. તેથી મને મોટું આશ્વાસન મળે છે, તેની ખાતરી રાખજો. તમને સત્યની જાણ થાય તે માટે હું નીડરપણે અને દિલથી બોલીશ. 'As India must be Bled' (હિંદને યેનકેન પ્રકારેણ કોઈ પણ ભોગે ખુવાર કરતું શોષણ જરૂરી છે) – આ સાચા શબ્દોને હું અધિકૃત આલેખ તરીકે લઈશ. ઉપરોક્ત શબ્દો હિંદ બાબતના મંત્રી (સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઇન્ડિયા) લોર્ડ સેલીસબરીના પોતાના કહેલા છે. લોર્ડ સેલીસબરી સામેની કોઈ ફરીયાદ તરીકે હું તેનો ઉલ્લેખ નથી કરતો. ઉલટાનું આ સત્ય કહેવ માટે હું તેઓની ઇજ્જત કરું છું. આ અગત્યના શબ્દોનો અર્થ આપ સૌને માટે ભારપૂર્વક જણાવવો છે. કોઈ એક રાષ્ટ્રને શોષણથી ખુવાર કરવાનો શો અર્થ છે તે આપણે સ્પષ્ટપણે સમજીએ. એ તદ્દન સાચું છે કે જ્યારે કોઈપણ શાસનતંત્ર હોય ત્યારે લોકોએ કરવેરા આપવાના હોય. **પરંતુ લોકો પાસેથી કરવેરા લેવા અને લોકોનું લોહી ચૂસવું એ બે બાબતો વચ્ચે મોટો ભેદ છે.** ઇંગ્લેન્ડમાં તમે માથાદીઠ લગભગ ૫૦ શીલીંગ (કે તેથી થોડો વધુ) વાર્ષિક કરવેરો ભરો છો. હિંદમાં અમે માથાદીઠ માત્ર ૩ કે ૪ શીલીંગ વાર્ષિક કરવેરા ભરીએ છીએ. આ પરથી તમે નિર્ણય કરી શકો કે અમે (હિંદીઓ) દુનિયામાં સૌથી હળવા કરવેરા ભરીએ છીએ. પરંતુ આ હકીકત નથી. અમારા પરનું (કરેવરાનું) ભારણ તમારા કરતાં લગભગ બમણું છે. આ દેશમાં તમે ચૂકવેલા કરવેરા સરકારના હાથમાં જાય છે, ત્યાંથી તે નાણાં પાછા (તમારા જ) દેશમાં જ જુદા જુદા સ્વરૂપે વહે છે, જે વેપારધંધાને પોષે છે અને તે રીતે કરદાતાઓને પાછા મળે છે. તમારા કરવેરા (દેશમાં જ) માત્ર હાથ બદલે છે, તમારી સમૃદ્ધિ ઘટતી નથી. તમે જે ચૂકવો છો તે તમને પાછું મળવું જ રહ્યું. એમાં જેટલી ખાધ રહે તેટલી શક્તિનો હ્રાસ થાય. ધારો કે તમે દર વર્ષે ૧૦ કરોડ પાઉન્ડ ચૂકવો છો અને સરકાર તે નાણાંનો ઉપયોગ એવી રીતે કરે કે તેનો માત્ર એક હિસ્સો જ તમને પાછો મળે અને બાકીનો હિસ્સો (તમારા) દેશની બહાર જાય. આ રીતે તમારામાંથી લોહી બહાર વહાવી દેવાતું રહે તો તમારા જીવનનો એક હિસ્સો (સદાને માટે) તમારાથી દૂર થતો રહે છે. (ટુંકમાં તમારી જીવન શક્તિનો હ્રાસ થતો રહે છે.) ધારો કે એ ૧૦ કરોડ પાઉન્ડમાંથી માત્ર ૮ કરોડ પાઉન્ડ વેતન, વાણિજ્ય અને ઉત્પાદનના સ્વરૂપે તમને પાછા મળે, તો તમે ૨ કરોડ પાઉન્ડ ગુમાવશો. બીજે વર્ષે તમે એટલા અશક્ત બનશો અને દર વર્ષે આમ થતું રહેશે. લોકો પાસેથી કરવેરા લેવા અને લોકોનું લોહી ચૂસીને તેઓને ખુવાર કરવા વચ્ચે આ તફાવત છે. ધારો કે કોઈ ફ્રેંચ લોકો તમારા પર શાસન કરતા હોય અને આ ૧૦ કરોડ પાઉન્ડના કરવેરામાંથી તેઓ ૧ કે ૨ કરોડ પાઉન્ડ દર વર્ષે બહાર લઈ જતા હોય, તો તમારું લોહી બહાર વહી જઈ રહ્યું કહેવાય. રાષ્ટ્ર એ રીતે પોતાની જીવન શક્તિનો એક હિસ્સો સતત ગુમાવી રહ્યું કહેવાય. હિંદનો રક્તસ્રાવ કઈ રીતે થાય છે? મેં તમારા પર ફ્રેંચ લોકોના શાસનનું ઉદાહરણ આપ્યું. અમે હિંદીઓ તમારા શાસન નીચે છીએ. તમે અમારા ખર્ચને અને કરવેરાનો વહીવટ એવી રીતે કરો છો કે અમે ચૂકવેલા ૧૦ કરોડ પાઉન્ડના કરવેરા પૂરેપૂરા અમને કદી પાછા મળતા નથી. માત્ર લગભગ ૮ કરોડ પાઉન્ડ જ પાછા મળે છે. રાજ્યની આવકમાંથી સતત દર વર્ષે ૨ કરોડ પાઉન્ડ (હિંદની) બહાર વહી જાય છે. ગઈ સદીના મધ્યથી તમે હિંદ પર સત્તાધિકાર જમાવ્યો છે, ત્યારથી જે કોઈ અંગ્રેજો કે યુરોપિયનો હિંદ ગયા તેઓએ તે દેશની સાથે ક્રૂર દમનકારી વર્તન કર્યું છે. સૌથી વધુ દમનકારી રસ્તાઓ અખત્યાર કરીને તે દેશમાંથી અઢળક દોલત બહાર ઢસડી ગયા. હિંદના સામ્રાજ્ય પર તમે કઈ રીતે કબજો જમાવ્યો?

સામાન્યપણે એમ કહેવાઈ રહ્યું છે કે તમે (હિંદનું સામ્રાજ્ય) તલવારના જોરે જીત્યું અને તલવારના જ જોરે તે સાચવશો, જે સાચું નથી. જેઓ આમ કહે છે તેઓને જાણ નથી કે તેઓ શું કહી રહ્યા છે. તેઓ એ પણ ભૂલી જાય છે કે તમે તે 'બળના ઉપયોગથી' ગુમાવી શકો છો. તમે હિંદનું સામ્રાજ્ય તલવારના જોરે નથી જીત્યા. છેલ્લા આ

દોઢસો વર્ષ દરમ્યાન કરોડો રૂપિયાના ખર્ચે તમે યુદ્ધો કરીને આ વિશાળ સામ્રાજ્ય બનાવ્યું. તેમાં તમારી એક પણ પાઇ ખર્ચાઇ? તમે હિંદીઓને આ ખર્ચની એક એક પાઇ ચૂકવવા મજબૂર કર્યા. આ મહાન બ્રિટીશ સામ્રાજ્ય તમે અમારા ખર્ચે ઊભું કર્યું અને તમે (હવે) સાંભળશો કે બદલામાં અમને તમારા તરફથી શું મળ્યું. કોઈપણ સમયે હિંદમાં યુરોપિયન લશ્કર સરખામણીમાં નગણ્ય રહ્યું. હિંદના બળવા (૧૮૫૭ના) દરમ્યાન હિંદમાં તમારા (યુરોપિયન) સૈનિકો માત્ર ૪૦,૦૦૦ હતા. એ તો ૨ લાખ હિંદી સૈનિકો હતા જેઓ તમારા માટે લોહી રેડીને લડ્યા અને તે કારણે આ ભવ્ય સામ્રાજ્ય તમને મળ્યું. હિંદના ખર્ચે અને લોહી વડે આ સામ્રાજ્ય ઊભું થયું છે અને આજ દિવસ સુધી ટકી રહ્યું છે. આ યુદ્ધોની હિંદવાસીઓએ ચૂકવેલી અસાધારણ ભારે કિંમત અને દર વર્ષે જે કરોડોની દોલત તમે હિંદ બહાર ઢસડી લઈ જાવ છો તેના પરિણામે હિંદ આટલું શોષાઈને ખુવાર અને નિર્માલ્ય થવા લાગ્યું છે. એમાં કોઈ જ આશ્ચર્ય નથી કે એ સમય આવી લાગ્યો છે કે જ્યારે હિંદનો રક્તસ્રાવ હિંદને મૃત્યુ સમીપ લઈ જઈ રહ્યો છે. અમારા પર તમે મોટા યુરોપિયન લશ્કર અને મુલ્કી સેવાનું માળખું ઠોકી બેસાડ્યું છે અને અમારી પાસેથી ભારે કરવેરા વસુલો છો. પરંતુ કરવેરાના આ નાણાંના ઉપયોગ અને વહેંચણી કરવાનાં વહીવટમાં અમારો કોઈ જ અવાજ નથી. અહિંયા બેઠેલા શ્રોતાઓમાંથી કોઈ પણ ઊભું થઈને કહી શકશે કે કરવેરા આપ્યા બાદ તેના નાણાંના વહીવટમાં કરદાતાનો કોઈ જ અવાજ ન હોય તો તેનો તેને સંતોષ હશે? અહિંયા હાજર લોકોમાંથી કોઈને પણ હું પૂછું છું કે આ ભયંકર દુષ્કાળો અને પ્લેગની મહામારીઓ પાછળ શું કોઈ મોટું રહસ્ય સમાયેલું છે? આવા ખરાબ શાસનતંત્ર હેઠળ હિંદને ઠેકાણે બીજો કોઈ પણ દેશ હિંદે લીધેલા સમય કરતાં અર્ધા સમયમાં ઘસાઇને પાયમાલ થઈ ગયો હોત. અસાધારણ વાત એ છે કે જે હિંદીઓ તમારા હાથે ઘસાઇને પાયમાલ થયા છે, તેમની તમારા પ્રત્યેની વફાદારી હજી ઘણી છે. કારણકે હિંદીઓ ઘણા ભક્તિભાવથી પોતાની ધાર્મિક ફરજ માને છે કે તેઓએ તેમના શાસનકર્તાને આજ્ઞાંકિત અને વફાદાર રહેવું જોઈએ. તેઓ આ ભાવનાને વફાદાર રહ્યા છે. અને તમે તેનો ફાયદો ઉઠાવ્યો છે. આ વફાદારી સાચી અને પ્રામાણિક છે પરંતુ રખેને એમ માનતા કે આ વફાદારી હંમેશાં આમ જ રહેશે અને બદલાશે નહીં. આ તો બ્રિટીશ લોકોએ જાગીને પોતાના મન મોકળા કરવાની વેળા છે અને વિચારવાનો વખત છે કે શું તેઓ તેમની ફરજ હિંદમાં બજાવી રહ્યા છે? એમ કહેવાય છે કે હિંદના ભલા માટે હિંદનું શાસન ચલાવાય છે. તમે એવો દાવો કરો છો કે હિંદીઓ પાસેથી લેવાતા કરવેરામાંથી તમે કોઈ જ ફાયદો લેતા નથી. પરંતુ આ સત્ય નથી. વાસ્તવિક્તા એ છે કે આજ દિન સુધી હિંદનું શાસન એ રીતે થઈ રહ્યું છે કે હિંદના લોકો ગરીબીમાં ખૂંપતા જાય.

હું તમને સૌને પૂછું છું કે શું આ શોષણ ચાલુ જ રહેશે? શું એ જરૂરી છે કે તમારા ફાયદા માટે અમારો વિનાશ થવો જોઈએ? **લોર્ડ સેલીસબરીના બીજા સાચા શબ્દો ટાંકવા સાથે હું મારું વક્તવ્ય પૂરું કરીશ : 'અન્યાય સૌથી વધુ શક્તિશાળીનો પણ વિનાશ નોતરશે.'**

*અમદાવાદ.*
*મો. ૯૯૦૯૯ ૧૦૦૯૨*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

નામ / Name : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.**
બેંક : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬.
**Bank** : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006.
ખાતા નંબર : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952**
આઈએફએસ કોડ : **IFS Code : SBIN0005306**

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને SMS, વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

દેશદાઝ

# ...તો દેશના ભાગલા ન પડ્યા હોત

• યશવંત મહેતા •

તા. ૨૦ જુલાઈ, ૨૦૧૭ના દિવસે વરિષ્ઠ પત્રકાર શીલા રેડ્ડીના પુસ્તક 'મિસ્ટર એન્ડ મિસિસ ઝીણા : ધી મેરેજ ધેટ શુક ઇન્ડિયા' (શ્રીમાન અને શ્રીમતી ઝીણા : એક લગ્ન જેણે હિંદને હચમચાવી નાખ્યું)નું મુંબઈની તાજમહાલ હોટેલના એ રૂમમાં ઉદ્‌ઘાટન થયું. જે રૂમમાં તા. ૧૯-૨-૧૯૨૯ના દિવસે આ મિસિસ ઝીણાનું ૨૯ની વયે અવસાન થયું હતું. એ વયે એ અવસાન પામ્યા ન હોત તો...

જુઓ : ઇતિહાસકાર ડૉ. સૈયદ મહમુદે એક પુસ્તક લખ્યું છે : '૧૯૨૧નું આંદોલન – સંસ્મરણો.' આ પુસ્તક દેશના પ્રકાશન વિભાગે પ્રગટ કર્યું છે. આ પુસ્તકમાં અન્ય અનેક બાબતોની સાથે એક ખૂબ જ ધ્યાનપાત્ર વિધાન કર્યું છે : **'અત્યંત નાજુક, નિર્દંશ અને નિર્ભિક એવા મિસિસ ઝીણા જો લાંબું જીવ્યા હોત તો મિસ્ટર ઝીણા કાયદે-આઝમ બન્યા ન હોત.** એટલે કે મહંમદઅલી ઝીણા જે કાંઈ બની ગયા - એકદમ રુક્ષ, અતડા, આખા, અભિમાની, અદેખા – તો ન બન્યા હોત. કારણકે મિસિસ ઝીણા એમને સદાય માર્દવપૂર્ણ, સમજુ અને સ્નેહાળ રાખત.'

અલબત્ત, જે એક કડવો ઇતિહાસ રચાઈ ચૂક્યો છે તેનો તો ઇન્કાર થઈ શકે તેમ નથી. પરંતુ એ ઇતિહાસને ઘાટ આપનાર પરિબળો યાદગાર છે. વળી એ ઇતિહાસની પાર્શ્વભૂમાં એક અજીબોગરીબ પ્રેમકથા રહેલી છે એની બહુ ઓછા લોકોને ખબર છે. હિંદના ભાગલા પડ્યા અને પાકિસ્તાનની રચનામાં ઝીણાએ જે ભૂમિકા ભજવી એ ઘટનાની પાછળની ભૂમિકા પણ જાણવા જેવી છે.

૧૮૭૬માં કરાંચીમાં જન્મેલા અને મૂળ કુતીયાણાના વતની તથા કરાંચી જઈને ખૂબ કમાયેલા એક ખોજાના દીકરા મહંમદઅલી ઝીણા નાનપણથી જ ખૂબ બુદ્ધિશાળી હતા. માત્ર સત્તર વર્ષની વયે તો એ ઇંગ્લેન્ડની લીન્કન્સ ઇનમાં કાનૂનશાસ્ત્ર ભણીને બેરિસ્ટર બનવા ગયા હતા (૧૮૯૨).

ઝીણા જ્યારે અગિયાર જ વર્ષના હતા ત્યારે, ૧૮૮૭માં કાઠિયાવાડની જ એક ખોજા બાળકી અમઈબાઈ સાથે એમના લગ્ન થયા હતા. પરંતુ ઝીણા ઇંગ્લેન્ડમાં હતા એ દરમિયાન જ અમઈબાઈ અવસાન પામ્યા. ઝીણા ૧૮૯૬માં કરાંચી પાછા આવીને તરત જ કાનૂની વ્યવસાયમાં પડી ગયા. એટલા બધા હોંશિયાર હતા અને પ્રભાવશાળી વક્તા હતા કે તરત જ કાનૂની કામના ઢગલા હેઠળ દટાઈ ગયા. માત્ર એટલી જ વાત હોત તો કદાચ બીજા લગ્ન કરી લેત, પરંતુ દેશસેવાની દાઝ પણ એટલી જ લાગી. પરિણામે, સ્વાભાવિક જ બ્રહ્મચારી દેશસેવક બની ગયા.

૧૯૦૬માં એ કલકત્તા કોંગ્રેસવેળા દાદાભાઈ નવરોજીના મંત્રી બન્યા. એ પછી એમનું મુખ્ય કાર્યક્ષેત્ર મુંબઈ બન્યું. અહીં એ ફિરોઝશાહ મહેતા, લોકમાન્ય ટીળક, એની બેસન્ટ વગેરે અનેક અનેક દેશસેવકોના પરિચયમાં આવ્યા અને દેશના અગ્રણી રાજનેતા બન્યા.

બહુ સફળ વકીલ અને બહુ ભાવનાશાળી રાજનેતા બન્યા એટલે જગત આખાએ માની લીધું કે અક્કડ અને બુદ્ધિવાદી આ માણસ હવે આજીવન બ્રહ્મચારી જ રહેશે. પણ વીસમી સદીના બીજા દાયકામાં અત્યંત ધનવાન પારસી ગૃહસ્થ સર દિનશા પીટીટ સાથે ઝીણાને દોસ્તી થઈ અને ઇતિહાસ પલટાઈ ગયો.

દિનશા પીટીટની એક દીકરી હતી. એનું નામ રતનબાઈ હતું. પરંતુ લાડમાં એ 'રત્તી' કહેવાતી. બરાબર ૧૯૦૦ની સાલમાં જન્મેલી આ કન્યા માત્ર કોમળ ભાવનાઓનું જ મૂર્તરૂપ હતી. એકલાં ફૂલોની જ ઘડાયેલી હોય એવી એ કન્યા હંમેશાં ઉછળતી અને કૂદતી રહેતી. ખિલખિલાટ હસતી રહેતી. બુદ્ધિશાળી અને બહાદુર પણ હતી, પરંતુ કોમળતા એના તન, મન અને આત્મા સમગ્રનું વ્યાવર્તક લક્ષણ હતી. (અમે લેખકો વારંવાર લખીએ છીએ : એનું રૂપ વર્ણવવા શબ્દો ઓછા પડે! રત્તીનું તો રૂપ જ નહીં, વ્યક્તિત્વ પણ એટલું અદ્‌ભુત હતું કે શબ્દો એને કદી વર્ણવી નહીં શકે.)

મહર્ષિ વિશ્વામિત્ર મેનકાના સ્વર્ગીય રૂપથી ઓગળી ગયા હતા. આ અક્કડમિજાજ બેરિસ્ટર પણ રત્તીને જોઈને મુગ્ધ બની ગયા.

આમ છતાં, રત્તી ઝીણાને મન દિનશા પીટીટના વિરાટ બંગલા અને બગીચામાં ઉડતી કોઈ મુક્ત પંખીણીથી વિશેષ કાંઈ ન રહેત, જો એક ઉનાળે સહકુટુંબ દાર્જીલિંગ યાત્રામાં દિનશાએ

પોતાના આ એકલસુડા દોસ્તનેય નિમંત્રણ ન આપ્યું હોત.

દાર્જીલિંગની હરિયાળી પહાડીઓમાં રમતા ભમતા માત્ર સોળ વર્ષની આ સુંદરી પ્રભાવકતાના અવતારરૂપ અને ૪૦ વર્ષના પીઢ પુરુષ મહમદ અલીને દિલ દઈ બેઠી. બંનેનાં ગુપ્ત મિલન શરૂ થયા. રત્તી કરતાં ૨૪ વર્ષ મોટા ઝીણાએ તેની સાથે ખાનગીમાં વેવિશાળ કર્યું.

જ્યારે દિનશાને આ વાતની ખબર પડી ત્યારે એ કાળઝાળ બની ગયા. જેને મિત્ર તરીકે નિમંત્ર્યો હતો તે જ લૂંટારો નીકળ્યો! એમણે ઝીણાનાં અને રત્તીનાં મિલન - મુલાકાત સામે કાનૂની મનાઈ હુકમ મેળવ્યો. કહ્યું કે રત્તી હજુ સગીર છે.

ઉત્કટ પ્રેમમાં બંધાયેલા પ્રેમીઓને માટે આ જુદાઈ દુઃખકર નીવડી. પણ ઝીણા હવે હઠે ચડ્યા હતા. એમણે રત્તી પુખ્ત વયની થાય ત્યાં સુધી પ્રતીક્ષા કરી, પછી તરત જ એના સ્વતંત્ર નિર્ણયનો અધિકાર આગળ કર્યો.

રત્તી કોઈ સાધારણ કિશોરી હોત તો આટલીવારમાં પોતાની સમજાવટથી આ બેતાળીસ વર્ષના લૂખાસુકા, વિધર્મી બેરિસ્ટર સાથે પરણવાનો મત છોડી દીધો હોત, પણ રત્તી કોઈ સાધારણ અબુધ - અણસમજુ છોકરી નહોતી. અત્યંત વિશાળ એનું વાંચન હતું. બોલવા - ચાલવામાં અને પાર્ટી - પ્રસંગોમાં એટલી ચપળ હતી કે મુંબઈના ભદ્ર સમાજમાં એ 'ફ્લાવર ઓફ બોમ્બે'નું બિરૂદ પામી ચૂકી હતી. એણે પોતાના અગાઉના નિર્ણયને પકડી રાખ્યો. **૧૯મી એપ્રિલ, ૧૯૧૮ના 'સ્ટેટ્સમેન'માં એક જાહેરાત છપાઈ. 'મિસ રતનબાઈ, તે સર દિનશા પીટીટ અને લેડી પીટીટના એક માત્ર પુત્રીએ ગઈકાલે ઇસ્લામ અંગીકાર કર્યો છે અને તે આજે માનનિય મિસ્ટર એમ.એ. ઝીણા સાથે પરણ્યા છે.'**

સર દિનશા પીટીટ આ કજોડા લગ્નનો કદી સ્વીકાર કરી શક્યા નહીં. અરે, અગિયાર વર્ષ પછી દીકરી મરણ પામી ત્યારે એનું મુખ જોવા જવાનો સુધ્ધાં એમણે ઇન્કાર કર્યો. એની અંતિમક્રિયામાં ગેરહાજર રહ્યા.

ઝીણાએ મુંબઈના માઉન્ટ પ્લેઝન્ટ રોડ પર બાદશાહી મોટો બંગલો બંધાવ્યો હતો. એ વાંઢા - વિલાસમાં રત્તી જીવંત પ્રાણ બનીને પ્રવેશ્યા. એવું નોંધાયું છે કે એમણે ત્રણ વસ્તુઓ ઢગલાબંધ વસાવી હતી — પુસ્તકો, કળાકારીગરી અને વસ્ત્રો. અલબત્ત, સૌથી વિશેષ તો એ જીવનનો ઉલ્લાસ અને જિંદગી જીવવાના કોડ લઈને આવ્યા હતા. ઝીણા તો પ્રખર વકીલ હતા. કેસના કાગળોમાં જ એકાગ્ર રહેતા. જે થોડો સમય ફાજલ પડે તે રાજકારણને સમર્પિત થઈ જતો. યુવાન રત્તીને યૌવનસુલભ મોજમજામાં રસ હતો. એ રસ ઘણીવાર પડઘો પામતો નહીં.

અલબત્ત, ઝીણા ખૂબ ધીરજથી અને ઉદારતાથી કામ લેતા. રત્તીનાં ઘણાંય તોફાન માફ કરી દેતા. રત્તી ઘણીવાર તો સાવ આછકલા લાગે એવાં વસ્ત્રો પહેરીને વકીલોની ચેમ્બરમાં ધસી આવતા. ઝીણાનાં મેજ પર ચડી બેસતાં અને લટકાથી પગ ઝુલાવતા રહેતા. ઝીણાને તાકીદ કરતાં કે વાત જલદી પૂરી કરો. આપણે સાથે જવાનું છે. ઝીણા સાધારણ રીતે તો જાણે બાઈનું અસ્તિત્વ જ ન હોય એમ કામ પતાવ્યે જતા કે દલીલો કર્યે જતા. પણ ક્રોધ કદી ન કરતા. જો કે એમના જેવા ચોક્સાઈના આગ્રહી માટે આ પરિસ્થિતિ ભારરૂપ તો હતી જ.

એકવાર તો રત્તીએ હદ કરી નાખી. મુંબઈના ગ્લોબ સિનેમામાં મુસ્લિમ લીગની સભા હતી. ઝીણા પ્રમુખ હતા અને એમ.સી. ચાગલા મંત્રી હતા. ચાગલા વ્યવસ્થા સંભાળવા વહેલા આવી ગયા હતા. લીગના અનેક મોલવી - મોલાનાઓથી થિયેટર ભરાઈ ગયું હતું. એટલામાં પેલાં જાણીતાં અલ્પ અને આછકલાં વસ્ત્રો પહેરીને રત્તી આવ્યાં અને બેધડક સ્ટેજ પર ચડીને બેસી ગયાં. દાઢાળા ને પાઘડાબંધ મોલવીઓ તો ધુંઆંપુંઆં થતા ચાગલા પાસે આવ્યા અને પૂછવા લાગ્યા કે આ સ્ત્રી કોણ છે? એની વેશભૂષા ઈસ્લામી દૃષ્ટિએ દોષપૂર્ણ છે. અને કહો કે જતી રહે! ત્યારે ચાગલાએ કહેવું પડ્યું કે જનાબો, એની વેશભૂષા સહન ન થાય તો આંખો બંધ કરી દો, કારણ કે એને જતાં રહેવાનું મારાથી નહીં કહી શકાય. એ પ્રમુખશ્રીના પત્ની છે!

આ જ પ્રકારે, એક અન્ય પ્રસંગે પણ રત્તીએ ઝીણાને ક્ષોભજનક સ્થિતિમાં મૂકી દીધેલા. હિંદ આવેલા વાઈસરોયોમાં સૌથી વધુ લુચ્ચા ગણાયેલા લોર્ડ રીડિંગની પાર્ટી હતી. ત્યાં પોતાના મહેમાનો સાથે વાતો કરતા લોર્ડ રીડિંગ ઝીણા દંપતી આગળ આવ્યા. આબોહવાની વાતો કરતાં બોલ્યા કે હિંદની આબોહવા માટે મને ધિક્કાર છે. અહીં રહેવું મને જરાય પસંદ નથી.

તરત જ રત્તી ઠાવકે મોંએ બોલ્યા, 'તો પછી, માય લોર્ડ, તમે આવ્યા જ શું કામ? અહીં રહેવાનીય તમને કોણે ફરજ પાડી છે. હિંદે તો નહીં જ!'

લોર્ડ રીડિંગ તો કાપો તો લોહી ન નીકળે એટલા થીજી ગયા. વાઈસરોયના પોતાના ઘરમાં કોઈ વાઈસરોયને આટલી મેદની વચ્ચે આમ ઉઘાડો જાકારો કોઈએ આપ્યો નહોતો. માંડ માંડ કળ વળી ત્યારે એ બોલ્યા, 'યંગ લેડી, પોતાના

વાઈસરોય સામે આવી ઉદ્દંડતા આચરી ન શકાય.'

'આમાં મારી ઉદ્દંડતા ક્યાં આવી?' રત્તીએ લગીરે ઝંખવાયા વગર ફટકાર્યું, 'તમને હિંદ માટે નફરત છે એવું તમે કહ્યું, એટલે મેં તો એનું જ અનુમોદન કર્યું છે. જ્યાં જવું ગમતું ન હોય ત્યાં જવું શા માટે?'

વાચક મિત્રો, યાદ રહે કે 'અંગ્રેજો, ભારત છોડો!'નું સૂત્ર કોંગ્રેસે આપ્યું એનાથી એકવીસ વર્ષ અગાઉ માત્ર એકવીસ વર્ષની યુવતીએ આ સંવાદ કર્યો હતો.

રત્તી અને ઝીણાના ઉત્કટ પ્રેમના પરિણામરૂપે ઓગસ્ટ ૧૯૨૪માં દંપતી જ્યારે યુરોપમાં હતા ત્યારે એક દીકરીનો જન્મ થયો. એનું નામ દીના રાખવામાં આવ્યું, જેમાં રુઠેલા નાનાજીના નામને સમાવવાનો પણ પ્રયાસ હતો.

દીકરીના જન્મ પછી પણ રત્તી એ જ લહેરી અને ઉડાઉ જીવન જીવતા રહ્યાં. ઝીણાને એ સામે ખાસ વાંધો નહોતો. એ પણ મોંઘા જીવનના આશક હતા અને એવા જીવન માટે જરૂરી આવક મેળવી લેવાની ક્ષમતા ધરાવતા હતા. એ રત્તીના બધાં દેણાં ચૂકવી દેતા.

પણ લગ્નનાં દસેક વર્ષ પછી, કોણ જાણે કેમ, બંને વચ્ચે તિરાડ પડી. બંને અલગ અલગ પ્રવાસો કરવા લાગ્યા. અતડા અતડા રહેવા લાગ્યા. એકવાર રત્તી પેરીસમાં હતાં અને એકાએક બીમાર પડી ગયા. ઝીણા આયર્લેન્ડમાં હતા. એ દોડી આવ્યા અને જીવજાનથી સારવાર કરીને રત્તીને સાજાય કરી દીધા. પણ પછી વળી લડી પડ્યા. ઝીણાને પેરીસમાં છોડીને રત્તી મુંબઈ જતા રહ્યા. ત્યાં ૧૯૨૯ની શરૂઆતમાં એ બીમાર પડ્યા. પિતાનું ઘર તો બંધ હતું. પતિનું ઘર છોડવું પડ્યું. એ તાજમહાલ હોટલમાં રહ્યા. પરંતુ માંદગીએ ઉથલો ખાધો અને માંડ ૨૯ વર્ષનાં રત્તી ઝીણા અવસાન પામ્યાં.

આ વખતેય ઝીણા યુરોપથી દોડી આવ્યા. પરંતુ ફૂલ સમી પત્નીને માત્ર દફન જ કરવા પામ્યા, ત્યાં કબ્રસ્તાનમાં જ એ ધ્રુસકે ને ધ્રુસકે રોયા.

ઝીણાનાં જીવનચરિત્ર લખનારા કહે છે કે સમજણા થયા પછી ઝીણા આ પહેલી અને કદાચ છેલ્લીવાર રડ્યા હતા. પોતે એ હદે બુદ્ધિજીવી હતા.

રત્તી અને ઝીણાની આ પ્રેમકથાનું એક રસમય અનુસંધાન પણ છે. દંપતીની દીકરી દીના પણ પિતાની લાડકી બની. એને તો સર દિનશાનોય વારસો સાંપડ્યો હતો. પરંતુ મિજાજમાં અને સ્વમાનમાં એણે રત્તીનો વારસો સંભાળ્યો હતો.

પુખ્ત બન્યા પછી દીનાએ નેવિલ વાડિયા નામક પારસી યુવાન સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું અને પિતાની સંમતિ માંગી. ઝીણાએ તો પોતાની હંમેશની સત્તાવાહી ઢબે કહી દીધું કે હિંદમાં લાખો મુસ્લિમ યુવકો છે, તેમાંથી તું કોઈને પણ પસંદ કર.

ત્યારે માતાની જ શૌર્યભરી ઢબે દીનાએ પરખાવ્યું, 'પિતાજી! હિંદમાં લાખો મુસ્લિમ યુવતીઓ હતી... તમે શા માટે એમાંથી કોઈનીય સાથે લગ્ન ન કર્યાં?'

કરોડો જનોને પોતાની દલીલોથી અબોલ બનાવી દેનાર ઝીણા પાસે આ દલીલનો જવાબ નહોતો.

*(નોંધ : મુંબઈના વાડિયા પરિવારનો મહંમદઅલી ઝીણા સાથે આ સંબંધ છે!)*

## શિયાળાની સવાર આનંદદાયક હોય છે

**(અનુ. : પાના નં.-૩૬ ઉપરથી ચાલુ)**

છે. એટલે સાત વાગ્યા સુધીમાં જાગે તેને જગાડ્યો કહેવાય, દશ પછી ઉઠાડ્યો કહેવાય. આમ શિયાળામાં વહેલી સવારે જાગવા કરતાં જગાડવાનું અઘરું છે એ રીતે જગાડવા માટે પ્રભાતિયા પણ છે. કનૈયાને જગાડવા માટે 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા', 'વેણલા રે વાયા કાનુડા' ઉપરાંત હિંદી ફિલ્મોમાં 'જાગો મોહન પ્યારે જાગો' એવા ગીતો છે. આપણે જો મોહનની કૃપા પામવી હોય તો તેને નિરાંતે ઊંઘવા દેવો જોઈએ. શિયાળાની સવાર આહ્લાદક જ હોય છે, પરંતુ શિયાળાની સવાર તો અપૂર્વ આનંદદાયક હોય છે. શિયાળાની રાતના છેલ્લા પ્રહરના વાતાવરણમાં કાતિલ ઠંડી પ્રસરેલી હોય છે. આખું વાતાવરણ જાણે એક વિરાટ શીતઘરમાં ફેરવાઇ જાય છે. ધીમે ધીમે ભળભાંખળું થતાં પૂર્વની ક્ષિતિજે રંગોની અદ્ભુત છટા સાથે સૂર્યના કોમળ કિરણો જ્યારે પૃથ્વી પર પથરાય છે ત્યારે સમગ્ર પ્રકૃતિ જાણે હસું હસું થઈ રહે છે. આકાશ સોનેરી રંગે રંગાઇ જાય છે. વાતાવરણમાં હળવે હળવે સ્ફૂર્તિદાયક ઉષ્મા પ્રસરે છે. રાતભર કડકડતી ઠંડીમાં ઠુંઠવાતી રહેતી વનસ્પતિમાં નવચેતનનો સંચાર થાય છે. વૃક્ષો જાણે સમાધિમાંથી જાગી ઊઠે છે અને ફૂલવેલીઓ આનંદથી ઝુમવા લાગે છે. પુષ્પો અને પર્ણો પર પડેલાં ઝાકળનાં બિંદુઓ સૂર્યના પ્રકાશમાં મોતીની જેમ ચળકે છે. માળામાં ભરાયેલાં પક્ષીઓ જાગી ઊઠે છે અને મીઠાં ગીતો ગાઈ ઊઠતી પરોઢનું સ્વાગત કરે છે. આમ, આવો આપણે શિયાળાની સવારનું સ્વાગત કરીએ અને તેને માણીએ. ■

છત્રછાયા

## રખ લો આઇને હજાર તસલ્લી કે લિયે,
## પર સચ કે લિયે તો, આંખે હી મિલાની પડેગી.



ભોલાભાઈ ગોલીબાર

એક વખત એક પિતા-પુત્ર બોટમાં જઈ રહ્યા હતા. બંને રસ્તામાં ભટકી ગયા. બંને એક જગ્યા પર પહોંચ્યા, જે બાજુ-બાજુમાં બે ટાપુ હતા. પિતાએ પુત્રને કહ્યું, 'આપણા બંનેનો છેલ્લો સમય આવી ગયો છે, મને દૂર દૂર સુધી સહારો આપનાર કોઈ દેખાતું નથી.' નિરાશ પિતાએ પુત્રને કહ્યું, 'આપણે એક કામ કરીએ. આપણો અંતિમ સમય નજીક છે. તો પછી આપણે ઈશ્વરને પ્રાર્થના કરવાનું શરૂ કરીએ.' બંને જુદા જુદા ટાપુ પર જતા રહ્યા. બંને અલગ અલગ પ્રાર્થના કરવા લાગ્યા.

પુત્રએ ઈશ્વરને કહ્યું, 'હે ઈશ્વર, આ ટાપુ પર ફૂલ-શાકભાજી, ફ્રુટ ઊગી જાય અને એ ફ્રુટ, શાકભાજીથી અમે ભૂખ મિટાવી શકીએ.' પ્રાર્થના સાંભળી લેવામાં આવી. તાત્કાલિક શાકભાજી - ફ્રુટ ઊગી ગયા.

પુત્રએ કહ્યું, 'આ તો ચમત્કાર થઈ ગયો.' પછી એણે ઈશ્વર પાસે એક પ્રાર્થના કરી કે એક સુંદર સ્ત્રી આપો, જેની સાથે હું અહીં રહી પરિવાર વસાવું.'

તરત એક સુંદર સ્ત્રી પ્રગટ થઈ ગઈ. પુત્રને થયું ભગવાન મારી દરેક પ્રાર્થના સાંભળી રહ્યા છે એટલે પુત્રએ એક બોટ માંગી અને કહ્યું કે અમે અહીંથી બહાર નીકળી જઈએ. એની એ પ્રાર્થના પણ ભગવાને સાંભળી લીધી. બોટ હાજર થઈ ગઈ. પુત્ર બોટમાં એની સ્ત્રી સાથે સવાર થઈ પાછો વળવા લાગ્યો. એટલે આકાશવાણી થઈ, 'બેટા, તું એકલો જઈ રહ્યો છે? તારા પિતાને સાથે નહીં લઈ જાય?!'

પુત્રએ કહ્યું, 'એમને છોડો. એ એના લાયક જ છે. પ્રાર્થના તો એમણે પણ કરી, પણ તમે એમની એકપણ ન સાંભળી. કદાચ એમનું મન પવિત્ર નહોતું. તો એમને એમના કર્મોનું ફળ ભોગવવા દો.'

આકાશવાણી કહે છે, 'બેટા, શું તને ખબર છે તારા પિતાએ શું પ્રાર્થના કરી?'

પુત્રએ કહ્યું, 'ના.'

'તો સાંભળ. તારા પિતાએ એક જ પ્રાર્થના કરી કે ભગવાન, મારો દીકરો તમારી પાસે જે માંગે એ એને આપી દો.' બેટા, પિતા હોય કે માતા બંને પોતાના સંતાનો માટે જ પ્રાર્થના કરે છે. બસ, પ્રભુ આપણને એ લાયક બનાવે કે આપણે આપણા માતા-પિતાની છત્રછાયામાં રહીએ.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

### મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ

(અનુ. : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)

કોઈ રીએક્શન કે આડઅસર થતી નથી.

**૨. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી** (CBT) : દવાઓ સાથે કોગ્નિટીવ બિહેવિયર થેરાપી ચાલુ કરી. સી.બી.ટી.ની જોહનશનની પ્રોગ્રેસીવ મસ્ક્યુલર રીલેક્ષેશન થેરાપી (Progressive Muscular Relaxation), સિસ્ટમિક ડીસેન્સેટાઈઝેશન (Systemic Desensitization), થોટ પ્રિવેન્શન (Thought prevention) પદ્ધતિ દ્વારા સારવાર કરી.

**૩. કાઉન્સેલિંગ :** અભિગમમાં ફેરફાર : કાઉન્સેલિંગની પદ્ધતિઓ દ્વારા અભિગમમાં જરૂરી ફેરફારો વિશે ચર્ચા કરી. વિવેકપૂર્વક ના પાડતાં શીખવાની જરૂરત પર ભારપૂર્વકચર્ચા કરી. પોતાની જાતનો, સમયનો, શક્તિનો, સંજોગોનો, પ્રવૃત્તિઓનો, ક્ષમતાનો અને સીમાનો ખ્યાલ રાખ્યા પછી જ ના કે હા કહેવાનો નિર્ણય લેવો.

**૪. જીવનશૈલીમાં ફેરફારો :** પોતાના માટે સારી રીતે જીવવાની (Quality Life) પદ્ધતિઓ વિશે ચર્ચા કરી. મોર્નિંગ વોકની શરૂઆત કરી. વરિષ્ઠ નાગરિક મંડળ તથા લાફિંગ ક્લબના કુમુદિનીબેન સભ્ય બન્યા તથા સક્રિય રસ લેવા લાગ્યા. પોતાને મનગમતી પ્રવૃત્તિઓ અપનાવી.

ઉપરોક્ત પદ્ધતિથી ત્રણેક મહિનામાં વિચારો પર કાબૂ મેળવ્યો. એક વર્ષ બાદ કુમુદિનીબેન મળવા આવ્યા ત્યારે તેઓ પહેલાની જેમ જીવન માણી રહ્યા છે તથા ડાયાબિટીસમાં ઘણો જ સુધારો થયો છે.

***(ક્રમશઃ)***

સ્વાસ્થ્ય

# મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ (Obsessive thoughts)




ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ગયા લેખમાં ઓ.સી.ડી. (O.C.D.)ના અનિચ્છિત દબાણપૂર્વકના કાર્યો (Compulsive Behaviour)ના કિસ્સા વિશે આપણે જાણ્યું જેમાં દર્દીનું મન ગંદકીના વિચારોથી ઘેરાયેલું હતું તથા સાફસફાઈમાં વધારે પડતો સમય વેડફાઈ જતો હતો. (વારંવાર હાથ ધોવા, નહાવામાં વધારે સમય તથા વધારે પાણી ઢોળવું, ટોઈલેટમાં લાંબો સમય વગેરે) આને લીધે રોજિંદા કામકાજ તથા જીવન પર નકારાત્મક અસર થતી હતી.

આ ઉપરાંત એકની એક ક્રિયા દર્દી વારંવાર કરતી હતી. (બહાર જતી વખતે દરવાજો બરોબર બંધ છે એ વારંવાર ચકાસવું, ગેસનો ચૂલો વારંવાર તપાસવો, બહાર જતી વખતે તૈયાર થવા માટે વારંવાર કપડા કાઢવા તથા પહેરવા વગેરે.)

આ લેખમાં અનિચ્છિત દબાણપૂર્વકના વિચારો (Obsessive Thoughts) વિશે જાણીએ.

- **કેસ સ્ટડી :**

૬૬ વર્ષના કુમુદિનીબેન (નામ બદલ્યું છે)ને છેલ્લા પાંચેક વર્ષથી મનમાં વારંવાર વિચારો આવતા હતા કે સૌથી નાની દીકરી કૃતિકા જે સૌથી પ્રિય સંતાન છે તેને કુમુદિનીબેન શારીરિક રીતે નુકસાન કરશે. તીક્ષ્ણ હથિયાર વડે કૃતિકાના શરીર પર ઘા કરશે. આથી કૃતિકાને તકલીફ થશે. શરીરમાં આને લીધે ખોડખાંપણ રહી જશે તથા સાસરિયામાં કૃતિકા અપ્રિય થશે.

(કૃતિકા કુમુદિનીબેનની સૌથી પ્રિય દીકરી હતી. લાડમાં ઉછરેલ પરંતુ ખૂબ જ ડાહી દીકરી હતી. સાસરિયામાં સુખેથી રહેતી હતી. બે બાળકો હતા. પતિ સારું કમાતો હતો અને ખૂબ જ પ્રેમાળ હતો. કૃતિકા તથા એનો પતિ કુમુદિનીબેનને પોતાની સાથે બહારગામ લઈ જતા હતા. પરદેશ પણ લઈ ગયા હતા.)

ઉપરોક્ત વિચારથી કુમુદિનીબેન બેચેન થઈ જતા હતા, અસ્વસ્થ થઈ જતા. "હું કૃતિકાને નુકસાન પહોંચાડીશ" એ વિચારોથી રડવું આવી જતું. મનમાં અપરાધભાવ આવી જતો હતો. 'હું પાપી છું. જેથી મને આવા વિચારો આવે છે.' 'હું કેવી મા છું જે પોતાની પ્રિય દીકરીનું ખરાબ ઈચ્છે છે' 'આના કરતા મરી જવું સારું.'

શરૂઆતમાં ઉપરોક્ત વિચારો કોઈક વખત જ આવતા હતા તથા કુમુદિનીબેન વિચારો પર કાબૂ મેળવી પોતાનું ધ્યાન બીજે વાળી શકતા હતા. રોજિંદા કામકાજ તથા જીવન પર કોઈ અસર વિચારોને લીધે થઈ ન હતી. ધીમે ધીમે ઉપરોક્ત વિચારોનું પ્રમાણ વધતું ગયું. કામમાં મન પરોવાયેલું હોય ત્યારે ઉપરોક્ત વિચારો આવતા ન હતા પરંતુ કામ પૂરું થયા બાદ કે નવરાશના સમયમાં આવા વિચારો આવતા હતા. વિચારો પરનો કુમુદિનીબેનનો કાબૂ પણ ઓછો થઈ ગયો હતો. ઘણી વખત વિચારોમાં ખોવાઈ જતા તથા એ દરમ્યાન આજુબાજુ શું થઈ રહ્યું છે એ બાબત બેધ્યાન થઈ જતા. એક વખત આને લીધે ગેસ પર રાખેલ દૂધ ઉભરાઈ ગયું હતું તથા એક વખત શાક બળી ગયું હતું. આવું પહેલા ક્યારેય થયું ન હતું.

કુમુદિનીબેનનું મન ઉદાસ રહેતું હતું. ઉમંગ ઓછો થઈ ગયો હતો. બહારની પ્રવૃત્તિમાં રસ ઓછો થઈ ગયો હતો. મહિલા મંડળની મીટિંગોમાં જવાનું લગભગ બંધ જ થઈ ગયું હતું. (કુમુદિનીબેન મહિલા મંડળની મીટિંગોમાં પહેલા નિયમિત જતા હતા.) બહેનપણીઓ જોડે પણ બહાર જવાનું ઘણું જ ઓછું કર્યું હતું.

કુમુદિનીબેનને ઉપરોક્ત વિચારો વિશે ઘરની અન્ય વ્યક્તિઓને વાત કરતા ડર લાગતો હતો. એમને થતું કે બીજા મારા વિશે શું વિચારશે? નકારાત્મક પ્રતિભાવ તથા નકારાત્મક પ્રતિક્રિયાના ડરથી કુમુદિનીબેને ઉપરોક્ત વિચારો વિશે પતિ સુધ્ધાંને જાણ કરી ન હતી. કુમુદિનીબેનને એમ હતું કે થોડા સમયમાં આ વિચારો બંધ થઈ જશે અને પહેલાની જેમ બધું સારું થઈ જશે. પરંતુ વિચારોનું પ્રમાણ વધતું ગયું. છેવટે વધારે સહન ન થતાં એમણે પોતાના પતિને વિચારો બાબત વાત કરી.

પતિએ કુમુદિનીબેનને સમજાવવાની કોશિશ કરી કે આ ફક્ત વિચારો છે. તું આવું કંઈ અમલમાં નહીં લાવે એની મને ખાતરી છે. વિચારો બાજુ પર મૂકી નોર્મલ જિંદગી

જીવવાની કોશિશ કર. આનું પરિણામ શૂન્ય આવ્યું.

એક મહિના માટે કુમુદિનીબેન અને પતિ બહારગામ જઈ આવ્યા. સેનેટોરિયમમાં રહી આવ્યા. થોડોક વખત સારું લાગ્યું. પરંતુ છેલ્લે ત્યાં પણ વિચારો ચાલુ થઈ ગયા.

એક હિતેચ્છુની સલાહથી મનોચિકિત્સકને કન્સલ્ટ કર્યા.

નિદાન દરમિયાનના ઈન્ટરવ્યૂમાં કુમુદિનીબેને ડૉક્ટરને (લેખકને) સાતથી આઠ વખત પૂછ્યું કે ડૉક્ટર, હું મારી લાડકી દીકરીને શારીરિક નુકસાન તો નહીં પહોંચાડું ને? ડૉક્ટરે દરેક વખત સાંત્વન આપ્યાની થોડીક ક્ષણો બાદ કુમુદિનીબેન ફરીથી આ જ પ્રશ્ન પૂછતા. પછી કુમુદિનીબેન કહેતા કે ડૉક્ટર, મને સમજ છે કે મારે આ રીતે વિચારવું ન જોઈએ પણ હું શું કરું? મારા વિચારો મારા કાબૂમાં નથી. હું જાણી કરીને આ રીતે વિચારતી નથી.

- **નિદાન :**

કુમુદિનીબેનનો કેસ ઓ.સી.ડી. (O.C.D. – Obsessive Compulsive Disorder)નો છે જેમાં મુખ્યત્વે અનિચ્છિત દબાણપૂર્વકના વિચારો (Obsessive Thoughts) આવતા હતા. આ વિચારોને (લક્ષણોને) લીધે કુમુદિનીબેનના રોજિંદા કાર્યોમાં તથા રોજિંદા વ્યવહારમાં તકલીફ અને મુશ્કેલી સર્જાતી હતી.

નોર્મલ વ્યક્તિનો પોતાના મન પર કાબૂ હોય છે એટલે મનના કાર્યો (જેવા કે વિચારો, વર્તણુંક, લાગણી વગેરે) પર વ્યક્તિનો કાબૂ હોય છે. પોતે નક્કી કર્યા મુજબ વિચારો, વર્તણુંક, એ પ્રમાણેનું આચરણ કરે છે. મનથી બીમાર વ્યક્તિનો મન પર કાબૂ હોતો નથી. આથી મનના એક અથવા વધારે કાર્યોમાં (વિચારો, વર્તણુંક, વાણી વગેરેમાં) ખલેલ પહોંચે છે. કુમુદિનીબેનના કિસ્સામાં વિચારોએ કુમુદિનીબેનનો કાબૂ મેળવ્યો હતો. એટલે સમજ તથા જાણકારી હોવા છતાં વિચારો પર કાબૂ મેળવી શકતા ન હતા. આ મનની બીમારીનો કેસ છે. જેમ શરીરની બીમારી માટે ડૉક્ટર પાસે નિદાન કરાવી સારવાર કરાવવી જરૂરી છે તેવી જ રીતે મનની બીમારી માટે મનોચિકિત્સક પાસે નિદાન કરાવી સારવાર કરાવવી જરૂરી છે.

- **કુમુદિનીબેનના કેસમાં બીમારી તરફ લઈ જનારા પરિબળો (Predesposing Factors) :**

**૧. વ્યક્તિત્વ :** કુમુદિનીબેન ભાઈ-બહેનમાં સૌથી મોટા છે. મમ્મી નાનપણમાં ગુજરી ગયા હતા એટલે બહેન તથા ભાઈને ઉછેરવાની જવાબદારી કુમુદિનીબેન પર આવી પડેલ. નાનપણથી જ એમનો સ્વભાવ બધાની કાળજી લેવાનો હતો. એમના વિચારો તથા નિર્ણયો કરવામાં બીજા બધા પહેલા આવે પછી પોતે આવે. પોતાની લાગણી કરતાં અન્યની લાગણીને કુમુદિનીબેન વધારે મહત્ત્વ આપતા. પોતાની જરૂરિયાતોમાં બાંધછોડ કરીને બીજાની જરૂરિયાતોને પૂરી કરવામાં સંતોષ મેળવતા. પોતાની લાગણીઓને દબાવી દેતા.

કુમુદિનીબેન પોતાની વાણી, વર્તણુંક, વ્યવહારને લીધે બીજાની લાગણી ના દુભાય એનો ખ્યાલ રાખતા. આમ કરવામાં ઘણી વખત પોતાની નકારાત્મક લાગણીઓને દબાવી દેતા. આ નકારાત્મક લાગણીઓ સુષુપ્ત મનમાં દબાઈને પડી રહેતી. દસેક વર્ષથી એમને ડાયાબિટીસ તથા થાઈરોઈડની બીમારી હતી.

**૨. બનેવીની બીમારી :** પાંચેક વર્ષ પહેલાં બનેવીને ગંભીર બીમારી થયેલ. બનેવી કોમામાં સરી ગયેલ. ડાયાબિટીસની બીમારી વધી ગયેલ. પંદરેક દિવસ હોસ્પિટલમાં દાખલ કરવા પડેલ. સદ્‌ભાગ્યે યોગ્ય સારવારથી બનેવીની તબિયતમાં સુધારો થયેલ. આ પ્રસંગની કુમુદિનીબેનના મન પર ઊંડી અસર થયેલ. આ પ્રસંગના બે-એક મહિના બાદ ઉપરોક્ત નકારાત્મક વિચારો શરૂ થયેલ.

**૩. દીકરાનું પરદેશ જવું :** બે-એક વર્ષ પહેલાં પોતાના દીકરાને પરદેશમાં સારી નોકરી મળતાં વિદેશ જવાનું નક્કી થયું. દીકરો, પત્ની તથા બાળક સાથે વિદેશ ગયો. કુમુદિનીબેનને હતું કે દીકરો બુઢાપામાં મા-બાપનો સહારો બનશે પણ આ આશા પર પાણી ફરી વળ્યું. આ પ્રસંગ બાદ ઉપરોક્ત નકારાત્મક વિચારોનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું.


- **સારવાર :**

ઓ.સી.ડી.ની બીમારીમાં મનના અવયવોમાં - લિમ્બિક સિસ્ટમમાં - ન્યુરોટ્રાન્સમિટર સીરોટોનીનની માત્રા ઓછી થાય છે જેને લીધે ઓ.સી.ડી.ના લક્ષણો જોવા મળે છે. યોગ્ય માત્રામાં એસ.એસ.આર.આઈ. (SSRI) દવાઓ આપવાથી ધીમે ધીમે બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે. ફ્લુઓક્ષેટીન (Fluoxetine), ક્લોમીપ્રામીન (Clomipramine), ફ્લુવેક્ષામીન (Fluvoxamine) ઓ.સી.ડી. માટે મુખ્ય દવાઓ છે.

કુમુદિનીબેનના કેસમાં ફ્લુઓક્ષેટીન તથા ક્લોમીપ્રામીનની દવા ચાલુ કરી. ધીમે ધીમે સુધારો થવા માંડ્યો.

ડાયાબિટીસ તથા થાઈરોઈડ માટેની દવાઓ પણ ચાલુ રાખી. મનની બીમારીની દવાઓ તથા શારીરિક બીમારીઓની દવા એક સાથે લઈ શકાય છે. મોટા ભાગના કિસ્સાઓમાં

(અનુ. : જુઓ પાના નં.-૨૯ ઉપર)



બલવીરસિંહ જાડેજા

વાર્તા

વાતવાતમાં

# મનુભાઈની સ્કૂટર ચાલે...

અમારા પરમ મિત્ર પશુ ચિકિત્સક ડૉ. મનસુખ, જેનો વાત કહેવાનો અંદાજ અને તકિયા કલામ "હહહઅઅઅ... જરૂર છે" એણે એની નોકરી દરમ્યાન, જ્યારે ભારતભરમાં બે અને ચાર પૈડાવાળા વાહનોની તંગી હતી અને હજી હાલના બજારમાં મળી રહેલા બધા જ વાહનોની શ્રેણીઓ તેમના ઉત્પાદકોના મનમાં પણ પેદા થઈ નહોતી ત્યારે "હમારા બજાજ" તો મળતું પણ ક્યાં હતું ત્યારે બે-પાંચ કંપનીઓએ બહાર પાડેલા સ્કૂટરમાંથી એક "ગરૂડ" નામવાળું સ્કૂટર પસંદ કરી ખરીદેલું. મનસુખને એમ, કે ભગવાન વિષ્ણુનું વાહન ગરૂડ જેવું ઝડપી, મજબૂત હશે. પણ નીકળ્યું એનાથી તદ્દન વિરુદ્ધ સ્વભાવનું. પછી મનસુખે પશુ ચિકિત્સકના અનુભવે મન મનાવ્યું કે, "હશે ત્યારે! ઘણી ગાય-ભેંસ પણ ધાર્યા કરતાં વહેલા વસૂકી નથી જતી?!"

જોકે હવે તો ગરૂડ કબાડી માર્કેટમાં પણ જોવા નથી મળતું પણ મનસુખે સ્કૂટર ગરૂડને હજી પણ સાચવી રાખ્યું છે અને વાપરે પણ છે.

આપણને સૌને ખ્યાલ છે કે, આપણા સૌરાષ્ટ્ર - કચ્છના લોકો પાછા સહકારની ભાવનાવાળા વધારે. એટલે તો, ત્યાં "વાટકી વહેવાર"ની કહેવત વધારે પ્રચલિત છે. ખબર છે ને! લોકોને વસ્તુ માંગવાની અને આપ-લે કરવાની આદત જ પડી ગઈ હોય છે, નાના મોટા કામ માટે...

"જરા તમારી / તમારું.... (વસ્તુ) આપજો ને, કામ પતાવી પાછી પહોંચાડી દઈશ." પણ જો સમયસર પાછી ન અપાય તો પાછો સંબંધ પણ બગડે જ ને. એમાં પણ જલ્દી પહોંચવા - પાછા આવવા, સાઇકલ જેવી વસ્તુ વારંવાર લઈ જાય અને સાઈકલ માલીક પણ અહોભાવની લાગણી અનુભવે... "હશે ત્યારે આપણી પાસે છે ત્યારે બિચારા માંગે છે ને?" પણ જ્યારે પાછી આપે ત્યારે પંચર પાડીને કે સરખી નહીં આવડનાર વાપરે ત્યારે, ધોબા-ધૂબી પાડીને કે નુકસાન કરીને લાવે ત્યારે? અરે એટલે તો નાના શહેર - ગામડામાં સાઈકલ ભાડે આપવાનો ધંધો વિકસ્યો હતો અને હજી પણ ચાલે છે.

ડૉ. મનસુખના સંબંધોનું જાળું પણ વિશાળ. એટલે મનસુખ પાસે "મનુભાઈ થોડીવાર તમારું સ્કૂટર આપોને! તાત્કાલિક કામ પડ્યું છે તે પતાવીને આવું છું." મનસુખ પણ "હહહઅઅઅ... જરૂર" કહીને કોઈને ના ન પાડે અને સ્કૂટર પોતે જ ચાલુ કરીને આપે અને પછી પોતાના કામે લાગે. જોકે એને સ્કૂટરની કોઈ ચિંતા હોય જ નહીં. એને નજીકના ભવિષ્યમાં સ્કૂટરનું શું થશે એની ખાત્રી જ હોય કારણકે એકવાર ડૉ. મનસુખનું સ્કૂટર લઈ જનાર વ્યક્તિ બીજીવાર ગમે તેવી 'ઈમરજન્સી' હોય તો પણ માંગે જ નહીં. "કેમ?" અરે ભાઈ, મનસુખે ચાલુ કરી આપેલ સ્કૂટર એની મંઝીલ સુધી પહોંચે કે અધવચ્ચે જ ઊભું રહ્યું હોય. મંઝીલે પહોંચ્યા પછી કામ પત્યે, પાછા વળતા પહેલાં સ્કૂટર ચાલુ જ ન થયું હોય પછી તો પરત કરવા દોરીને કે ઢસડીને પરસેવે રેબઝેબ થઈને આપવા આવવું પડ્યું હોય. "એમ કેમ?"

અરે ભાઈ, કાં તો પેટ્રોલ ખૂટી ગયું હોય (ડૉ. મનસુખ સમજી વિચારીને પોતાના ખપ પૂરતું જ પેટ્રોલ પુરાવે) એના ઘરેથી નોકરીની જગ્યાએ સરકારી પશુ ચિકિત્સાલય આવતાં, રસ્તામાં આવતા પેટ્રોલ પંપનો એ કાયમી ગ્રાહક. પેટ્રોલ પંપના દરેક કર્મચારી એને અને એના સ્કૂટરને ઓળખે. દરરોજ એ અડધો લીટર પેટ્રોલ જ પુરાવે. હંમેશાંની જેમ ભલે મનસુખનું સ્કૂટર લઈ જનાર વ્યક્તિ અલગ અલગ હોય, પણ સ્કૂટર તો એ જ હોય. મનસુખ પાછો હંમેશાં કાઠિયાવાડી આગ્રહ કરે, "અરે લઈ જાવને મારા સાહેબ, અમે તમને ક્યારે ઉપયોગી થઈશું? તમારું જ છે એમ સમજો." એકવાર બંધ થયેલું સ્કૂટર બીજીવાર મનસુખ સિવાય અને તેના રીપેરર મામદ ગેરેજવાળા સિવાય કોઈનાથી ચાલુ જ ન થાય. કારણકે કાં તો પેટ્રોલ ખૂટી ગયું હોય અથવા કીક મારી મારીને બાકી રહેલું પેટ્રોલ પણ ખુટવાડી દીધું હોય. પરત કરતાં સહેજે લોકો ગુસ્સાથી બોલે, "આ તમારું ઠાઠિયું ચાલુ જ થતું નથી." "અરે હોય કાંઈ મારા સાહેબ" કહી મનસુખ પાછો માઠું પણ ન લગાડે. "લાવો, ચાલુ કરી દઉં." કહી ડૉ. મનસુખ જેમ પોતાના દર્દીઓ ગાય-ભેંસ-બકરી-ઘોડા વગેરેને પ્રેમથી માથે હાથ ફેરવે એમ સ્કૂટરની સીટ,

હેન્ડલને પ્રેમથી હાથ પ્રસરાવે. બધા કરે તેનાથી વિરુદ્ધ દિશામાં ઊંધુ - આડું કરે અને પછી "રીઝર્વ"માં મૂકે (એને ખાત્રી જ હોય કે હવે પેટ્રોલ "રીઝર્વ"માં જ હશે...) પછી ધીમે ધીમે કીકને એક ચોક્કસ પોઝીશનમાં મૂકી કેટલા દબાણ કે ફોર્સથી કીક મારવી એના વરસોના અનુભવ અને સંશોધન પછી કીક મારે અને લઈ જનારના આશ્ચર્ય વચ્ચે સ્કૂટર ગરઘરાટી કરતું સ્ટાર્ટ થઈ જાય. સ્કૂટર માંગી જનાર ભોંઠપ અનુભવે કે... મેં તો અડધો કલાક મહેનત કરી પણ ચાલુ જ ના થયું. અને ડૉ. મનસુખભાઈએ તો એક જ વારમાં ચાલુ કરી દીધું. (મશીન પણ પ્રાણીઓની જેમ હાથ વરતેને ભાઈ!) પાછો મનસુખ સ્કૂટર લઈ જનારને કહે પણ ખરો, 'તમે કહેતા હતા ને કે ઠાઠિયું છે. જોયું? ભલે કાંઈ વાંધો નહીં. જરૂર પડે તો ફરી લઈ જજો હોં...' લઈ જનાર કાન પકડે અને કહે 'જરૂર' પણ મનમાં કદી ફરીવાર સ્કૂટર નહીં માંગવાની પ્રતિજ્ઞા લઈ લે.

વરસો સુધી વાપર્યા પછી જેના કલરથી માંડી એક પણ પાર્ટસ 'ઓરીજીનલ' નહીં બચતા અમારા મિત્રોના દબાણથી મનસુખે સ્કૂટર વેચવાની તૈયારી બતાવી. બધાને મોંએ વાત કરી જાહેરાત કરી, 'આપણું સ્કૂટર વેચવાનું છે હોં...!' હવે તાલુકા કક્ષાના શહેર તો શું આખા તાલુકાને મનસુખના સ્કૂટરની વિગત કહેતાં ઇતિહાસની ખબર! એટલે સૌ એમ જ કહે, 'ઇ એરુ પકડવાના ધંધા નો કરાય હોં...' પછી તો મનસુખે જિલ્લા કક્ષાના છાપામાં ટચુકડી જાહેરાત આપી ખર્ચો કર્યો. "વરસો જૂનું પણ ચાલુ હાલતમાં અને ટીપટોપ કંડિશનમાં. નવા ટીકડી ટાયર, એન્ટીક પીસ જવલ્લે જ ઉપલબ્ધ. ભગવાન વિષ્ણુના નામ ધારી, ગરૂડ સ્કૂટર, વાપરનારને શારીરિક તકલીફને લઇને વેચવાનું છે. જૂની વસ્તુના જાણકારોએ જ તસ્દી લેવી."

જાહેર ખબરથી જિલ્લાના જૂની વસ્તુઓના જાણકાર, સમજનારા મહાનુભાવોએ ડૉ. મનસુખનો સંપર્ક સાધ્યો. આમાં ૧૦માંથી ૬ જણ તો કબાડીવાળા હતા. એમને મનસુખે દરેકને વારાફરતી બોલાવ્યા પણ એમણે ભાવ લોખંડના ભંગારનો મૂક્યો...

મનસુખને એ બાબત પોતાનું અપમાન લાગતા તેણે સૌને સવિનય જવા દીધા. બાકીના ત્રણ ખરીદનારાઓ આ જ શહેરમાં પોતાના સગા-મિત્રોને ત્યાં ગયા અને જાણ્યું કે આ સ્કૂટર વેચવાનું છે. એમણે ઇતિહાસ જાણ્યા પછી મનસુખને ફોનથી જ ના પાડી દીધી. મારા વાલીડા નજર નાખવા પણ આવ્યા નહીં. છેલ્લે છેલ્લે એક જૂની વસ્તુઓના ખરેખર ચાહક આવ્યા અને સ્કૂટરનું નિરીક્ષણ કરવા લાગ્યા. ડૉ. મનસુખને તેમાં ભાવિ ગ્રાહકના દર્શન થતાં એમના માટે ચા-નાસ્તો મંગાવ્યા પછી ટ્રાયલ લેવા તૈયાર થયા.

મનસુખે પહેલી જ કીકે સ્કૂટર ચાલુ કરી એમને સોંપ્યું અને એ ભાઈ ટ્રાયલ લેવા ગયા પછી કલાક સુધી પાછા જ ન આવ્યા. મનસુખ રાહ જોઈને થાક્યો. ત્યાં એક મજૂર જેવો માણસ સાઇકલ લઈને મનસુખના સ્કૂટરની ચાવી આપવા આવ્યો.

"કોઈ એક ભાઈ મને રૂા. ૧૦/- આપીને, તમને આ ચાવી આપવાનું કહીને ગયા છે. સ્કૂટર ગ્રીન ચોકમાં પડ્યું છે તે લઇ આવજો." કહીને જતો રહ્યો.

હજી પણ મનસુખ પાસે એ જ સ્કૂટર ગરૂડ છે અને ચલાવે છે પણ ખરો. એના પાર્ટસ, જરૂર પડે મનસુખ અને મિકેનિક મામદ, ગમે ત્યાંથી શોધીને કે ફેરફાર કરી-કરાવી, ફીટ કરી ચાલુ રાખે છે. એની કંપની તો વરસો પહેલા જ બંધ થઈ ગઈ છે. કંપની ગરૂડ બનાવનારના માલિકોની પેઢીઓ પણ બદલાઈ ગઈ છે અને ભૂલી ગઈ છે કે એમના વડીલોએ 'ગરૂડ' નામનું સ્કૂટર બનાવ્યું પણ હતું. એના કોઇ પાળિયા તો હોય નહીં!

હા, પણ એક વાત કહું કે ડૉ. મનસુખે પોતાનું વીલ બનાવ્યું છે કે, જ્યારે મારો મોક્ષ થાય ત્યારે મારી સાથે મારા સ્કૂટર 'ગરૂડ'નો પણ મોક્ષ કરી નાખજો. અને મારી સાથે જ, મારા અને ગરૂડના અસ્થિફૂલ, ગંગા નદીમાં સાથે જ પધરાવજો."

હવે મનસુખની આવી ભાવના હોય પછી ગરૂડ મનસુખ પાસે જીવનભર ચાલ્યું તેમ ચાલતું જ રહેને, કહો જોઈએ?

"હહહઅઅઅ.... જરૂર....!"

હજી મનસુખ ગરૂડ ચલાવે છે અને જરૂર પડે ગેરેજવાળો મામદ જ એનું રીપેરીંગ કરે છે. બીજા કોઈની તાકાત નથી કે મનસુખ સિવાય ગરૂડને સરખી રીતે ચલાવી શકે અને મામદ સિવાય બીજો કોઈ મિકેનિક એને રીપેર કરી શકે. આ પ્રણય ત્રિકોણ છે જેમને એકબીજા વિના ચાલતું નથી.

*"મનસુખ - ગરૂડ - મામદ" – જરૂર.*

- **વાતવાતમાં :**

અમને મિત્ર મંડળને હમણાં જ ખબર પડી કે મામદે પણ વીલ બનાવ્યું છે અને લખ્યું છે કે, "મારી રોજીરોટી ચાલુ રાખવામાં ડૉ. મનસુખભાઈ જરૂર અને ગરૂડ સ્કૂટરનો ફાળો અમૂલ્ય છે. એમના વિના હું ગેરેજનું કામ શીખી કે ગેરેજ ચલાવી શક્યો ન હોત. માટે મને દફનાવો ત્યારે ડૉ. મનુભાઈ અને ગરૂડના અસ્થિફૂલ સાથે દફનાવજો. એટલે અમને ત્રણેયને જન્નતમાં સાથે જગ્યા મળે.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*ચાઇલ્ડ કેર હોસ્પિટલ પાછળ,*
*પ્રોફેસર કોલોની સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

વાર્તા

# એ આવજો...



નવીન ત્રિપાઠી 'અલ્પ'

બા! ઓ...બા... તોબા તમારાથી તો! આ છોકરો ક્યારનોય ઘોડિયામાં રડ્યા કરે છે, ને તમે શું નિરાંતે ઘોર્યા કરો છો! જરા સાચવતા હો તો તેને! આખો દિવસ પથારીમાં સૂતે સૂતે કંટાળો નથી આવતો તમને?

હેં... રડે છે? મને તો સંભળાતુંય નથી! બાએ દયામણા ચહેરે વહુને કહ્યું.

વહુ તાડૂકી. તે ક્યાંથી સંભળાય? આખી જિંદગી અમને સંભાળવાને બદલે સંભળાવ સંભળાવ જ કર્યું છે. વળી તમને એમ છે કે રમાડવો પડશે, નથી ક્યાંય દેવદર્શને જતાં કે નથી આને રમાડતાં! જ્યારે જોઈએ ત્યારે સામાને સામા! વહુના હાવભાવ જોઈને બા બોલ્યા, ના બેટા ના, એવું નથી. પણ તને તો ખબર છે કે ભૂકંપમાં હું દબાઈ ગઈ ત્યારે મારા કાન ઉપર વજનદાર પથ્થર પડ્યો, ને તેથી હું બહેરી થઈ ગઈ.

ધૂવાંપૂવાં થતી વહુ છણકો કરીને રસોડામાં ગઈ અને વાસણ પછાડતી બબડવા લાગી, ભૂકંપમાં બધાં ગયાં પણ તમે તો... હાજરાહજૂર!

ને ધીમેથી તો શું? જોરથી બોલે તો પણ બા ક્યાં સાંભળવાના હતા? ને સાંભળે તો પણ ઓશિયાળા હવે શું કરવાના હતા કે શું કહેવાના હતા?

બા ઘોડિયાની દોરી તાણવા બેઠા અને છોકરો પણ જાણે બાનો હેતાળ હાથ ઓળખી ગયો હોય તેમ મરક મરક હસતાં આંખનાં પોપચાં ખોલબંધ કરવા લાગ્યો!

ઘોડિયાના ડોલનમાં જાણે બા ભૂતકાળમાં સરતા ગયા આજથી પચ્ચીસ વર્ષ પહેલાં... ને ઘોડિયાની જગ્યાએ જાણે આરામ ખુરશીમાં બેઠેલા તેના પતિ સુમનરાય આવી ગયા.

કુસુમ! સાંભળશ કે? તારા હાથની એક કપ ચા મળી જાય તો રવિવારની પૂર્તિ વાંચવામાં ઓર મજા આવી જાય!

મને ખબર જ હતી કે તમારો રવિવાર મજાનો અને મારે મન તો સજાનો! આખો દિવસ ભાઈબંધો સાથે ઘરમાં બેઠે બેઠે બસ ચાનો ઓર્ડર આપ્યા જ કરશો!

કુસુમ! હું બહાર જઈ હોટલમાં પી આવું બસ! આ તો મને એમ કે તું કંઈ થોડી મારા માટે ચા બનાવીશ? તને પણ અડધી ચા આપીશ બસ! રાજી ને?

ના... ભઈસાબ... ના! આવી ઠંડીમાં બહાર જશો તો માંદા પડશો... હા... ચા બનાવી આપું પણ એક શરતે! મને મારું પ્રિયગીત 'જાગો મોહન પ્યારે' સંભળાવો તો જ! આપણો લાડકવાયો જાગે તે પહેલા આપણી ચા ફટાફટ તૈયાર!

પચ્ચીસ વર્ષના ભૂતકાળમાં સરી ગયેલાં બાના હાથમાંથી ઘોડિયાની દોરી સરી જતા સમયની જેમ સરકતી રહી. ને પૌત્ર ફરી સળવળ્યો. એટલે બા તંદ્રામાંથી જાગ્યા... ફરી પાછો સમય... ફરી પાછી ઘોડિયાની દોરી... સરકતો સમય... ઘડિયાળના કાંટાની અવળી ગતિ!

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં... સોનીવાડમાં રહેતું પોતાનું હર્યુંભર્યું નાનકડું કુટુંબ! પતિ સુમનરાય ને પોતે કુસુમ! ને નાનકો! પણ ભૂકંપમાં પતિ સુમનરાયનું અવસાન થતાં પોતે નોંધારી થઈ ગઈ. પુત્ર ઉછેર! પતિના અવસાન પછીની મામૂલી સહાય. નજીવું પેન્શન! ને પુત્રની નોકરી પણ સામાન્ય વેપારીની દુકાને... ને પુત્રના લગ્ન, ઘરમાં ચાર જીવ. પોતે, પુત્ર, તેની પત્ની અને નાનકડો! જેથી એક સાંધતા તેર તૂટે તેવી હાલત... વહુની તોછડાઈ! પુત્રનો તિરસ્કાર! પણ નાનકડા તરફની લાગણીથી જ બાને મને કે કમને – ગમે કે ન ગમે જેમ તેમ અપમાનભરી સ્થિતિમાં રહેતાં શીખી ગયા હતા. ને તે સિવાય કરે પણ શું? માત્ર ભૂતકાળની સ્મૃતિ જ તેમને રણમાં મીઠી વીરડીની જેમ આશ્વાસનરૂપ લાગતી હતી.

ફરી પાછી એ જ આરામ ખુરશી ને એ જ હસમુખા સુમનરાયનો ચહેરો!

સાંભળ્યું? તને કહું છું! આ આપણો લાડકો મોટો થઈને શું બનશે કહે જોઉં? બનશે તમારા જેવો આદર્શ શિક્ષક! રેવન્યુ ટિકિટ સિવાયની કોઈ આડી આવક નહિ! ને કમાશે પણ તમારા જેટલું જ!

વળી માત્ર પગારમાં કોઈ ઊંચું આવ્યું છે કે તમે આવો? જુઓ આપણા પાડોશી! તેને ઘેર તો બબ્બે રેડિયા છે! નવું ફર્નિચર! ને તમારે ઘેર! બાપ દાદાના વખતની ડગુમગુ થતા હાથાવાળી એક જ આરામ ખુરશી! કુસુમ હસીને બોલી.

કુસુમ! આપણી મૂળ વાત તો રહી ગઈ! આને શું બનાવીશું? ડૉક્ટર, વકીલ કે એન્જિનિયર? કુસુમ કહે, સાંભળો, આપણે તો બસ... આપણો કહ્યાગરો બને ને માંદેસાજે આપણી ચાકરી કરે તો પણ ભયોભયો!

ને વિચાર વલોણાંને લીધે ઘોડિયાંની ગતિ બંધ થવાને કારણે તે સળવળ્યો. ને પોતે હવે ભૂખ્યો થયો છે તેની જાણ કરવા રડવા લાગ્યો!

રસોડામાંથી વહુ સહસા બહાર આવી, ને ઘોડિયાની બાજુમાં જ આડાં પડેલાં બા ને જોઈને તે તાડુકે તે પહેલાં જ બા સફાળા જાગી ગયાં ને ઝપાટાભેર ઘોડિયાની દોરી તાણવા લાગ્યા! રહેવા દો બા, તમારા ધતીંગ ને નાટક! હું આવી એટલે મંડ્યા હિંચોળવા... ને રસોડામાં હતી ત્યારે મંડ્યા'તા ઘોરવા. હે ભગવાન...! આવી સાસુ તો સાત જન્મારે પણ ન આપજે! વહુ તાડુકીને બોલી.

વહુ, આ ભૂખ્યો થયો છે! વાટકીમાં દહીંભાત આપી દે તો તેને જમાડી દઉં.

રહેવા દો! તમે શું જમાડવાના હતા! તમતમારે ત્રણ ટાઈમ જમો એટલે બસ!

ત્યાં દરવાજો ખખડ્યો! ને પુત્ર આવ્યો. આવતાવેંત બોલ્યો, શું ચાલે છે? સાસુ વહુની લમણાઝીંક? દુકાને જવાનું મોડું થશે. પીરસ થાળી જલદી.

થાય છે રસોઇ! તમારી માએ તમને ભણાવ્યા નહીં એટલે વેઠિયા બન્યા વેઠિયા!

આખી જિંદગી તમારા મા-બાપે જલસા કર્યા છે, જલ્સા! મારા ક્યાં કરમ ફૂટ્યા...

કહું છું ને કે આડી અવળી લપ મૂક! હા... બા જમ્યા કે નહીં?

તમારી મા કાંઈ ભૂખી નહીં રહે. એવડું હેત ઉભરાઇ જતું હોય તો જમો તમ તમારે મા-દીકરો! ને છોરાને ઘોડિયામાંથી ઊંચકીને ઝપાટાભેર ઘર બહાર નીકળી ગઈ. ને પુત્ર પણ બા તરફ કતરાતો કતરાતો ભૂખ્યો ભૂખ્યો જમવાની રાહ જોતો બેઠો.

બિચારા બા! રસોડામાં આવ્યાં ને ધ્રુજતા હાથે શાક વઘારવા લાગ્યા... ત્યાં વળી છણકાભેર વહુ આવી... ને લાવો... લાવો... તમે શાક વઘારશો તો તેલનું તળાવ કરી નાખશો.

વહુ બોલતી રહી... સાસુ સાંભળતી રહી... ને પૌત્ર રડતો રહ્યો! પુત્ર જોતો રહ્યો.

ને આખરે થવાનું હતું તે જ થયું! વહુની રોજની ટકટક... ત્રાસીને પોતાની વહાલસોયી બાને એક દિવસ વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો. દિલ ઉપર પથ્થર મૂકીને પણ... ને નોકરી છૂટી જવાથી હવે તે પણ બેકાર બની ગયો...!

એક દિવસ ફરતો ફરતો તે બિસ્કિટનાં નાના પેકેટ સાથે બાની ખબર કાઢવા વૃદ્ધાશ્રમમાં આવ્યો... ને રડતાં રડતાં... પોતાની કહાણી બા પાસે રજૂ કરી! બહેરાશને કારણે ભલે બા સાંભળી ન શક્યાં પણ પુત્રની વ્યથા કઇ મા ન સમજે? વગર સાંભળે પણ બધું સમજી ગયાં ને પતરાની પેટીમાંથી મરણમૂડી જેવી રૂપિયા પાંચસોની ટીપેટીપે બચાવેલી માતબર રકમ પુત્રને આપી... પુત્રનું ચાલે તો અબઘડી બાને પાછાં ઘેર લઈ જાય પણ... પણ...! ને અશ્રુસભર આંખે તે વિદાય થયો.

ને આ તરફ હવે બા પણ પોતાનાં મિલનસાર સ્વભાવને કારણે આશ્રમવાસીઓ સાથે હળીભળી ગયા હતા. માંદેસાજે સમદુઃખિયાની સેવા કરે છે ને ભજન-કીર્તન કથા-વાર્તા પણ કરે છે, ને પોતાનાં દીકરા તથા પૌત્રને યાદ કરીને છાને ખૂણે રડી પણ લે છે. ને પોતાના પતિ સ્વર્ગસ્થ સુમનરાયની છબી પાસે દરરોજ પ્રાર્થના કરે છે કે તમારા જીવને દુઃખી ન કરતા... હું અહીં બરાબર છું!

એક દિવસ વૃદ્ધાશ્રમના ડૉક્ટર પાસે જાણવા મળ્યું કે હવે તો બજારમાં એવું મશીન મળે છે કે તે કાનમાં રાખવાથી બહેરાશવાળી વ્યક્તિ સાંભળી પણ શકે.

બાને ઘડીભર એવું થયું કે આવું મશીન પોતે કાનમાં રાખે તો? પાછું વિચાર્યું કે ન દેખવું કે ન દાઝવું... ન સાંભળવું કે ન દુઃખી થવું! ફરી પાછું વિચાર્યું કે સાંભળવા મળે તો પ્રભુ-ભજન સાંભળી શકાય!

ને થોડા દિવસ પછી બા અરીસા પાસે રાખેલી પોતાના પતિ સ્વર્ગસ્થ સુમનરાયની છબી પાસે ઊભા રહીને બોલ્યા, 'તમે ભલે ધીમે ધીમે બોલ્યાં... પણ મને હવે તો બરાબર સંભળાય છે... તમે એમ બોલ્યા ને... કે કુસુમ એક કપ ચા મળી જાય તો આપણે બંને અડધી અડધી પી નાખીએ. હા! વળી, તમે એમ પણ બોલ્યા કે કુસુમ આપણો પુત્ર તથા પૌત્ર કેમ છે? તમારા જીવને જરાય દુઃખી ન કરતા! ને તમને ખબર છે ને? હમણાં તેને પૈસાની ખેંચ હતી એટલે મેં તમારી સહાય મૂડીમાંથી તેને મદદ કરી. વાંધો નહીં ને? હમણાં તો પૌત્રને જોયો પણ નથી. દીકરો કહેતો હતો કે, બીજા છોકરાવની સાઇકલ જેવી સાઇકલ લેવા માટે કજિયો કરતો હતો!

ને હા... સાંભળો! તમને કહું છું! જુઓ ગુસ્સે ન થાવ તો એક વાત કહી દઉં! તમે મને આપણી લગ્નતિથિને દિવસે કાનના એરિંગ લઈ આપ્યા હતાં ને તેમાંથી એક વેચીને આ મશીન... મને તો બોલતાયે નથી આવડતું... મશીનને

**(અનુ. : જુઓ પાના નં.-૨૨ ઉપર)**

સ્ફૂર્તિ

# શિયાળાની સવાર આનંદદાયક હોય છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, શિયાળો ધીમેધીમે આગમન કરી રહ્યો છે ત્યારે શિયાળા વિશે વાત કરવાનું મન થયું છે. શિયાળાની સવારે વહેલા ઊઠવા વિશે હાસ્યવિદ રતિલાલ બોરીસાગરે લખ્યું છે કે પથારી છોડવા બેસું તો વરસોના વરસો લાગે. તેથી શિયાળાની વહેલી સવારે જો કોઈ પથારી છોડવાનું કહે તો પથારી ફરી જાય. લેખકો માટે શિયાળાની સવાર બહુ પ્રિય વિષય છે. માટે જ આજે આપણે અવનવા નિબંધ વિશે વાત કરશું. રમેશ પારેખની પ્રખ્યાત રચના શિયાળા વિશે વિચારતા...

‘ડાળ ઉપર ટાંગેલી ઠીબમાં સવાર પીતું, નીલ રંગનું પંખી જોઈ ઝાડ ભૂલ્યાનું યાદ.’

શિયાળાની સવારના નવનીતના નિબંધમાં જોઈએ તો શિયાળાની રમણીય સવાર સ્ફૂર્તિદાયક અને ઉત્સાહવર્ધક હોય છે. ગામડાંમાં વહેલી સવારે લોકો પોતપોતાની દૈનિક પ્રવૃત્તિઓ શરૂ કરી દે છે. મહિયારીઓ મહી મથવાની કામગીરીમાં લાગી જાય છે. ઘમ્મર વલોણા ગાજી ઊઠે છે. ‘દૂધ લ્યો રે, દૂધ’નો પોકાર કરતી રબારણો ઠંડીની પરવા કર્યા વિના શેરીએ શેરીએ ઘૂમે છે. વૃદ્ધો ને મોટેરાઓ તો તાપણાની આસપાસ ગોઠવાઈને અલકમલકની વાતો કરે છે. પ્રભાતિયાં અને દુહાના મીઠા સૂરોથી ગામડાંનું વાતાવરણ જીવંત બની જાય છે. શિયાળાની વહેલી સવારે કેટલાક યુવાનો, બાળકો તેમજ વૃદ્ધો ફરવા અને દોડવા નીકળી પડે છે. જો કે કેટલાક ‘સૂર્યવંશીઓ’ સવારની આવી તાજગીને માણવાને બદલે રજાઈ-કામળા ઓઢીને નિરાંતે સૂઈ રહે છે! ઘણા લોકો શિયાળાની સવારે તેલ માલીશ કરાવે છે. વહેલી સવારે કડકડતી ટાઢમાં ખેડૂતો પોતાના બળદોને લઈને ખેતરે જાય છે. બળદોની ડોકે બાંધેલા ઘૂઘરાનો મીઠો રણકાર અત્યંત કર્ણપ્રિય લાગે છે. ગોવાળો ગાયોનાં ધણને ચરાવવા માટે નીકળી પડે છે. મંદિરોનો દિવ્ય ઘંટનાદ શ્રદ્ધાળુ લોકોનાં હૃદયમાં ભક્તિમય સંવેદનો જગાવે છે. મોટાં શહેરોમાં શિયાળાની સવાર અન્ય ઋતુઓની સવારથી ખાસ જુદી પડતી નથી. વાહન વ્યવહારનો ઘોંઘાટ, જાહેર નળો પર થતો બાલદીઓનો ખખડાટ અને મિલોનાં ભૂંગળાનો શોર દરેક ઋતુમાં સાંભળવા મળે છે. આમ છતાં, શિયાળાની સવારની ગુલાબી ઠંડી શહેરીજનોને પણ નવી તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ કરાવે છે. શાળાઓ અને કૉલેજોના પર્યટનો શિયાળામાં જ યોજાય છે. વિદ્યાર્થીઓ પર્યટનનો આનંદ માણે છે. શિયાળો એ લગ્નની ખાસ મોસમ ગણાય છે. શિયાળામાં જાતજાતનાં ફળો અને લીલાંછમ શાકભાજી બજારમાં ઠલવાય છે. શિયાળાની બપોરે મગ અને અડદની દાળ સાથે ઘી, ગોળ અને રોટલો, લસણની લીલી ચટણી, સાથે લીલી ડુંગળી, છાશ સાથે જમવાની અનેરી મજા છે. શિયાળામાં ગરમ ગરમ પોંક, ઊંધિયું ને જલેબી ખાવાનો ખાસ રિવાજ છે. ઘણા લોકો શિયાળામાં અડદિયા પાક અને જાતજાતનાં વસાણાંનું સેવન કરે છે. આમ, શિયાળાની સુંદર સવાર માનવજાતને તાજગી અને સ્ફૂર્તિનો સંદેશો આપે છે. તે મનુષ્યને ઉલ્લાસ અને સ્ફૂર્તિથી ભરી દે છે. “પથારીત્યાગનો પૂર્વાર્ધ!” – નટવર પંડ્યાના હાસ્ય લેખ (‘અખંડ આનંદ’-૧૧)માં જણાવાયું છે કે શિયાળાની વહેલી સવાર એ ઊંઘનો સુવર્ણયુગ ગણાય છે. જેમ ભક્તિની એક ઊંચાઈએ પહોંચ્યા પછી જીવ અને શિવ એકરૂપ થઈ જાય છે એમ શિયાળાની વહેલી સવારે મનુષ્ય અને પથારી એકરૂપ થઈ ગયાં હોય છે.

આવા પથારી સ્વરૂપ પુરુષને પથારીમાંથી છૂટો પાડવો તે પાણીમાંથી ઑક્સિજન છૂટો પાડવા જેટલું કઠિન કાર્ય છે. કારણકે કેટલાકને ગોળીઓ લેવા છતાં ઊંઘ આવતી નથી જ્યારે કેટલાક આવતીકાલના તમામ કાર્યોને ગોળીએ દઈને ઊંઘી જાય છે. શિયાળામાં તો પથારીને સાત-સાત જનમ સુધી સાથ નિભાવવાના કોલ દીધા હોય છે. અને એકથી વધારે ધાબળા, રજાઈ ઓઢીને માનવી ગરમ-સમીપે હોય છે. પછી ‘ઊંઘ સત્ય, જગત મિથ્યા.’ પછી સવારના સાત વાગ્યા સુધી જે સૂએ છે તે મનુષ્ય વર્ગમાં ગણાય છે. જ્યારે દસ વાગ્યા સુધી સૂતા રહેનાર ‘સૂતેલા સિંહ’ના શિર્ષક હેઠળ નોંધવામાં આવે છે. આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે સિંહોને ક્યારેય જગાડી શકાતા નથી. તેઓ જાતે જ જાગે

(અનુ. : જુઓ પાના નં.-૨૮ ઉપર)

# અન્ય સંસ્થાઓના સમાચાર

પ્રભુતામાં પગલા માંડે માડી તારા બાળ,
સઘળું સોંપ્યું તુજને લેજો મા સંભાળ.

## શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદ ઝોન પ્રેરિત સપ્તમ્ સમૂહ લગ્નોત્સવ સમારંભ સંપન્ન

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદ ઝોન પ્રેરિત સપ્તમ્ સમૂહ લગ્નોત્સવ (તુલસી વિવાહ) અમદાવાદમાં સોલા વિસ્તારમાં શ્રી ઉમિયા માતાજી કેમ્પસ ખાતે તા. ૧-૧૧-૨૦૧૭ના રોજ ખૂબ જ સુંદર રીતે સંપન્ન થયો હતો. આ ઉત્સવમાં કુલ ૨૧ નવયુગલોએ એક ભવ્ય શામિયાણા હેઠળ સમાજના અગ્રણીઓ અને આમંત્રિત મહાનુભાવોના સાંનિધ્યમાં કુળદેવી મા ઉમિયા માતાજીના સમીપે પ્રભુતામાં પગલા માંડ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવના શુભ અવસરે અંદાજે ૫૫૦૦ વ્યક્તિઓએ પોતાની ઉપસ્થિતિ નોંધાવીને પ્રસંગને આનંદપૂર્વક માણ્યો હતો.

અવસરના શુભ પ્રભાતે માતાજીની આરતીના સૂરે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ભૂદેવોની શાસ્ત્રોક્ત વિધિએ બપોરના લગભગ ૩.૩૦ કલાકે લગ્ન સંસ્કાર સંપન્ન થયા હતા.

કાર્યક્રમની આયોજન સમિતિના પ્રમુખ નરસિંહભાઈ સાંખલા દ્વારા સૌનું સ્વાગત કરીને હૃદયની લાગણીથી સૌને આવકાર આપવામાં આવેલ. અમદાવાદ ઝોનના પ્રમુખ જયંતિભાઈ પોકાર, મહિલા સંઘના પ્રમુખ જશોદાબેન નાકરાણી, પાટીદાર સંદેશના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ રૂડાણી, યુવાસંઘના ગૌતમભાઈ હળપાણી, કેન્દ્રિય સમાજના ટ્રસ્ટી મનસુખભાઈ રૂડાણી, કેન્દ્રિય સમાજ (કચ્છ - પાટીદાર)ના અબજીભાઈ કાનાણી તથા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના અગ્રણીઓએ તથા અન્ય સંસ્થાઓના હોદ્દેદારોએ નવપરીણિત યુગલોને આશીર્વાદ આપ્યા હતા. સૌજન્ય દાતાશ્રીઓ દ્વારા નવયુગલોને વિવિધ પ્રકારની ગૃહોપયોગી ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવેલ હતી.

સમાજના બહોળી સંખ્યામાં પરિવારજનો, સમાજના હોદ્દેદારો, અગ્રણીઓ તથા આમંત્રિતોની ઉપસ્થિતિમાં તથા શરણાઈના સૂરના સંગાથે ઉપરોક્ત સપ્તમ્ સમૂહ લગ્નોત્સવ અતિ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો હતો.

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૮-૧૦-૨૦૧૭ના રોજ અમદાવાદ ખાતે મળેલ હતી કે જેમાં શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી બી.કે. પટેલ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ મીટિંગમાં નીચે મુજબ નિર્ણયો લેવાયેલ હતા.

- ★ આવતા ૩ વર્ષ માટે ચેરમેન તરીકે શ્રી અશોક મહેતા, ઉપાધ્યક્ષ તરીકે શ્રી શશીકાંતભાઈ ઠક્કર, સેક્રેટરી તરીકે શ્રી પ્રતાપભાઈ દંડ અને ટ્રેઝરર તરીકે શ્રી બી.કે. પટેલની વરણી કરવામાં આવેલ હતી.
- ★ કચ્છના જાહેર હિતના પ્રશ્નો માટે જરૂરી PIL કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- ★ કચ્છના સર્વાંગી ઈતિહાસની ગુજરાતીમાં બીજી આવૃત્તિ અને અંગ્રેજી આવૃત્તિ શક્ય ત્વરાએ બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- ★ નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલની કચ્છના ખેતરો સુધી પાણી પહોંચે તે માટે અને વધારાના પાણીના કાર્યો માટે સરકારશ્રીના જે તે વિભાગો સાથે ચર્ચા કરી એ કાર્યો ઝડપી બને તેવા પ્રયાસો આદરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

*સેક્રેટરી, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ*

## શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સિધ્ધપુર મુકામે વૃક્ષારોપણ કરવામાં આવ્યું

સિધ્ધપુર મુકામે તા. ૨૫-૧૦-૨૦૧૭થી શરૂ થયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ દરમિયાન ગોકુલ કેમ્પસ ખાતે પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા "વૃક્ષો વાવો, ધરતી બચાવો - ૨૦૧૭" અભિયાન અંતર્ગત ખૂબ જ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કરવામાં આવેલ. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા રાષ્ટ્રીય તેમજ ઝોનલ કારોબારી સમિતિના સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. તે ઉપરાંત સિધ્ધપુર મુકામે સતત સાત દિવસ સુધી અંદાજે ૫૦૦ જેટલા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ થયેલ.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે રાજ્યભરના યુવાનો માટે વિકાસ અને તકો અંગે યોજેલ સેમિનાર : વિઝન ૩૬૦

અમદાવાદ સ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજ – આર્થિક, સામાજિક, બૌદ્ધિક, શારીરિક અને આધ્યાત્મિક વિકાસ માટે કાર્યરત છે. તેની શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિએ, યુવાનોનાં ઉત્કર્ષ અને માર્ગદર્શન માટે એક અનોખી પહેલ કરી, બે દિવસીય બિઝનેસ સમિટનું આયોજન કર્યું હતું – "Development 360 Opportunities for Youth." ૪થી અને ૫મી નવેમ્બર, ૨૦૧૭ના આયોજિત આ સેમિનારમાં અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત, ગાંધીધામ, ભુજ, વાપી, વલસાડ અને મુંબઇના ૨૦૦ જેટલા યુવાનો ઉપસ્થિત હતા.

અમદાવાદ અને મુંબઇના નિષ્ણાત વક્તાઓ અને પ્રતિભાશાળી ઉદ્યોગપતિઓએ વ્યાપારિક વિકાસને વેગ આપવા અંગે વિવિધ પાસાઓ પર યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું. પ્રથમ દિવસે મુંબઈના ભશેશ ગાલા (39 Solutions ના સ્થાપક અને અગ્રણી કંપનીઓના બિઝનેસ સલાહકાર), સમીર શાહ (જે.બી. શાહ ગ્રૂપ ઑફ કંપનીઝ) તથા સુશ્રી રૂઝાન ખંભાતા (E-com opportunties ના ડાયરેક્ટર, ઉદ્યોગ સાહસિક અને સ્ત્રી સશક્તિકરણના હિમાયતી) નિષ્ણાત વક્તાઓ તરીકે સેવાઓ આપી હતી.

એમણે વર્તમાન અનિશ્ચિત સંજોગોમાં વ્યાપારિક સફળતા, નેતૃત્વ, નેટવર્કિંગની તાકાત, પોલિસી એટલે શું? પોલિસી હસ્તક્ષેપની અસરો, વેપાર વૃધ્ધિ, અનપેડ તથા મૂડીરોકાણ વગર વેપાર કેવી રીતે કરી શકાય? આવા અનેકવિધ પાસાઓ પર પ્રકાશ ફેંક્યો હતો અને યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું.

બીજા દિવસે ૫મી નવેમ્બરે પ્રથમ સત્રમાં આંતરરાષ્ટ્રીય વેપારના નામાંકિત સલાહકાર એવા જગત શાહ (Global Network & Cluster Pulseના સ્થાપક)એ, વૈશ્વિક બજારમાં પ્રવેશ કેવી રીતે કરવો, વિદેશમાં વ્યાપારિક સંબંધો કેવી રીતે સ્થાપવા વગેરે બાબતો પર ઝીણવટભરી ઉપયોગી વિગતો આપીને, આંતરરાષ્ટ્રીય બજારમાં વેપારની વિપુલ તકો અંગે સૌને માહિતગાર અને પ્રોત્સાહિત કર્યા હતા. દ્વિતીય સત્રમાં મુંબઈના સફળ ઉદ્યોગપતિ અશોક શાહ (V-Trans Groupના ચેરમેન)એ વેપારને ૧૦ ગણો કેવી રીતે વધારવો, ભવિષ્યમાં વ્યાપારની તકો વગેરે વિષયો પર જાણકારી આપી હતી.

માહિતી અને માર્ગદર્શનથી ભરપૂર આ બે દિવસના સેમિનાર થકી ઉપસ્થિત યુવાનો સામે બિઝનેસ જગતમાં રહેલી વિપુલ તકોની એક નવી દુનિયા ખૂલી ગઈ હતી.

સેમિનારની સફળતા અંગે ખુશી વ્યક્ત કરતાં હીરેન શાહ (કન્વીનર, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ)એ જણાવ્યું કે 'આ માત્ર એક નાનકડી શરૂઆત છે. આવતીકાલના સફળ ઉદ્યોગપતિ બનવામાં આજના યુવાનો ક્યાં પાછા પડે છે, તેમને ક્યાં કેવી રીતે મદદરૂપ થઈ શકાય એ જાણવાનો પ્રયાસ આ સેમિનાર છે. ભાગ લેનાર સૌના પ્રતિભાવો અને નિષ્ણાતોના સકારાત્મક સહકારે અમને ભવિષ્યમાં આ પ્રકારના વધુ આયોજનો કરવા અને આવી ઉપયોગી પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા ઈજન આપ્યું છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ બૃહદ્ સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે આવી અનેકવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી, સેવા સમાજ હોવાના પોતાના નામને સાચા અર્થમાં સાર્થક કરી રહ્યું છે.

*શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ - નવરંગપુરા દ્વારા ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું

અમદાવાદમાં વસતા સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજના ૧૪થી વધુ ઘટક કાર્યરત છે જેમાંના 'સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ - નવરંગપુરા' છેલ્લા ૨૭ વર્ષથી દર વર્ષે સમગ્ર સમાજને પ્રેરણા મળે તેવા અલગ જ પ્રકારના કાર્યક્રમો યોજે છે. તાજેતરમાં જ યોજાયેલા સમારંભમાં ભીમજી નાકરાણી સંપાદિત સમગ્ર ગુજરાતભરમાં આવેલી લેઉઆ પાટીદારોની ૪૦૦ જેટલી સંસ્થાઓ અને સમાજની સંપૂર્ણ વિગત અને આ સંસ્થાઓ સાથે સંકળાયેલા ૪૦૦૦થી વધુ સમાજ અગ્રણીઓના નામ-સરનામાની વિગત સાથેની ૫૦૦ પેજની ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું.

સમાજના પ્રમુખ કાંતિભાઈ ગઢિયાએ જણાવ્યું હતું કે સમાજના ઇનામ વિતરણ કાર્યક્રમની સાથે જ ભીમજીભાઈ નાકરાણીએ ખૂબ જહેમત ઉઠાવી લેઉઆ પટેલ સમાજને ઉપયોગી એવી આ ડિરેક્ટરીનું વિમોચન દિનેશભાઈ કુંભાઈ, ગગજીભાઈ સુતરિયા, લક્ષ્મણભાઈ વેકરિયા અને ભૂપતભાઈ ખૂંટ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ડિરેક્ટરી ગુજરાતમાં વસતા તમામ લેઉવા પટેલ સમાજ, સંસ્થા કે વાડીના તમામ આગેવાનો માટે ખૂબ જ ઉપયોગી નીવડશે તેવી અપેક્ષા કરી શકાય છે, એવું સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ - નવરંગપુરાની એક પ્રેસનોટમાં જણાવાયું છે.

## શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ દિવાળી સ્નેહ મિલન તથા સરસ્વતી સન્માન સમારોહ આનંદમય રીતે ઉજવાયો

શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૫-૧૧-૨૦૧૭ના રોજ જ્ઞાતિજનોનું દિવાળી સ્નેહ મિલન તથા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કાંકરિયા વિસ્તારમાં શ્રી અમદાવાદ લોહાણા મહાજન વાડી ખાતે ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું. વાડીના નવીનીકરણ બાદ સમાજ દ્વારા આ પ્રથમ કાર્યક્રમનું આયોજન નૂતન વાડીમાં થયેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી અલ્પાબેન શાહે ખૂબ વ્યવસ્થિત રીતે અને પોતાની આગવી શૈલીના માધ્યમથી કર્યું હતું. કાર્યક્રમની શુભ શરૂઆત **કુ. યશ્વી ગણાત્રા** દ્વારા ગણેશ વંદનાના ગીત સાથે સુંદર નૃત્યથી થઈ હતી.

સમાજના પ્રમુખ **શ્રી જગદીશભાઈ અનમે** ઉપસ્થિત સર્વેને નવા વર્ષની શુભેચ્છા પાઠવીને સૌનું અભિવાદન કર્યું હતું. ગત વર્ષ દરમિયાન સમાજ દ્વારા થયેલ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમો વિશે પરિવારજનોને માહિતગાર કર્યા હતા. પ્રમુખ તરીકે પોતાની સાત વર્ષની કામગીરી દરમિયાન સાથ-સહકાર આપનાર સર્વે હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ સમાજ પરિવારજનોનો તેમણે ખાસ આભાર માન્યો હતો. તે ઉપરાંત વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ માટે વરણી થયેલા નવા હોદ્દેદારો તથા કારોબારી સમિતિના તેમજ યુવા વિંગ 'સેતુ'ના સભ્યોનો પરિચય આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના તથા સરસ્વતી સન્માનના અનુક્રમે ૧૪ અને ૭ સૌજન્ય દાતાશ્રીઓનું ઉપરોક્ત સમારંભમાં બહુમાન કરવામાં આવ્યું હતું. તે રીતે, સમાજની સંપર્ક પત્રિકાના દીપોત્સવી વિશેષાંક માટે મોટા પ્રમાણમાં જાહેરાતો એકત્ર કરનાર સમાજ પરિવારજનોનું બહુમાન થયું હતું.

સરસ્વતી સન્માન યોજના હેઠળ કુલ ૩૧ તેજસ્વી છાત્રોને સમાજના હોદ્દેદારોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાજ પરિવારજનમાંથી **કુ. નિવેદીતા મુખી**એ ''આત્મવિશ્વાસ'' વિષય પર ખૂબજ રસપ્રદ માહિતી સાથે રજૂઆત કરી હતી. વ્યક્તિ પોતાનો આત્મવિશ્વાસ કેળવે તો દરેક ક્ષેત્રે સફળતા આસાનીથી હાંસલ કરી શકાય છે તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

ચાલુ વર્ષે 'લોહાણા પ્રકાશ'નો દીપોત્સવી વિશેષાંક ''જ્ઞાતિ ગૌરવ''ની થીમ હેઠળ પ્રકાશિત થયો છે. તેનો સમાજના પ્રમુખશ્રીએ ખાસ ઉલ્લેખ કર્યો હતો. કચ્છી લોહાણા સમાજના મહાનુભાવો કે જેમણે સમાજ માટે તન-મન-ધનથી વિવિધ પ્રકારની ઉત્કૃષ્ટ સામાજિક સેવાઓ કરી છે તેવા ૮૦થી વધારે પ્રતિભાશાળી રઘુવીરોના જીવન વૃત્તાંતો પ્રકાશિત કરીને સમાજે પોતાની એક અનોખી છાપ ઊભી કરી છે, તેમ તેમણે જણાવ્યું હતું.

સમાજની સંપર્ક પત્રિકા 'લોહાણા પ્રકાશ'ની શરૂઆતથી કરીને અત્યાર સુધીના સન્માનપાત્ર સંપાદક મંડળના તમામ સભ્યોના નામોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં રીનાબેન દૈયા, મીનાક્ષીબેન સચદે, ચત્રભુજભાઈ નાગરાણી, નવીનભાઈ ચંદે, હેમંતભાઈ દૈયા વગેરેના નામનો ઉલ્લેખ કરીને ઉપસ્થિત સર્વે સભ્યોનું બહુમાન કરવામાં આવેલ. **પત્રિકાની સર્વલક્ષી કામગીરી છેલ્લા કેટલાક સમયથી વહન કરનાર દિનેશ આર. મહેતાનું પણ ઉપરોક્ત કાર્યક્રમમાં ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.** તે ઉપરાંત વિશેષાંકમાં ઉપયોગી માહિતીનું પ્રદાન કરવા બદલ સમાજના **ઘનશ્યામભાઈ પી. ઠક્કર** તથા **ચારુબેન રંગવાલા**નું વિશેષ સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમમાં એક ખાસ ધ્યાનાકર્ષક બાબત એ હતી કે ભોજન પ્રસાદ લીધા બાદ દરેકે પોતાની પ્લેટમાં ખાવાની એક પણ વસ્તુ જરાપણ બાકી રાખવાની ન હતી. આ માટે યુવા વિંગ 'સેતુ'ના સભ્યોએ ખાસ ઝુંબેશ ઉપાડી હતી.

તમામ જ્ઞાતિજનોએ નૂતન વર્ષ નિમિત્તે પરસ્પર શુભેચ્છા સંદેશ પાઠવીને સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્વક માણ્યો હતો. સમૂહ આરતી કર્યા બાદ પ્રસાદ - ભોજન માણીને રાત્રે ૧૦ કલાકે કાર્યક્રમનું સમાપન થયું હતું.

## અમદાવાદ ખાતે ભારતમાતા મંદિર અને લોકસેવા ટ્રસ્ટ અને મેમોરિયલ દ્વારા સરદાર પટેલ જયંતિ ભવ્ય રીતે ઉજવાઇ

સરદાર પટેલની જન્મ જયંતિનો દિવસ એટલે રાષ્ટ્રીય એકતા દિવસ. ભારત દેશ ઘણા બધા નાના-મોટા રાજ્યનાં સમૂહથી બનેલો છે. દરેકની ભાષા, લિપિ, રહેણી-કરણી, ખોરાક, સંસ્કારો અલગ છતાં અનેકતામાં એકતા એટલે ''ભારત.'' આ અખંડ ભારતનાં ઘડવૈયા 'સરદાર પટેલ'ની જયંતિ દર વર્ષે ૩૧મી ઓક્ટોબરનાં રોજ ઉજવવામાં આવે છે. ગાંધી, નહેરુ અને વિનોબા જેવા મહાનુભાવોના વિચારો તેમના સાહિત્ય સર્જનના કારણે વધુ પ્રસર્યા છે. જ્યારે સરદાર પટેલના વિચારો તો અન્ય લેખકો અને વિદ્વાનો દ્વારા લખાયા બાદ વિસ્તર્યા છે. સરદાર પટેલ તો અસ્સલ ગ્રામીણ સંસ્કૃતિનાં ખેડૂત પ્રતિનિધિ હતા. ખડતલ શરીર, અડગ મનોબળ, પારદર્શક

(અનુ. : જુઓ પાના નં.-૪૩ ઉપર)

# શબ્દ શોધ : ૬૬

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ■ | ૩ | | ૪ | | ૫ |
| ૬ | | | ૭ | | ■ | | ■ | |
| ૮ | | ■ | ૯ | | ૧૦ | ■ | ૧૧ | |
| ■ | ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | ■ | |
| ૧૫ | | ■ | ૧૬ | ■ | ■ | ૧૭ | ૧૮ | ■ |
| | ■ | ૧૯ | | ૨૦ | ■ | ૨૧ | | ૨૨ |
| ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | | ■ | |
| ■ | | ■ | ૨૭ | | | ■ | ૨૮ | |
| ૨૯ | | | ■ | ૩૦ | | | | ■ |

## આડી ચાવીઓ

૧. શબ (૨)
૩. સહાયક (૫)
૬. જાણીતા લેખક આબીદ સુરતીની વેશ્યાઓના જીવન પરની એક નવલકથા (૫)
૮. બ્રાહ્મણ જ્ઞાતિની એક અટક (૨)
૯. મકર સંક્રાંતિ વખતે શું ઊડે? (૩)
૧૧. "_______ નાશનું મૂળ છે." (૨)
૧૨. પવિત્ર મનાતું એક પશુ (૨)
૧૩. પવિત્ર મનાતો એક છોડ (૩)
૧૫. એક દૂધાળુ પશુ (૨)
૧૭. તડકો, ગરમી (૨)
૧૯. વ્યસન વિશેની તીવ્ર લાલસા (૩)
૨૧. ઓળખ, પિછાણ, પરીક્ષા કરવી એ (૩)
૨૩. આંખની કીકી (૩)
૨૫. બાળબચ્ચાં, છોકરા છૈયા (૩)
૨૭. ગણેશજીનું વાહન (૩)
૨૮. બંધુ, બાંધવ (૨)
૨૯. કચ્છનો એક તાલુકો (૩)
૩૦. ગીતનો રચયિતા (૪)

## ઊભી ચાવીઓ

૧. તાજેતરમાં અમેરિકાના કયા શહેરમાં હોટલમાં ચાલતા સંગીત સમારોહ પર ગોળીબારમાં ૫૦થી વધુ મોત નિપજ્યા હતા? (૫)
૨. શંકા, વહેમ (૨)
૩. સ્નાયુઓમાંનો તે તે તાંતણો કે રેસો (૪)
૪. બે આંકડાની પ્રથમ સંખ્યા (૨)
૫. આપ કયા વિભાગમાં આ કોયડા ભરી રહ્યા છો? (૪)
૬. વિવાદ (૨)
૭. 'સાપ'ને કચ્છીમાં શું કહેવાય? (૨)
૧૦. માછલાં પકડવાનો આકડો (૨)
૧૪. શ્રી રામચંદ્ર (૪)
૧૫. ભયંકર, ભયકારક (૩)
૧૬. એક મૂળ રંગ (૨)
૧૮. પરાયું, અન્ય, બીજું (૨)
૧૯. શરીર, કાયા (૨)
૨૦. ગમવું એ, ગમો, રૂચિ (૪)
૨૨. ખરાપણું, વેરીફિકેશન (૩)
૨૪. હિંસક પશુ શું મારે? ફાળ, છલાંગ (૩)
૨૬. તાત્કાલિક, સત્વરે, ફટાફટ (૩)
૨૮. વજન, બોજ (૨)

## શબ્દશોધ : ૬૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | ■ | અં | જ | નિ | કા | ■ | વં | દે |
| મ | ■ | કુ | ક | ર્મ | ર | ત | ■ | હ |
| દા | દ | ર | ■ | લા | જ | મ | ર્યા | દા |
| વા | રિ | ■ | મા | સી | ■ | ■ | ■ | ન |
| દ | યા | ■ | મા | તા | ના | મ | ઢ | ■ |
| ■ | પા | ■ | ■ | રા | જ | ■ | ગો | ફ |
| મા | ર | ગ | ■ | મ | ની | ષા | ■ | ર |
| સ | ■ | ગ | જા | ન | ન | ■ | ન | ક |
| અ | મા | ન | ત | ■ | ■ | દા | દી | ■ |

## શબ્દ શોધ : ૬૪/૬૫નો ઉકેલ મોકલાવનારના નામ

- મહાભાઈ આર. વોરા - ભુજ
- જયંત એ. ગાલા - અમદાવાદ
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ
- નીલેશ વી. શાહ - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ
- પ્રીતિ કનૈયાલાલ દવે - અમદાવાદ
- જીગરભાઈ આર. દોશી - માધાપર
- વિજય ડી. શાહ - અંજાર
- કિરેન્દુ જે. વૈદ્ય - અમદાવાદ
- પુષ્પા જીગર સોની - માંડવી
- રશ્મિ એસ. સાવલા - ભુજ
- રાધિકા અશોકભાઈ મહેતા - ભુજ

# વિવિધ માહિતી

## એક તરફ વિકાસની વાતો જ્યારે અન્ય તરફ ભૂખમરા અને કૂપોષણથી પીડાતું ભારત

વોશિંગ્ટનની "ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ" નામની સંસ્થાએ જાહેર કરેલ 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ'ના ૨૦૧૭ના રિપોર્ટ અનુસાર ૧૧૯ દેશોની યાદીમાં ભારત ૧૦૦મા સ્થાને છે. તેનો મતલબ એ થયો કે ભારત કરતા વધારે ભૂખમરો હોય તેવા દેશો માત્ર ૧૯ છે.

ખાસ વાત એ છે કે છેલ્લા ત્રણ વર્ષથી દેશમાં ભૂખમરાની સ્થિતિ વધારે ને વધારે બદતર થતી જાય છે. ૨૦૧૪માં આ લિસ્ટમાં ૫૫મા સ્થાને હતું. ૨૦૧૫માં ૮૦મા સ્થાને અને ૨૦૧૬માં ૯૭મા સ્થાને હતું. છેલ્લા એક વર્ષમાં તે ૩ સ્થાન ઉતરી ચૂક્યું છે. આ હકીકત પરથી એ સ્પષ્ટ થાય છે કે ભારતનો વિકાસ અસમતોલ છે.

આ અગાઉ યુ.એન.ના આ વર્ષના રિપોર્ટ અનુસાર દુનિયાભરમાં ભૂખમરાથી પીડાતી કુલ વસતિના ૨૩ ટકા લોકો ભારતમાં છે. દુનિયાના આશરે ૮૧.૫ કરોડ લોકો ભૂખમરાથી પીડિત છે અને એમાંના ૧૯ કરોડ લોકો ભારતમાં વસે છે. ભારતની કુલ વસતિમાંથી આશરે ૧૪ ટકા વસતી ભૂખમરો વેઠી રહી છે.

ભારતમાં ખાદ્યાન્નનું ઉત્પાદન તો વિશાળ પાયે થાય છે પરંતુ તેના વિતરણની વ્યવસ્થા સાવ કંગાળ છે. ઉત્પાદન થયેલ અનાજનો એક મોટો હિસ્સો લોકો સુધી પહોંચવાના બદલે સરકારી ગોડાઉનમાં સડી જાય છે. યુ.એન.ના હિસાબ પ્રમાણે દેશનું લગભગ ૨૦ ટકા અનાજ સંગ્રહ ક્ષમતાના અભાવે બરબાદ થઈ જાય છે. એક રિપોર્ટ અનુસાર ભારતમાં દર વર્ષે ૨૩ કરોડ ટન દાળ, ૧૨ કરોડ ટન ફળ અને ૨૧ કરોડ ટન શાકભાજી યોગ્ય વિતરણ વ્યવસ્થાના અભાવે સડી જાય છે.

ભૂખમરાની સીધી અસર પોષણ અને સ્વાસ્થ્ય પર પડે છે. ભારતમાં ૫થી ઓછી વયના આશરે ૩૮ ટકા બાળકો કૂપોષણથી પીડાય છે. કૂપોષણની સીધી અસર બાળકોના માનસિક અને શારીરિક વિકાસ, શિક્ષણ અને બૌદ્ધિક ક્ષમતા પર પડે છે. આ પરિસ્થિતિ જોતાં ભારતની ભાવિ પેઢી કેટલી નબળી હશે તેનો ખ્યાલ આવે છે.

એક અંદાજ અનુસાર યુવાન વયની ૫૧ ટકા સ્ત્રીઓ એનીમિયા એટલે કે લોહીની ઉણપથી પીડાય છે.

આમ તો ભારતમાં ભૂખમરા અને કૂપોષણને ડામવા સરકાર અનેક યોજનાઓ અમલમાં તો લાવે છે પરંતુ અમલદારશાહી અને ભ્રષ્ટાચારના કારણે આવી યોજનાઓનો લાભ જરૂરતમંદ લોકો સુધી પહોંચી શકતો નથી. ઉપરથી વધતી જતી મોંઘવારી અને ખાદ્ય પદાર્થોની કિંમતોમાં ઉછાળાના કારણે ગરીબો અને ઓછી આવક ધરાવતા લોકો વધુને વધુ નિસહાય બની રહ્યા છે. અનાજની સાર્વજનિક વિતરણ વ્યવસ્થામાં થતો ભ્રષ્ટાચાર તો જગજાહેર છે. ગરીબો માટે ઉપલબ્ધ કરાવવામાં આવતા સસ્તા અનાજનો અડધો અડધ હિસ્સો લોકો સુધી પહોંચતો જ નથી અને ખુલ્લા બજારોમાં ઊંચી કિંમતે વેચાઈ જાય છે.

સરકાર તો આ ભ્રષ્ટાચાર ડામવા અસમર્થ નીવડેલ છે. અગર સામાજિક સંસ્થાઓ આ પ્રશ્ન ઉપાડી લે અને જનમાનસને ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ કેળવી શકે તો તે પ્રયોગ કરવા જેવો દેખાય છે. આ મુદ્દે સરકારે સામાજિક સંસ્થાઓને પૂરેપૂરું પ્રોત્સાહન આપવું જરૂરી બની રહે.

*'ગુજરાત સમાચાર'ની 'ન્યુઝ ફોકસ' કોલમના આધારે*

## શ્વસનતંત્રનું જાણવા જેવું

- પ્રાણીજગત નાક દ્વારા શ્વાસમાં હવા લઈને તેમાંથી ઓક્સિજન મેળવી જીવે છે. શ્વસનતંત્રમાં નાક, શ્વાસનળી અને ફેફસાં મુખ્ય અવયવો છે.
- માણસનું જમણું ફેફસું ડાબા કરતાં સહેજ મોટું હોય છે.
- ફેફસા ઉપરાઉપરી મજબૂત આવરણમાં સચવાયેલા છે. આવરણનું કુલ ક્ષેત્રફળ ટેનિસના મેદાન જેવડું થાય.
- ફેફસામાં આવેલી રક્તવાહિનીઓને એકબીજા સાતે જોડીએ તો ૧૬૦૦ કિ.મી. લાંબી સાંકળ બને.
- આરામના સમયમાં માણસ દર મિનિટે લગભગ ૧૦ લિટર હવા શ્વાસમાં લે છે.
- ઉચ્છવાસ દ્વારા બહાર ફેંકાતી હવાનું તાપમાન વધુ હોય છે.
- પુખ્ત વયનો માણસ એક મિનિટમાં લગભગ ૧૨થી ૧૮ વખત શ્વાસ લે છે.
- ઓચિંતો વધુ પડતો પ્રકાશ આંખ ઉપર આવે ત્યારે ઓપ્ટિક નર્વ આંખની કીકીને નાની કરવા પ્રતિક્રિયા કરે છે. ઓપ્ટિક નર્વની નજીક રહેલી ટ્રીગ્મિનલ નર્વ પણ પ્રતિક્રિયા કરે છે અને માણસને છીંક આવે છે.
- મોટાભાગના માણસો વધુમાં વધુ એક મિનિટ શ્વાસ રોકી શકે છે.

## હૃદયને ધબકતું રાખતી કુદરતી બેટરી : પેસમેકર

આપણા શરીરનાં બધાં અવયવો મગજના આદેશ મુજબ કામ કરતાં હોય છે. પરંતુ હૃદય મજબૂત, ટકાઉ અને સ્થિતિસ્થાપક કોષોનું બનેલું છે અને ધબકતું રાખવા ખાસ પ્રકારના કોષોની બનેલી ગ્રંથિ આવેલી છે. હૃદયના જમણા ખાનાઓની વચ્ચે આવેલી આ પેસમેકર ગ્રંથિ વીજળી ઉત્પન્ન કરે છે. બેટરીની જેમ હૃદયના ખાનાને પાવર આપે છે. આમ હૃદયને ધબકતું રાખવા મગજ ઉપર બહુ આધાર રાખવો પડતો નથી. પેસમેકર ગ્રંથિના કોષો સોડિયમ અને પોટેશિયમના આયનોનાં બનેલા હોય છે. એટલે રાસાયણિક બેટરી જેવું કામ કરે છે. જો કે વિજ્ઞાનીઓ હજુ આ રચનાને પૂરેપૂરી સમજી શક્યા નથી. માત્ર પેસમેકરનો ઈલેક્ટ્રિક કરંટ હૃદયને ધબકતું રાખે છે તેમ માને છે. નબળા હૃદયના દર્દીઓ માટે

વિજ્ઞાનીઓએ હૃદયને પાવર આપવા માટે કૃત્રિમ યંત્ર વિકસાવ્યું છે તેને પણ પેસમેકર કહે છે. બેટરી વડે ચાલતું આ યંત્ર દર્દીની છાતીમાં બેસાડવામાં આવે છે અને તે હૃદયને ધબકતું રાખે છે.

## હોલોગ્રાફીનો શોધક : ડેનિસ ગેબોર

એક જ ચિત્રને સહેજ ત્રાંસુ કરીને જુઓ તો બીજું જ ચિત્ર દેખાય અને તે પણ થ્રીડીમાં આવા હોલોગ્રામ તમે જોયા હશે. ઘણી કંપનીઓ પોતાની બનાવેલી ચીજો પર હોલોગ્રામનો ઉપયોગ કરે છે. જેની બ્રાન્ડનું નામ ત્રાસમાંથી જ દેખાય. આજે હોલોગ્રામ ઘણી જાતના બને છે. તેની શોધ હંગેરીના વિજ્ઞાની ડેનિસ ગેબોર્ટે કરી હતી. આ શોધ બદલ તેને ૧૯૭૧માં ફિઝિક્સનું નોબેલ પ્રાઇઝ મળ્યું હતું.

ડેનિસ ગોબોટનો જન્મ હંગેરીના બુડાપેસ્ટ શહેરમાં ઇ.સ. ૧૯૦૦ના જૂનની પાંચમી તારીખે થયો હતો. બીજા વિશ્વયુદ્ધમાં તેણે ઇટાલીમાં સેનામાં સૈનિક તરીકે નોકરી કરી હતી. બુડાપેસ્ટમાં ટેકનિકલ યુનિવર્સિટીમાં તેમજ બર્લિનમાં હેમિલે ઇલેક્ટ્રિકલ એન્જિનિયરની પદવી મેળવી હતી. ટી.વી.ના કેથોડ રે ટ્યુબ માટે તેણે પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી.

૧૯૪૬માં ગેબોટે બ્રિટનમાં સ્થાયી થઈ પોતાના સંશોધનો ચાલુ રાખ્યા. ૧૯૪૭માં તેણે હોલોગ્રાફીની શોધ કરેલી. પરંતુ વ્યવહારમાં ઉપયોગ થાય તેવા હોલોગ્રામ ૧૯૬૦માં બન્યા. ૧૯૫૮માં તે લંડનની ઇમ્પિરિયલ કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયેલો. ફિઝિક્સ ક્ષેત્રે તેમણે કરેલા યોગદાન બદલ તેમને નોબેલ પ્રાઇઝ સહિત અનેક ઍવોર્ડ મળેલા. ૧૯૭૯ના ફેબ્રુઆરીની ૮મી તારીખે તેમનું અવસાન થયું હતું.

## ડાઇનોસોરની જાણવા જેવી વાત

ડાઇનાસોરના ચિત્રો અને ફિલ્મો લોકપ્રિય થયા છે. વિવિધ પ્રકારના ડાઇનોસોર એક રોમાંચ અને ઉત્સુકતા પેદા કરનારા પ્રાણીઓ છે. ડાઇનોસોર પૃથ્વી ઉપર ૨૩ કરોડ વર્ષ પહેલા વસતા હતા. તે સમયે માણસ નહોતો. ઇ.સ. ૧૮૪૨માં અંગ્રેજ નૃવંશ શાસ્ત્રી રીચાર્ડ ઓવને ડાઇનોસોર નામ આપ્યું. ડાઇનોસોર એટલે ગ્રીક ભાષામાં વિકરાળ, મોટી અને શક્તિશાળી ગરોળી.

૨૩ કરોડ વર્ષ પહેલાં પૃથ્વી પર આવા પ્રાણીઓ હતા. તેની ખબર આજે કેમ પડી તે પણ જાણવા જેવું છે. પૃથ્વી પર કોઈ સ્થળે ઊંડે ખોદકામ કરતા કેટલાક સ્થળેથી ડાઇનોસોરના દટાયેલા હાડકાં કદ વગેરેનો અભ્યાસ કરીને આ પ્રાણીઓ કેવા હતા તેનું તારણ કાઢે છે. જુદા જુદા સ્થળોએ ડાઇનોસોરના વિવિધ પ્રકાર અને આકારના અસ્થિઓ મળ્યા છે. ક્યારેક પગલાં તો ક્યારેક થાપાના હાડકાં અને વનસ્પતિ ખાઇને જીવતા. ૯૦૦૦ જાતના ડાઇનોસોર પૃથ્વી પર હતા. કેટલાક જમીન પર તો કેટલાક દરિયામાં રહેતા. કેટલાકને પાંખો હતી અને ઊડી શકતા. બધા ડાઇનોસોર ઇંડાં મૂકતા. ડાઇનોસોરના ઇંડાં પણ ખોદકામમાં મળી આવે છે. કેટલાક ડાઇનોસોરને તીક્ષ્ણ દાંત હતા. વિજ્ઞાનીઓએ ડાઇનોસોરને ટિટેનોસોરસ, એલોસોરસ, બેરિયોનાસોરસ જેવા ઘણા બધા નામ આપ્યા છે.

પૃથ્વી પર ડાઇનાસોર વસતા તે સમયને જુરાસિક યુગ કહે છે. ડાઇનોસોરનો રંગ કેવો હતો તે ચોક્કસ જાણી શકાય નહીં. પરંતુ આજે મગર, ગરોળી વગેરે સરિસૃપો ડાઇનોસોરના વંશજ છે. એટલે ડાઇનોસોરનો રંગ પણ તેમના જેવો હશે તેમ મનાય છે.

વિજ્ઞાનીઓ માને છે કે સાડા છ કરોડ વર્ષ પહેલાં પૃથ્વી સાથે એક મોટી ઉલ્કા અથડાઇ. પૃથ્વી ઉપર વાદળો છવાઇ ગયા. સૂર્ય ઢંકાઇ ગયો અને વર્ષો સુધી પૃથ્વી ઠંડી પડી ગઈ. પૃથ્વી પર સૂર્યના કિરણો નહીં હોવાથી શક્તિ (ઊર્જા) પણ બચી નહીં. ડાઇનોસોર જેવા પ્રાણીઓ આ યુગમાં નાશ પામ્યા. જો કે ડાઇનોસોરના વંશજો નાશ થવા માટે ઘણી બધી થિયરીની ચર્ચા થાય છે.

## ગુજરાત વિધાનસભા
## કયા વર્ષમાં કેટલી બેઠક, કેટલા મતદારો, કેટલું મતદાન?

| વર્ષ | બેઠકની સંખ્યા | મતદારોની સંખ્યા | મતદાનની ટકાવારી |
|---|---|---|---|
| ૧૯૬૨ | ૧૫૪ | ૯૫.૩૪ લાખ | ૫૭.૯૭ |
| ૧૯૬૭ | ૧૬૮ | ૦૧.૦૭ કરોડ | ૬૩.૭૦ |
| ૧૯૭૨ | ૧૬૮ | ૦૧.૨૫ કરોડ | ૫૮.૧૧ |
| ૧૯૭૫ | ૧૮૨ | ૦૧.૪૦ કરોડ | ૬૦.૩૭ |
| ૧૯૮૦ | ૧૮૨ | ૦૧.૬૫ કરોડ | ૪૮.૩૭ |
| ૧૯૮૫ | ૧૮૨ | ૦૧.૯૩ કરોડ | ૪૮.૮૨ |
| ૧૯૯૦ | ૧૮૨ | ૦૨.૪૮ કરોડ | ૫૨.૨૩ |
| ૧૯૯૫ | ૧૮૨ | ૦૨.૯૦ કરોડ | ૬૪.૩૯ |
| ૧૯૯૮ | ૧૮૨ | ૦૨.૮૭ કરોડ | ૫૯.૩૦ |
| ૨૦૦૨ | ૧૮૨ | ૦૩.૩૨ કરોડ | ૬૧.૫૦ |
| ૨૦૦૭ | ૧૮૨ | ૦૩.૬૬ કરોડ | ૫૯.૭૭ |
| ૨૦૧૨ | ૧૮૨ | ૦૩.૮૧ કરોડ | ૭૨.૦૨ |
| ૨૦૧૭ | ૧૮૨ | ૦૪.૩૦ કરોડ (અંદાજે) | |

## કેન્દ્રના પાંચ ટ્રિબ્યુનલ પાસે હાલ ૩.૫૦ લાખ કેસનો ભરાવો

સરકારના પાંચ મુખ્ય ટ્રિબ્યુનલમાં ૩.૫૦ લાખ કેસનો ભરાવો થયેલો છે જેમાં ઇન્કમટેક્સ વિભાગમાં કેસનો ભરાવો સૌથી વધારે છે. તેમની પાસે ૯૧,૦૦૦ કેસ પેન્ડિંગ પડ્યા છે તેમ કાયદા પંચના એક અહેવાલમાં જણાવાયું છે.

કાયદા પંચે 'એસેસમેન્ટ ઑફ સ્ટેટ્યુટરી ફ્રેમવર્ક ઓફ ટ્રિબ્યુનલ ઇન ઇન્ડિયા' સ્પષ્ટતા કરી છે કે આ બધા ટ્રિબ્યુનલોની મામલાઓની પતાવટ કરવાની ઝડપ પણ સારી છે. વાર્ષિક ૯૪ ટકાના દરે કેસનો નિકાલ કરાતો હોવા છતાં, આટલા કેસ પેન્ડિંગ પડ્યા છે. જે ચિંતાજનક છે. કેમકે સામાન્ય અદાલતમાં કેસનો ભરાવો ઘટે તે માટે ટ્રિબ્યુનલની રચના અને પ્રણાલી અપનાવાઇ હતી હવે તેમાં પણ કેસનો ભરાવો થવા માંડ્યો છે.

જુલાઈ ૨૦૧૭ની સ્થિતિને જોઈએ તો સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલમાં ૪૪,૩૩૩ કેસ પેન્ડિંગ પડ્યા છે. જ્યારે રેલવે ક્લેઈમ્સ ટ્રિબ્યુનલમાં ૪૫,૬૦૪ કેસનો ભરાવો છે. ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ પાસે ૭૮,૧૧૮ કેસ જુલાઈ ૨૦૧૬ સુધી પેન્ડિંગ હતા. સર્વિસ ટેક્સ ટ્રિબ્યુનલ તેમજ એક્સાઈઝ પાસે ૯૧,૫૩૮ કેસ પેન્ડિંગ છે. જ્યારે આવકવેરા વિભાગના ટ્રિબ્યુનલ પાસે ૨૦૧૬ના અંતમાં ૯૧,૫૩૮ કેસ પેન્ડિંગ છે. આમ આ તમામ પંચના પેન્ડિંગ કેસનો ભરાવો ૩,૫૦,૧૮૫ પર પહોંચ્યો છે.

## ઑક્સફર્ડ ડિક્શનરીમાં કુલ ૭૦ ભારતીય શબ્દોને સ્થાન મળ્યું

### 'બાપુ', 'પુરી', 'નાટક', 'સેવક' સહિતના ગુજરાતીના શબ્દોને ઑક્સફર્ડમાં સ્થાન

અંગ્રેજી ભાષા જગત પર રાજ કરતી હોવાનું મુખ્ય કારણ તેનું ખુલ્લાપણું છે. એ ભાષામાં દર વર્ષે સેંકડો નવા શબ્દો ઉમેરાય છે. અંગ્રેજી ભાષાની વ્યાપક માન્યતા ધરાવતી ઑક્સફર્ડ ઇંગ્લિશ ડિક્શનરીએ ઑક્ટોબર માસમાં ૭૦ નવા ભારતીય શબ્દોને સ્થાન આપ્યું હતું. એ શબ્દોમાં અનેક ગુજરાતી ભાષાના શબ્દોનો પણ સમાવેશ થાય છે.

ઑક્સફર્ડ ડિક્શનરીના બ્લોગ પર લખ્યા પ્રમાણે ગુજરાતી, પંજાબી, હિંદી, તમિલ, ઉર્દુ વગેરે ભારતીય ભાષાઓના કુલ ૭૦ શબ્દોને ડિક્શનરીએ અપનાવ્યા છે. ડિક્શનરીએ એ પણ સ્પષ્ટતા કરી છે કે જરૂરી નથી કે કોઈ ભાષામાં આજે વપરાતો શબ્દ મૂળ એ ભાષાનો જ હોય. પરંતુ હવે જો વ્યાપકપણે વપરાતો હોય તો તેને અપનવવો જોઈએ. એ રીતે કેટલાક શબ્દો બે ભાષાના મળીને બન્યા છે. જેમ કે મીર્ચ-મસાલા એ શબ્દ હિંદી (મીર્ચ) અને મસાલા (ઉર્દુ) શબ્દોનો સંગમ છે.

ગુજરાતી ભાષા બચાવવાનું તૂત છેલ્લા કેટલાક સમયથી ચાલે છે. પરંતુ ગુજરાતીના કહેવાતા ભાષા નિષ્ણાતો સમક્ષ કોઈ નવો શબ્દ આવે ત્યારે શરમના માર્યા લાજ કાઢે છે. એટલે કે નવાં શબ્દો, નવાં શબ્દ પ્રયોગોને ગુજરાતી ભાષામાં બની બેઠેલા નિષ્ણાતો સ્વીકારી શકતા જ નથી. હકીકત એ છે કે પ્રજા જે શબ્દો વાપરે એ ભાષાએ સ્વીકારવા જ પડે. ગુજરાતીની કુ-સેવા કરતાં બુદ્ધિ જોકે એટલે દૂર સુધી પહોંચતી નથી. પરિણામે ગુજરાતી ભાષાની સાચી-ખોટી ચિંતા કરવી પડે છે. અંગ્રેજીમાં એવું થતું નથી.

ડિક્શનરીએ તેની લેટેસ્ટ આવૃત્તિમાં જગતભરમાંથી ૭૦૦ નવા શબ્દોને આવકાર્યા છે. તો વળી અત્યાર સુધીમાં કુલ મળીને ૯૦૦ ભારતીય શબ્દોને ડિક્શનરીમાં સ્થાન મળી ચૂક્યું છે. ઑક્સફર્ડ ઇંગ્લિશ ડિક્શનરી ૧૮૮૮થી પ્રગટ થતી આવે છે. છેલ્લી એડિશનમાં ૨૨ હજાર જેટલા પાનાં ૨૦ ભાગમાં ફેલાયેલા છે. તેમાં કુલ ૩ લાખથી વધારે મુખ્ય એન્ટ્રીઓ છે. ડિક્શનરીની વેબસાઈટ પર નિયમિત રીતે નવાં શબ્દો, ટ્રેન્ડિંગ શબ્દો, કહેવતો, ભાષાનું જ્ઞાન રજૂ કરવામાં આવે છે.

***ડિક્શનરીમાં આ વખતે સ્થાન પામેલા શબ્દો પૈકી કેટલાક ભારતીય શબ્દો :*** અન્ના, બાપુ, ભેળપુરી, ભવન, ચૂપ, ચૂડીદાર, ચણાદાળ, ચણા, દેવી, દેશ, દાદાગીરી, દીદી, ઘી, જય, માતા, નગર, નાટક, નિવાસ, પાપડ, પુરી, સેવક, સૂર્ય-નમસ્કાર, ટાઈમપાસ. ■

## અન્ય સંસ્થાઓના સમાચાર

(અનુ. : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)

જીવન, જેવી વાણી તેવું જ જીવન, નખશીખ રાષ્ટ્રવાદી, તેને કોઈ જ્ઞાતિ-જાતિમાં બાંધી ન શકાય. તેમણે તો માત્ર રાષ્ટ્ર માટે કામ કર્યું. રાષ્ટ્રહિત સિવાય તેમને કોઈ સ્વપ્ન આવતા નહોતા. તેમની રગેરગમાં દેશદાઝ હતી. અને એટલે જ તેમનો જન્મ દિવસ 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઊજવાય છે. ગુજરાતનાં ગામડે ગામડે સરદાર પટેલ જયંતિ ઉજવાય છે, વ્યાખ્યાનો યોજાય છે. તાજેતરમાં તા. ૩૧ ઓક્ટોબરના રોજ અમદાવાદ ખાતે અલગ અલગ સ્થળે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સવારના ૮થી ૧૧ વાગ્યા સુધીમાં અનેક સ્થળે સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર પહેરાવી તેમનું સ્મરણ કરવામાં આવ્યું હતું. રાત્રિના સરદાર પટેલ સેવા સમાજ દ્વારા ડૉ. રીઝવાન કાદરીના વ્યાખ્યાનનું આયોજન થયું હતું.

સરદાર પટેલ સ્મારક શાહીબાગ ખાતે ભારતમાતા મંદિર, લોકસેવા ટ્રસ્ટ અને મેમોરિયલ દ્વારા સરદાર પટેલ જયંતિ ઉજવણીના ભાગરૂપે તમામ જ્ઞાતિના આગેવાનોને સાથે રાખી મોટી સંખ્યામાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં મ્યુઝિયમનું નિરીક્ષણ, સરદાર પટેલ વિશેની ડોક્યુમેન્ટરી થ્રી-ડી ફિલ્મ શો નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘનશ્યામ પટેલ, ભીમજી નાકરાણી, સીએ આર.એસ. પટેલ, ડૉ. માણેકભાઈ પટેલ અને રસિક ખમારે પ્રસંગોચિત વ્યાખ્યાનો આપ્યા હતા.

લોકસેવા ટ્રસ્ટના આમંત્રણને માન આપીને શાહીબાગ ખાતેના ઉપરોક્ત કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રતિનિધિ તરીકે અશોકભાઈ મહેતા, ઘનશ્યામભાઈ ઠક્કર તથા દિનેશ આર. મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

<u>નોંધ</u> : **સરદાર પટેલ સ્મારક - શાહીબાગ ખાતે મ્યુઝિયમનો સમય**

- ★ મંગળવારથી રવિવાર : સવારે ૯.૩૦થી ૫.૩૦ (શનિવાર - રવિવારના સાંજના ૬.૦૦ વાગ્યા સુધી. સોમવારે બંધ રહે છે.)
- ★ એન્ટ્રી ફી : રૂા. ૨૦/-
- ★ **થ્રી-ડી ફિલ્મ શો**
  શનિવાર તથા રવિવાર : સાંજે ૭.૦૦થી ૭.૪૫
- ★ એન્ટ્રી ફી : રૂા. ૩૦/-
  (દર્શકોની સંખ્યા અંદાજે ૨૦૦ હોય તો ઉપરોક્ત ચાર્જમાં ૨૦ ટકા સુધી કન્સેશન મળી શકે.)

## ક્યારે પૂરું થવાનું?

મોત એ જિંદગીનું છે અનોખું ટાણું,
સુખ-દુઃખ પર કેવું પૂર્ણવિરામ મૂકાણું;
સમસ્યા અને ગુંચવાડાથી જીવન ગુંચવાણું,
મુક્તિ આપતું એમાંથી આ મળ્યું નજરાણું.

મથામણનું યુદ્ધ હતું સદા વિરક્ત થવાનું,
બસ, મોતથી જુઓ સંવેદના-શૂન્ય થવાયું;
કહે છે કે જીવનનું ચાલક બળ ગુમાવ્યું,
જે અન્ય દેહનું વળી બળ બની જવાનું.

ચાર ગતિ અને ચોર્યાસીએ સદાય ફરવાનું,
કર્મો કરતાં રહેવું ને કર્મોને ભોગવવાનું;
સિલસિલો અંતતઃ, પણ પછી શું થવાનું?
ખબર નથી, બસ થાય જે થવા દેવાનું?

મન તો ઘણું થાય રાગદ્વેષમદથી છૂટવાનું,
મમત અને મમત્વની ગ્રંથિએ બહુ છે અટવાણું;
'આરસી'ને સદા અચરજ વળી એ રહેવાનું,
બસ, ક્યારે? હા, ક્યારે આ પૂરું થવાનું?

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## કિનારે કિનારે

સૂરજની સાથે ચાંદના પણ દિદાર થાય છે
ખીડકી એની ખૂલ્લી હોય છે સવારે સવારે.

હશે ખોફ કેવો અહીં સમુદ્રી તોફાનનો
લંગરાઇ ગઈ સફીના બધી કિનારે કિનારે.

કોઈ એક હોય તો શિકાયત પણ કરીએ
અહીં સીતમગર મળે છે બજારે બજારે.

સફરમાં મળી ગયો હમસફરનો સાથ
માંડશું કદમ હવે સહારે સહારે.

તુટેલા જીગર પર એને આવી ગઈ રહેમ
મલમ લગાડી ગયા એ દરારે દરારે.

નોટબંધીએ કરી દીધી પ્રેમ કરનારાઓને મજા
હવે થાય છે મુલાકાતો બધી કતારે કતારે.

*મણિલાલ ડી. રૂઘાણી - પારસનગર, રાણાવાવ*

## અસંભવ

હકીકત વાત છે સાચી
કહેવું એ અસંભવ છે.
બનું માંગણ કશું યાચી
કહેવું એ અસંભવ છે.
સમર્પિત થૈ ખુશી બક્ષવી
બને છે ફર્જ મિત્રતાની
બનો જાગૃત અક્ષર વાચી
કહેવું એ અસંભવ છે.
પુરાવો લાગણીનો છે
રહે ના ભેદ હું તું નો
ન રાખો મન યકીન કાચી
કહેવું એ અસંભવ છે.
દવાથી થાય રોગમુક્ત
તપાસી નાડ વૈદ્ય કહે
કથન પર તો ઝુમો નાચી
કહેવું એ અસંભવ છે.
થશે સાકાર સ્વયંભુ
પુરાશે પ્રાણ પથ્થરમાં
હરેશની છે કલ્પના સાચી
કહેવું એ અસંભવ છે.

*હરેશ પ્રેમજી રાજગોર - રાજડા (કચ્છ)*
*મો. ૯૪૦૮૪ ૪૨૪૭૧*

## દીવડા (ગઝલ)

દીપાવલીના દીવડા પ્રગટી રહ્યા છે,
ઉજાસ પર્વ સહુ આ ઉજવી રહ્યા છે.

એક જ મળી પળ જે હર્ષની આજ છે તો,
સહારો બની જીવનનો ઝગવી રહ્યા છે.

હોયે હવેલી કે પછી કોઈક પર્ણકૂટી,
સહુને સમાન ઉજળી જ કરી રહ્યા છે.

આજે ન તિમિરનો અવકાશ ક્યાંઇ
આજે તો પ્રેમદીપ માત્ર ધરી રહ્યા છે.

આમ જ સદા જીવન જયોત જગવી જ રાખો
અર્ચન પ્રભુપદ કરી જન સમરી રહ્યા છે.

*રમેશચંદ્ર વૈદ્ય - ભુજ*
*મો. ૯૫૫૮૭ ૨૭૧૭૬*

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)



Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫



॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

Niten Vasa

Essen Dyechem

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

AMAM MARKETING

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

BHAGYODAY QUARRY WORKS
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમપ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જ્યશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
शाश्वत Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS



Club house | Children Play Area | RestRoom in ClubHouse | Indoor Games | Swimming Pool | Jogging Track




Site Address : Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

એવું સત્ય બોલવું કે જે
હિત, મિત અને ગ્રાહ્ય હોય...

ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
હર્ષ, રિયા અને યશ ઠક્કર

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

SRE

Raju ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ આૉફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

# પરિવાર સમાચાર

## શુભ લગ્ન

**બુધવાર, તા. ૧-૧૧-૨૦૧૭**

- ચિ. નિરાલી દશરથભાઈ રંગાણી (વાંઢાય-દેશલપર) મોટા ચીલોડા, ગાંધીનગર
  ચિ. મિતેશ નારાણભાઈ માકાણી (ખેડોઈ) સીંગરવા, અમદાવાદ
- ચિ. વૃતિકા ભાણજીભાઈ લીંબાણી (પાલનપુર)
  ચિ. પાર્થ નરસિંહભાઈ પોકાર (રામપર) અમરેલી
- ચિ. કોમલ નટવરભાઈ દિવાણી (મોટી વિરાણી) હરિપુરા કંપા
  ચિ. શુભમ જયંતિભાઈ ઘોઘારી (મોટી વિરાણી) રામસી કંપા
- ચિ. ગાયત્રી જયંતિભાઈ ઘોઘારી (મોટી વિરાણી) રામસી કંપા
  ચિ. હર્ષદ ગણપતભાઈ સાંખલા (નેત્રા) ઉમેદપુરા કંપા
- ચિ. ઉર્મિ ભગવાનદાસ પદમાણી (વિથોણ) વસ્ત્રાલ, અમદાવાદ
  ચિ. નિલેશ નવીનચંદ્ર ભગત (ઉખેડા) કલોલ
- ચિ. દુર્ગા (દિયા) નવીનભાઈ ભગત (ઉખેડા) કલોલ
  ચિ. સુહાસ વાલજીભાઈ પેથાણી (નેત્રા) કપડવંજ
- ચિ. વસંતા વાલજીભાઈ પેથાણી (નેત્રા) કપડવંજ
  ચિ. કૌશિક ભગવાનદાસ પદમાણી (વિથોણ) વસ્ત્રાલ, અમદાવાદ
- ચિ. ભૂમિકા નરસિંહભાઈ પોકાર (વાલ્કા મોટા) નંદાસણ
  ચિ. પ્રકાશ શૈલેષભાઈ ચૌધરી (પાનેલી) હાલોલ
- ચિ. મોનિકા બાબુભાઈ ચૌધરી (રામપર-સર્વા) વિસનગર
  ચિ. હિમાંશુ મહેશભાઈ રૂડાણી (નાના અંગિયા) નેનપુર ચોકડી, જિ. ખેડા.
- ચિ. ખુશ્બુ મનોજભાઈ પારસીયા (નાના અંગીયા) અમદાવાદ
  ચિ. સુમિત પરષોત્તમભાઈ પોકાર (જીયાપર) અમદાવાદ
- ચિ. દિવ્યા ધીરજભાઈ છાભૈયા (દેવીસર) અમદાવાદ
  ચિ. પ્રદિપ પોપટભાઈ સાંખલા (નખત્રાણા) ભરૂચ
- ચિ. પ્રિયંકા ભાણજીભાઈ ઘોઘારી (ટોડીયા) અમદાવાદ
  ચિ. જીગર વિશ્રામભાઈ સાંખલા (રસલીયા) આણંદ
- ચિ. રાધિકા દીપકભાઈ ભગત (કલ્યાણપર) અમદાવાદ
  ચિ. ઉમંગ અનિલભાઈ રૂડાણી (દેવીસર) અમદાવાદ
- ચિ. હેમાંશી લલિતભાઈ નાકરાણી (મોટી વિરાણી) જબલપુર
  ચિ. પાર્થ જીતેન્દ્રભાઈ દિવાણી (મોટી વિરાણી) અમદાવાદ
- ચિ. રોશની લલીતભાઈ નાકરાણી (મોટી વિરાણી) જબલપુર
  ચિ. મયંક હિતેન્દ્રભાઈ પોકાર (મથલ) શિવપુરા કંપા - ગાંધીનગર
- ચિ. નિહારિકા દેવજીભાઈ સાંખલા (નેત્રા) અમદાવાદ
  ચિ. વલય ખીમજીભાઈ પોકાર (ઘડાણી) દહેગામ - ગાંધીનગર
- ચિ. દિપાલી રમેશભાઈ સાંખલા (નેત્રા) મેઘપર - કચ્છ
  ચિ. મયુર હસમુખભાઈ ઘોઘારી (ઘડાણી) ભરૂચ
- ચિ. રીંકલ વીરજીભાઈ ભાવાણી (ઘડુલી) ઈંદોર
  ચિ. સાગર રામજીભાઈ સાંખલા (દયાપર) રાજકોટ
- ચિ. હિમાંશી કીર્તિભાઈ પોકાર (દયાપર) ઈંદોર
  ચિ. હાર્દિક જગદીશભાઈ નાકરાણી (રવાપર) અમદાવાદ
- ચિ. હિનલ હસમુખભાઈ વાડીયા (ટોડીયા) અમદાવાદ
  ચિ. સાગર હરીભાઈ પોકાર (નાગવીરી) રાણપુર - બોટાદ
- ચિ. માધુરી ગોવિંદભાઈ પોકાર (રસલીયા) ભાવનગર
  ચિ. કમલ અલ્કેશભાઈ મૈયાત (રવાપર) ભરૂચ

***નોંધ* :** શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદ ઝોન પ્રેરિત સમૂહ લગ્ન આયોજન સમિતિ દ્વારા અમદાવાદ ખાતે સપ્તમ સમૂહ લગ્નોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયેલ. તેમાં કુમકુમ પગલાં માંડનાર સમાજનાં પ્રેરણાદાયી યુગલોની યાદી ઉપર આપી છે.

## ટ્વિન્સ - પુત્ર જન્મ

- **શુક્રવાર, તા. ૨૭-૧૦-૨૦૧૭**
  શ્રીમતી રશ્મિબેન જયદીપ દિનેશભાઈ શાહ (મૈશેરી) (મોટી સિંધોડી - અબડાસા – અમદાવાદ)ને ત્યાં ટ્વિન્સ પુત્ર-જન્મ થયેલ છે.

### સાભાર સ્વીકાર

રૂા. ૫૦૧/- ઉપરોક્ત પ્રસંગની ખુશાલીમાં શ્રી દિનેશભાઈ લખમશી શાહ (મૈશેરી) તરફથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદને સપ્રેમ ભેટ મળેલ છે.

*ખૂબ ખૂબ આભાર.*

## શ્રી જયન્તીભાઈ ભાનુશાલીને અભિનંદન



**શ્રી જયન્તીભાઈ ભાનુશાલી**

શ્રી જયન્તીભાઈ ભાનુશાલીની તાજેતરમાં જ ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ પદે વરણી કરવામાં આવેલ છે. આ પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

તેઓશ્રી કચ્છના અબડાસા તાલુકાના હાજાપર ગામના વતની છે અને અમદાવાદને તેઓશ્રીએ કર્મભૂમિ બનાવેલ છે. અમદાવાદમાં નરોડા વિસ્તારમાં તેમનું નિવાસ સ્થાન છે અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓમાં રસ દાખવે છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાં "બચત યોજના" દાખલ કરવાનું સૂચન તેઓશ્રીનું હતું.

તેઓશ્રી હાલે સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (SAIL)ના ડાયરેક્ટર પદે બિરાજમાન છે. ભારતીય જનતા પાર્ટી - ગુજરાતની પ્રદેશ કારોબારીના સભ્ય છે. દેવભૂમિ દ્વારકાના ભાજપ પક્ષે પ્રભારી છે.

કચ્છના અબડાસા વિભાગના ધારાસભ્યપદે ભૂતકાળમાં (૨૦૦૯થી ૨૦૧૨) રહી ચૂકેલ છે. કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખપદે (૨૦૦૯થી ૨૦૧૨) રહી ચૂકેલ છે. આ અગાઉ તેઓ ભારતીય જનતા પાર્ટી તરફથી અન્ય અનેક નાના-મોટા હોદ્દાઓ સંભાળી ચૂકેલ છે.

તેઓશ્રી શ્યામજી કૃષ્ણવર્મા ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેનપદે બિરાજમાન છે. આ સંસ્થાના નેજા હેઠળ તેઓશ્રીએ અબડાસા તાલુકાના કનકપુર ગામે શ્રી અનિરુદ્ધ જયન્તીભાઈ ભાનુશાલી કૉલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સની સ્થાપના કરેલ. જ્યાં આજે પણ ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાં ૧૨૦ વિદ્યાર્થિનીઓ પણ છે.

અબડાસા તાલુકાના દરેક ગામની વિધવા બહેનને દર મહિને રૂા. ૬૦૦/-ની કિંમતની રાશન કીટ "ગરીબ વિધવા સહાય" અંતર્ગત પહોંચાડવામાં આવે છે.

શ્રી શ્યામજી કૃષ્ણવર્મા ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત "ગરીબ મેડિકલ સહાય" યોજના શરૂ કરેલ છે કે જેમાં ગામડાંના દર્દીઓને જરૂરી મેડિકલ સહાય પૂરી પાડવામાં આવે છે.

રૂા. ૩૦,૦૦૦/-ની એક એવી ૩૬૨ ગરબા કિટ્સ ગામડાંના ગરીબ લોકોને નવરાત્રિ મહોત્સવ ઉજવવા માટે તેઓશ્રીએ ભૂતકાળમાં વિતરણ કરેલ હતી.

આ સિવાય પણ તેઓએ અનેક સામાજિક પ્રવૃત્તિઓ શરૂ કરેલ છે જે આજે પણ અવિરતપણે ચાલુ છે.

શ્રી જયન્તીભાઈ ભાનુશાલીને પોતાના જ એક સભ્ય તરીકે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ખૂબ ખૂબ અભિનંદન આપે છે અને તેમની ઉજ્જવળ કારકિર્દીની અપેક્ષા સેવે છે.

***શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## ચિ. દીપક ઠક્કરને અભિનંદન

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પરિવારજનના **દીપક રાયચંદભાઈ ઠક્કરે** સેંટ ઝેવિયર્સ લોયલા હાઈસ્કૂલમાં ધોરણ-૧૨ સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરીને હવે ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવ્યો છે. તેમની સ્કૂલ કારકિર્દી તરફ એક નજર કરીએ...

★ વિવિધ પ્રકારની ઈવેન્ટ્સ, સ્પર્ધાઓમાં અગ્ર ક્રમે રહીને શિલ્ડ અને સર્ટિફિકેટ્સ પ્રાપ્ત કર્યા છે.

★ ધોરણ-૧૨ સાયન્સ પ્રવાહમાં ૯૧ ટકા માર્કસ તથા ૯૮.૭૩ ટકા પર્સન્ટાઈલ મેળવ્યા છે.

★ ગુજ-સેટની પરીક્ષામાં કુલ ૧૨૦માંથી ૧૦૩ માર્કસ મેળવ્યા છે.

★ ગુજ-સેટની પરીક્ષામાં પોતાની સ્કૂલમાં પ્રથમ ક્રમાંકે છે.

★ JEEની પરીક્ષામાં ૧૩૮ માર્કસ મેળવીને એડવાન્સ પરીક્ષા માટે પસંદગી પામ્યા છે.

★ ચાલુ વર્ષ દરમિયાન ધોરણ-૧૨ સાયન્સની ઓલિમ્પિયાડ પરીક્ષામાં પણ પોતાની સ્કૂલમાં પ્રથમ ક્રમાંકે રહીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

★ સ્કૂલના વર્ષ ૨૦૧૬-૧૭ માટે સ્ટુડન્ટ પ્રેસિડેન્ટ તરીકે પોતાની ફરજની સાથે સાથે તેમણે ઉપર પ્રમાણે વિવિધ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરીને પોતાનું તેમજ પરિવારનું નામ રોશન કર્યું છે.

ખૂબ ખૂબ અભિનંદન. કેળવણી તથા ઈતર પ્રવૃત્તિના ક્ષેત્રે હજુ વધુ ઊંચાઈના શિખરો સર કરતા રહો તેવી શુભેચ્છા.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### સામાજિક સુરક્ષા સમિતિ : મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સામાજિક સુરક્ષા સમિતિની એક મીટિંગ ગુરુવાર, તા. ૨-૧૧-૨૦૧૭ના રોજ સમાજની ઓફિસ ખાતે મળેલ હતી કે જ્યારે શ્રી જેન્તીભાઈ લાકડાવાલા (સમિતિના કન્વીનરશ્રી), શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી અતુલ સોની, શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા. શ્રી જેન્તીભાઈ લાકડાવાલાએ આ સમિતિ માટે અત્યાર સુધી જે નીતિ-નિયમો ઘડી રાખેલ છે તેની વિગતો રજૂ કરી હતી. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અમદાવાદ - ગાંધીનગર જિલ્લાના પરિવારોને આ યોજનામાં સાંકળી લેવાની વિગત રજૂ કરેલ હતી. તેમના હિસાબે ૧૮ વર્ષની વયથી ૫૫ વર્ષની વય સુધીના સભ્યોને આ યોજનામાં સામેલ કરી શકાય. સભ્યોનું સૂચન ૧૧ વર્ષથી ૬૦ વર્ષની વય કરવાનું પણ હતું. દરેક સભ્ય પાસેથી જુદા જુદા સ્લેબમાં રૂા. ૧૫૦૦/-થી રૂા. ૩૫૦૦/- સુધી ડિપોઝિટ લેવાની આ યોજના છે. સમાજમાં કોઈનું પણ મૃત્યુ (કોઈ પણ રીતે) થાય તો તેની સામે આપણે નક્કી કરીએ તે મુજબ રૂા. ૨.૦૦ લાખથી રૂા. ૪.૦૦ લાખ સુધીની કોઈ પણ યોજના અંગે વિચારણા કરી શકાય. વાર્ષિક પ્રીમિયમ રૂા. ૨૫૦/-ની આજુબાજુ આવી શકે. ઓછામાં ઓછા ૨૦૦૦ સભ્યો થવાથી આ યોજના ચાલુ કરી શકાય. આ તેઓશ્રીની પ્રાથમિક રજૂઆત હતી. ફાઈનલ ચર્ચા વિચારણા કરવા નવેમ્બર-૨૦૧૭ના બીજા અઠવાડિયામાં મળવાનું નક્કી કરવામાં આવેલ હતું અને ત્યારબાદ ટ્રસ્ટ મંડળમાં આ યોજના પાસ થયે આગળ વધી શકાય તેવી વિચારણા કરવામાં આવેલ હતી.

*કન્વીનર - સામાજિક સુરક્ષા સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

### સપ્ટેમ્બર / ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૭

★ **બુધવાર, તા. ૨૭-૯-૨૦૧૭**

- શ્રી શશીકાંતભાઈ ઠક્કર કચ્છથી અમદાવાદ આવેલ હોતાં, તેમની સાથે રૂબરૂ ચર્ચા કરવામાં આવી. કચ્છના વિવિધ પ્રશ્ને તેમની સાથે ચર્ચા થઇ. જાહેર જનતાના અમુક પ્રશ્ને PIL કરવા તેઓએ જણાવેલ હતું.
- બપોર પછી સમાજની ઓફિસ પર ફોકિઆના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નિમેષ ફડકે અને 'આજતક' ચેનલના ગાંધીધામ ખાતેના ખબરપત્રી શ્રી ગિરીશ જોશી આવેલ હતા. તેઓ સાથે અનેકવિધ પ્રશ્ને ચર્ચા કરવામાં આવી. કચ્છનો સર્વાંગી ઈતિહાસના ગુજરાતી લેખો પરથી તેનું અંગ્રેજીમાં અનુવાદ કરવા તેઓએ 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના ઍડિટર શ્રી તુષાર પ્રભુણેનું નામ સૂચવેલ હતું.

★ **શુક્રવાર, તા. ૨૯-૯-૨૦૧૭**

- આજરોજ વાગડ લોહાણા સમાજ આયોજિત નવરાત્રિ ગરબાનો કાર્યક્રમ મંગલદીપ પાર્ટી પ્લોટ ખાતે ઉજવવામાં આવેલ હતો.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત નવરાત્રિ કાર્યક્રમના એન્ટ્રી પાસના હિસાબો વિવિધ લોકો પાસેથી આવવાના ચાલુ છે.

★ **શનિવાર, તા. ૩૦-૯-૨૦૧૭**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ જે મકાનમાં કાર્યરત છે એ મકાનની ઓફિસ નં.-૩૧૨માં ડૉ. ગૌરાંગ ગાંધીનું જે ડાયાલિસિસ સેન્ટર સેવાભાવનાથી ચાલુ કરવામાં આવેલ છે તેને આજે દશેરાના દિવસે એક વર્ષ પૂરું થવા આવતાં તે પ્રસંગે સૌ એકત્રિત થયા હતા.

★ **મંગળવાર, તા. ૩-૧૦-૨૦૧૭**

- અગાઉ તૈયાર કરવામાં આવેલ ઉઘરાણીનું લિસ્ટ લગભગ ૩૧ માર્ચ, ૨૦૧૭ સુધીનું હોવાથી અને તે આજ દિવસ સુધીનું ન હોવાથી તેને આજ દિવસ સુધીનું ફાઈનલ લિસ્ટ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **રવિવાર, તા. ૮-૧૦-૨૦૧૭**

- આજે સવારના ભાગે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા અમદાવાદ ખાતે યોજાયેલ હતા.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહના ધર્મપત્નીનું અવસાન થતાં સારાયે સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી રહેલ હતી. દિવંગતની સ્મશાન યાત્રામાં અનેક લોકો સામેલ થયેલ હતા.

★ **મંગળવાર, તા. ૧૦-૧૦-૨૦૧૭**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ પર આજરોજ શ્રી હંસરાજભાઈ કંસારા, ટાઈમ્સના ઍડિટર શ્રી તુષાર પ્રભુણે અને આજતક ચેનલના ગાંધીધામ ખાતેના પ્રતિનિધિ શ્રી ગિરીશ જોશી એકત્રિત થયેલ હતા. સાથે આ મીટિંગમાં શ્રી અશોક મહેતા પણ સામેલ હતા. ચર્ચા વિચારણાને અંતે શ્રી તુષાર પ્રભુણેને કચ્છના સર્વાંગી ઇતિહાસનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદ થયેલ એક લેખ સુધારવા માટે અને એક નવો લેખ અનુવાદ કરવા માટે આપવામાં આવેલ હતા.

★ **બુધવાર, તા. ૧૧-૧૦-૨૦૧૭**

- દીપોત્સવી નિમિત્તે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સ્ટાફના સભ્યોને આજે બોનસ વિતરણના ચેકો આપવામાં આવ્યા.

★ **સોમવાર, તા. ૧૬-૧૦-૨૦૧૭**

- નવરાત્રિ કાર્યક્રમ નિમિત્તે સૌજન્યની એમાઉન્ટ આજરોજ શ્રી હરીશભાઈ રંગવાલાએ મોકલી આપી.

★ **ગુરુવાર, તા. ૧૯-૧૦-૨૦૧૭**

- આજે દીપોત્સવી. આજથી લાભપાંચમ સુધી ઑફિસ બંધ.

★ **બુધવાર, તા. ૨૫-૧૦-૨૦૧૭**

- આજે લાભપાંચમ. આજથી સમાજની ઑફિસ ચાલુ.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય હોય તેવા સભ્યોના લિસ્ટ તથા કચ્છશ્રુતિના ૨, ૫ અને ૧૫ વર્ષના લવાજમ તથા રૂા. ૫૦૦/-ની ડિપોઝિટવાળા સભ્યો એમ દરેકની નોંધણી સરનામા - ટેલિફોન ડિરેક્ટરીમાં કરવાનું આજે પૂરું થયું. લગભગ દસેક દિવસ કામ ચાલ્યું. રૂા. ૩૦૦/-ની ડિપોઝિટવાળા સભ્યોની નોંધણી બાકી રહી. તેનાથી ખ્યાલ આવશે કે — (૧) ડિરેક્ટરીમાં નામ - સરનામાવાળા એવા કેટલા સભ્યો છે કે જેઓ સમાજના અથવા કચ્છશ્રુતિના સભ્યો નથી અને (૨) કચ્છશ્રુતિ કે સમાજના સભ્ય હોય પરંતુ જેઓએ ડિરેક્ટરીના ફોર્મ ના ભરેલ હોય તેવા સભ્યોનું લિસ્ટ પણ બની શકશે.
- સમાજની બાકી રહેલી ઉઘરાણીનું લિસ્ટ ટાઈપમાં આપ્યું.

★ **ગુરુવાર, તા. ૨૬-૧૦-૨૦૧૭**

- ચેરિટી કમિશનરની ઑફિસમાંથી એક સુપરવાઇઝર ગોડ ફાઉન્ડેશનના સરનામાની ચકાસણી માટે આજે સમાજની ઑફિસ પર આવેલ હતા અને શ્રી અશોક મહેતાનું નિવેદન લઈ ગયેલ હતા. એવું લાગે છે કે આવતા પંદરેક દિવસમાં ગોડ ફાઉન્ડેશનની ચેરિટી ટ્રસ્ટના નેજા હેઠળની નોંધણીનું કાર્ય પૂર્ણ થશે. ત્યારબાદ ઓર્ગન ડોનેશન અંગેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવશે.

★ **સોમવાર, તા. ૩૦-૧૦-૨૦૧૭**

- આજે નૂતન વર્ષ નિમિત્તે સ્પાનમાં જેઓની ઓફિસ હોય અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદની કાર્યવાહીમાં રસ દાખવતા હોય તેવા સભ્યોનું સમાજની ઓફિસમાં એક મિલન સમારંભ ગોઠવવામાં આવેલ હતું કે જેમાં સમાજ તરફથી શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની, શ્રી દિનેશ મહેતા તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર ઉપસ્થિત રહી શકેલ હતા.

★ **મંગળવાર, તા. ૩૧-૧૦-૨૦૧૭**

- સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ભવનમાં આજે સરદાર જયંતી નિમિત્તે એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદને આમંત્રણ હોતાં સમાજ તરફથી શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ તથા થ્રી ડી શો જોવાલાયક છે. કોઈએ પણ એક વખત આ કાર્યક્રમ જરૂરથી નિહાળવો જોઈએ.

★ **બુધવાર, તા. ૧-૧૧-૨૦૧૭**

- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તરફથી આજે સમૂહ લગ્નનો કાર્યક્રમ ઉમિયાધામ મધ્યે યોજવામાં આવેલ હતો કે જેમાં ૨૧ યુગલોના સમૂહ લગ્ન કરવામાં આવેલ હતા.

★ **ગુરુવાર, તા. ૨-૧૧-૨૦૧૭**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સામાજિક સુરક્ષા સમિતિની એક મીટિંગ આજરોજ સમાજની ઓફિસ ખાતે મળેલ હતી. જેમાં શ્રી જેન્તીભાઈ લાકડાવાલા, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી અતુલ સોની, શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા. આ યોજના વિશે વિગતવાર ચર્ચા કરી તે અંગે સહમતિ સાધવામાં આવેલ હતી. આ યોજના વિસ્તારપૂર્વક લખાણમાં લઈ, તેના નીતિ નિયમો બનાવી આ સમિતિના કન્વીનર શ્રી જેન્તીભાઈ લાકડાવાલા તા. ૧૨-૧૧-૨૦૧૭ સુધીમાં રજૂ કરી દેશે. ત્યારબાદ તે યોજનાની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં મંજૂરી મેળવી તેનો અમલ કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.
- લાઈબ્રેરીમાં છેલ્લે આવેલ લગભગ ૩૦૦ જેટલી બુક્સનું વર્ગીકરણ, નોંધણી વગેરે ઘણા સમયથી બાકી હતી તે કાર્ય આજથી શરૂ કરવામાં આવેલ.

★ **શુક્રવાર, તા. ૩-૧૧-૨૦૧૭**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણી માટે લગભગ ૮૦ સભ્યોને પત્રો લખવાના છે. તેમાંથી ૩૦ જેટલા પત્રોની વિગત તૈયાર કરી એ પત્રો ટાઇપિંગમાં મૂકવામાં આવ્યા.

Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
**Dining Table**
**Sofa Set**
**Bedroom Set**

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

**INDOTEX**
**PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

**જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)**
ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

**H. Patel & Associates**
Chartered Accountant
*Contact:*
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982

**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**

**વિલમોર પ્લાય પ્રા.લિ.**
ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com
All Products ISI


સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.
THE AARYAN (Construction Company) | FORESTRY PRODUCTS (Export and Import) | ALL NATURAL (Agro and Mineral Products)
Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

**Available on HIRE**
- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

MAHESHBHAI M. : 92272 11715
**SWASTIK**
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
*Guar Gum Refined Splits,*
*Powder & All Types of Textile Thickners,*
*Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs*
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ ● ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES ● SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES ● BALL BEARING CAGES
POLYAMIDE CAGES ● STAMPED AUTO COMPONENTS
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
श्री विष्णुधारा @ Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસ:
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસ: બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓ:
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો
ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઇમેલ : gurjarprakashan@gmail.com

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब 'मस्त है!
MICHI'S Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

The Name Says its all
II Radha Vallabh Group
Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/-